بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃاللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૫**

ઝી કૂઅદા-ઝીલ હજ્જ
હિજરી સન : ૧૪૩૬

વર્ષ : ૧૨, અંક : ૦૯, સળંગ અંક : ૧૪૧

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| 01 | યોગ્ય પરીક્ષણ (તપાસ) વિના ઈલાજ ફાયદામંદ નથી | 02 |
| 02 | ખુદા વ રસૂલની બશારતો અને આપણે | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 14 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 17 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 19 |
| 08 | કાનૂને શરીઅત | 21 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 26 |
| 10 | હદીષોના દુશ્મન ! | 27 |
| 11 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 30 |
| 12 | કંજૂસાઈ અને તેનો અંજામ | 36 |
| 13 | વેપારીઓ ધ્યાન કરે ! નબવી ટ્રેડિંગ મોડેલ | 40 |
| 14 | પશ્ચિમ બંગાળના એક પંડિતનો ઈસ્લામ સ્વીકાર ! | 44 |
| 15 | સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ | 46 |


## તેરા દર પસંદ તેરી ગલી અઝીઝ

અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃاللہ علیہ

જિત્ના મેરે ખુદા કો હૈ મેરા નબી અઝીઝ
કૌનૈનમેં કિસીકો ન હોગા કોઈ અઝીઝ
ખાકે મદીના પર મુઝે અલ્લાહ મૌત દે
વો મુર્દા દિલ હૈ જિસ્કો ન હો ઝિંદગી અઝીઝ
ક્યું જાએ હમ કહીં કે ગની તુમને કર દિયા
અબ તો યહ ઘર પસંદ, યહ દર યહ ગલી અઝીઝ
જો કુછ તેરી રઝા હૈ ખુદાકી વહી ખૂશી
જો કુછ તેરી ખૂશી હૈ ખુદાકો વહી અઝીઝ
ગો હમ નમક હરામ નિકમ્મે ગુલામ હૈં !
કુર્બાન ! ફિર ભી રખતી હૈ રહમત તેરી અઝીઝ
શાને કરમકો અચ્છે બુરે સે ગરઝ નહીં
ઉસકો સભી પસંદ હૈ ઉસ્કો સભી અઝીઝ
મંગતાકા હાથ ઉઠા તો મદીના હી કી તરફ
તેરા હી દર પસંદ તેરી હી ગલી અઝીઝ
તયબહકો હોતે ખુલ્દે બરીં ક્યા કરૂં **"હસન"**
મુઝકો યહી પસંદ હૈ મુઝકો યહી અઝીઝ

# યોગ્ય પરીક્ષણ (તપાસ) વિના ઈલાજ ફાયદામંદ નથી

અઝ : હઝરત મૌલાના
મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

ચોતરફ શોર છે કે માહોલ બગડી રહ્યો છે, નવયુવાન બગડી રહ્યા છે, આવારગી તથા ઐયારી (પ્રપંચ, ધોકાબાઝી) વધી રહી છે, બલ્કે જેમ જેમ સમય આગળ વધી રહ્યો છે તેમ એવું લાગી રહ્યું છે કે બુરાઈઓ ખૂબ જ ઝડપભેર આપણી અંદર પ્રવેશતી જઈ રહી છે. દર્દમંદ હઝરાત પરેશાન છે કે સમાજની સુધારણા માટે કાંઈ ન કાંઈ કરવું જોઈએ. ક્યાંક ઈસ્લાહે મુઆશિરા (સમાજ સુધારણા) કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે તો ક્યાંક ઉમ્મતની ઈસ્લાહના નામ પર જલસા ગોઠવાય રહ્યા છે. દર જુમ્આએ ઈમામ સાહબો તક઼રીરો કરી રહ્યા છે, કિતાબો લખવામાં આવી રહી છે, બયઅતો ઈર્શાદ (પીરી મુરીદી)નો માહોલ ગરમ છે. સારાંશ કે દરેક શક્ય તે કોશિશ કરવામાં આવી રહી છે. વિના શંકાએ એ તમામ હઝરાત મુબારકબાદને પાત્ર છે કે સૌ પોતપોતાની રીતે ઉમ્મતે મુહમ્મદિયહ્‌ની ઈસ્લાહ માટે કાંઈ ન કાંઈ રોલ અદા કરી રહ્યા છે. પણ અફસોસ ! માહોલ તો જેમનો તેમ જ છે ! સંજોગો અધિક બગડી રહ્યા છે, નવયુવાનો પહેલાં કરતાં કાંઈક અધિક બુરાઈઓથી ચુંગાલમાં ફસાતા જઈ રહ્યા છે અથવા એવું કહો કે ફસાવવામાં આવી રહ્યા છે. છેવટે આવું શા માટે છે ? અને એનો ઈલાજ શું છે ? અને આટલી બધી કોશિશો કરવા છતાં કામયાબી કેમ નથી મળી રહી ?

કારણ એ છે કે જેવી રીતે તાવ આવતાં તેનો ઈલાજ જો આપણે કામચલાઉ કોઈ ટેબ્લેટના થકી કરીએ અને કારણ જાણવવાની કોશિશ ન કરીએ કે તાવ આવવાનું કારણ શું છે ? તો ઘણા મહત્વનાં અંગો એ ટેબ્લટોથી આડ અસર પામી શકે છે અને બીમારી ખતમ થવાને બદલે અધિક વધી શકે છે. બુદ્ધિશાળી તે છે જે પ્રથમ ચેકઅપ કરાવે, તેના થકી તાવનું કારણ જાણવાની કોશિશ કરે અને પછી એના પ્રમાણે ડોકટર થકી ઈલાજ કરાવે.

આપણી સુધારણાની કોશિશ પર બરાબર આ જ દૃષ્ટાંત ફિટ બેસે છે. મામલો એ છે કે આપણે સમાજના બગાડનો સબબ જાણવાને બદલે ઈલાજ પર અધિક જોર આપી રહ્યા છીએ. બીમારીની યોગ્ય તપાસ વિના દવાઓની તજવીઝ પર આપણુ ધ્યાન કેન્દ્રિત કરી બેઠા છીએ. જાહેર છે કે એનાથી બીમારીનો ખાત્મો કદી થઈ શકશે નહીં, બલ્કે બીમારની હાલત ઔર બગડી જશે. બસ ! આ જ કારણે ઈસ્લાહી ચળવળો તથા દા'વત તથા તબ્લીગની કોશિશોનું પરિણામ લગભગ તદ્દન ઝીરો જણાય છે.

આવો ! આક઼ાએ કરીમ ﷺના ઈર્શાદની રોશનીમાં એ જાણવાની કોશિશ કરીએ કે છેવટે માનવ શરીરના બગાડનું કારણ શું છે, આવારગી તથા બેહયાઈની વૃદ્ધિનો સબબ શું છે ? સરકાર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "યક઼ીનન ! શરીરમાં એક ગોશ્તનો ટુકડો છે, જો તે સહીહ સલામત છે તો પૂરું શરીર સહી સલામત રહેશે. અને જો તે બેકાર છે તો આખુ પૂરુ શરીર બેકાર રહેશે. જાણો છો એ ગોશ્તનો ટુકડો શું છે ? ખબરદાર થઈ જાવ ! એ દિલ છે, ખબરદાર થઈ જાવ ! એ દિલ છે, ખબરદાર થઈ જાવ ! એ દિલ છે."

જાણવા મળ્યું કે આજે મુસ્લિમ ઉમ્મતનું દિલ બગડી ચૂક્યું છે જેના કારણે પૂરુ અસ્તિત્વ બગડેલુ છે. જો દિલનો ઈલાજ ન થયો અને કેવળ આંખ, કાન તથા જીભની હિફાઝતની વાત કરવામાં આવી તો આંશિક રીતે તથા ટેમ્પરરી સમય માટે એ ઈલાજ ફાયદાકારક થઈ શકે છે પણ સંપૂર્ણપણે તથા કાયમી ધોરણે એ ઈલાજ લાભકારક નથી થઈ શક્તો. હવે દિલનો ઈલાજ અને એની બીમારી શું છે એને જાણવું જરૂરી છે, કેમ કે એને જાણ્યા વિના એની સહીહ તપાસ નથી થઈ શકતી, અને જ્યાં સુધી યોગ્ય દિશામાં તપાસ ન થશે તો ઈલાજ પણ લાભદાયી થઈ શકશે નહીં.

ઈન્શાઅલ્લાહ ! આવતા અંકમાં એના પર કાંઈક અંશે વિગતે ચર્ચા કરવાની કોશિશ કરીશું. રબ તઆલા તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, સપ્ટે. ૨૦૧૫)*

# ખુદા વ રસૂલની બશારતો ........અને આપણે

(તંત્રી લેખ)

**ધમાકા ! મફત ! મફત !!** આવા શબ્દો સાથે થતી જાહેરાતો પ્રતિ લોકો તરત જ લલચાયને એના તરફ આકર્ષાય છે, એ ચીજોને ખરીદવા પણ મંડી પડે છે જ્યારે કે એમાં કાંઈ ખાસ લાભ હોતો નથી. જાહેરી રીતે જોતાં નહીં જેવો લાભ થતો જણાય છે પણ હકીકતમાં ગ્રાહકોને આકર્ષવાની એક ટ્રિક જ હોય છે, અને કેટલીકવાર એમાં છેતરાવાનુ પણ થાય છે. વરસોનો આપણો અનુભવ છે કે શહેર શહેર એકના ડબલ કરી આપનાર મંડળીઓની ઓફીસો ખુલે છે અને સેંકડો લોકો એમાં છેતરાતા રહે છે. લોભ લાલચમાં પોતે તો ડૂબે છે પણ કાંઈ કેટલાયને લઈને ડૂબે છે ! અને આ બનાવો વારંવાર બને છે છતાં દુનિયાના માલની લાલચમાં લોકો ઝાંઝવાના જળની પાછળ દોડીને બર્બાદ થતા જ રહે છે ! આગલા બનાવોથી પણ સબક઼ નથી લેતા. કોઈ સોનીની કે ચશ્માવાળા કે કાપડવાળાની દુકાને આઈસ્ક્રીમ, ઠંડુ ડ્રિન્ક કે ચા પીવડાવી આપે તો તેની ઘરાકી વધી જાય છે ! પછી ભલે એ એકની દસ આઈસ્ક્રીમ, ચા કે ઠંડાના વધુ પૈસા બિલમાં પડાવી લે. અધિક્તર લોકોની એ પ્રકૃતિ હોય છે કે કોઈ લાભની વાત કરવામાં આવે તો લલચાવા માંડે છે અને એમાં ધૂતારાઓ લાભ ખાટી જતા હોય છે. કહેવત છે કે "લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે !" સારાંશ કે લોભ લાલચમાં ખેંચાયને માણસ પોતાનું જે સાચવેલુ હોય તે પણ ગુમાવી બેસે છે, એવા બનાવોનો આ જગતમાં કોઈ ટોટો નથી.

### ★ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની વાત કદી ગલત નથી હોતી ! ★

આવો ! મુસલમાનો ! ઉપર વાત થઈ એ તો દુનિયા માટે લલચાવનારા માનવો, પ્રપંચી માનવોની વાત હતી કે જેમનો ભરોસો કરવાથી દુઃખના દિવસો હાથ આવી શકે છે, પણ એ વાતનું યક઼ીન રાખશો કે આપણો ખાલિક઼ માલિક રબ તથા તેના પ્યારા રસૂલ ﷺની વાત કદી ગલત નથી હોય શકતી. રબ તઆલાનું કલામ કુર્આન મજીદ જેમાં આપણા માટે દુનિયા તથા આખેરતના જીવનની ભલાઈના હુકમો, દુનિયા તથા આખેરતના લાભાલાભનું સ્પષ્ટ વર્ણન છે. આપણુ 'જીવન બંધારણ" (Constitution of Life) એમાં જ વર્ણન થયેલ છે. એમાં જૂઠ કે વાયદાખિલાફી (વચનભંગ)ને કોઈ સ્થાન નથી. ખુદ રબ્બે કરીમ ફર્માવે છે કે : "અને અલ્લાહથી વધારે કોની વાત સાચી ?!" *(સૂરએ નિસાઅ, આ. ૮૭)* "અલ્લાહ કદી વાદાખિલાફી નથી કરતો." *(સૂરએ નિસાઅ, આ. ૧૨૨)* અને રસૂલુલ્લાહ ﷺની વાતની સત્યતા બાબતે હઝરત અલી મુર્તઝા كَرَّمَ اللّٰهُ وَجْهَهُ الْكَرِيْم એ ફર્માવ્યું કે, "મારા માટે એ આસાન છે કે આસ્માનથી જમીન પર પટકાઈ પડુ પણ રસૂલે ખુદા ﷺની વાતને ગલત નથી કહી શકતો." અને રસૂલે ખુદા ﷺની વાત ક્યાંથી ગલત હોય શકે જ્યારે કે રબ તઆલા ફર્માવે છે કે રસૂલ જે ફર્માવે છે તે રબની વહી હોય છે, તે પોતાના મોઢાની વાત નથી કહેતા પણ રબ તરફથી વહી હોય છે.

તો હે મુસલમાનો ! જ્યારે તમને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની વાત પર પૂરેપૂરું યક઼ીન છે કે તે ગલત હોય શકે જ નહીં, અને દુનિયાના માનવોની વાતો ગલત તથા ધોકો અધિક્તર પુરવાર થાય છે, તો પછી શા માટે તમો ખુદા વ રસૂલની બશારતો પ્રતિ એટલા આકર્ષાતા નથી જેટલા દુનિયાવાળા પ્રતિ આકર્ષાવ છો ?! જ્યારે આપણુ ઈમાન છે કે દુનિયાની જિંદગી ફના થનારી છે, દુનિયા તો "દારુલ અમલ" છે અમલનું ઘર છે, ઈમ્તેહાન (પરીક્ષા)નું સ્થળ છે, અને આખેરત હમેશાંની જિંદગી છે, બદલાની જગા છે. સારા અમલો હશે તો જન્નત મળશે, નહીં તો જહન્નમ આપણી પ્રતિક્ષામાં છે. આટલી ગંભીર હક઼ીક઼ત હોવા છતાં આપણે કેમ આ બાબતે ગંભીર નથી બનતા ?!

આવો ! આજે ઈસ્લામના મહત્વના રુકન નમાઝ તથા તેનાથી સંલગ્ન બાબતોમાં આપણા માટે શું અધધ લાભો છુપાયેલા છે તેનો અભ્યાસ કરીએ અને મને ઉમ્મીદ છે કે આ વાતો વાંચ્યા પછી સાચે જ તે જ નમાઝને ત્યજશે જેને બુદ્ધિ સાથે અણબનાવ હશે ! અથવા શૈતાન સાથે દોસ્તી હશે.

### ★ ફક્ત અઝાનનો જવાબ આપવામાં જ લાખો કરોડો નેકીઓ ! ★

નમાઝની દા'વત માટે જે અઝાન આપવામાં આવે છે, તો તેનો ફક્ત જીભ વડે જવાબ આપવામાં કેટલી નેકીઓ મળે છે, કેટલા ગુનાહ માફ થાય છે અને કેટલા દરજા બુલંદ થાય છે તેને જુઓ :–

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હે ઔરતોની જમાઅત ! જ્યારે તમે આ હબ્શી (મોઅઝ઼્ઝિન)થી સાંભળો કે અઝાન આપે છે અને ઈકામત કહે છે તો કહો જેવું તે કહે છે, બેશક ! અલ્લાહ તઆલા તમારા માટે લખશે દરેક કલમા (વાક્ય) પર **એક લાખ નેકીઓ,** અને તમારા **એક હજાર દરજા બુલંદ** કરવામાં આવશે અને તમારા **એક હજાર ગુનાહ માફ** કરી દેવામાં આવશે. તેણીઓએ અર્ઝ કરી, આ ઔરતો માટે છે તો પુરૂષો માટે શું ? ફર્માવ્યું, પુરૂષો માટે એનાથી ડબલ !" *(ઈબ્ને અસાકિર મયસરાથી, તિબ્રાની કબીરમાં ઉમ્મુલ મો'મિનીન મયમૂનાથી, ખતીબ હઝરત ઈબ્ને ઉમરથી રાવી)*

આખા દિવસની અઝાન તથા ઈકામતના સવાબનો સરવાળો કરવામાં આવે તો પુરૂષો માટે **બે કરોડ સાઈઠ લાખ નેકીઓ** થાય છે, **બે લાખ સાઈઠ હજાર દરજા** બુલંદ થાય છે અને **બે લાખ સાઈઠ હજાર ગુનાહો માફ** થાય છે. વળી અઝાન બાદની દુઆ પઢો તો વધુ **એક લાખ નેકીઓ** મળે છે.

સુબ્હ઼ાનલ્લાહ ! મુસલમાનો ! વિચારો ! જ્યારે આપણે આખેરતને જ, મૃત્યુ પછીના જીવનને જ સર્વસ્વ ગણતા હોઈએ, ક઼બ્રના, ક઼યામતના, જહન્નમના અઝાબને હક્ક઼ સમજતા હોઈએ તો પછી આટલા અધધ સવાબને કેમ ગણકારતા નથી ?! **આપણામાં કેટલા ટકા લોકો છે જેઓ અઝાન વખતે ચૂપ રહી તેનો જવાબ આપે છે ?!** આજે મોટાભાગના મુસલમાન લગભગ અઝાન થતી રહે છે પણ ટી.વી. જોનારો ટી.વી. પાછળ, મોબાઈલવાળો મોબાઈલ પાછળ, અન્ય કામવાળો તથા ગપાટા મારવાવાળા પોતાના કામમાં ખોવાયેલા રહે છે અને અઝાનનો જવાબ આપી આ નેકીઓ કમાવાની તેમને જરાય દરકાર નથી હોતી. જ્યારે કે અઝાન વેળા વાતચીતમાં રહે તેના બુરા ખાત્માનો ડર છે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે તું અઝાન સાંભળે તો જોઈએ કે શોખભેર અને દિલો જાનથી તેને સાંભળે, જે કામમાં પણ હોય તેને છોડી આપે, દુનિયવી કામોથી મોં ફેરવી લે કે આગલા લોકોનો આ જ તરીક઼ો હતો. (ચાહે કુર્આનની તિલાવત કરતો હોય, કેમ કે અઝાનનો જવાબ આપવો વાજિબ છે) જો લુહારે હથોડો ઉઠાવેલ હોય તો તે અઝાન સાંભળતાં જ રોકાય જતો, પછી તેને લાવીને

લોખંડ પર ન મારતો. મોચી જો ચામડુ સીવી રહ્યો હોય તો સોયને બહાર કાઢવી તો જુદી વાત તે જગાએથી તેને હલાવતો પણ નહીં, તેઓ આ (અઝાનના) પોકારથી કયામતના દિવસે થનારા પોકારને યાદ કરતા હતા, એવું સમજીને પોતાનું દિલ ખુશ કરતા હતા કે જે કોઈ અત્યારે આ હુકમનું (અઝાનના જવાબનું) પાલન કરશે તો કયામતના પોકારનારથી (જન્નતની) બશારત પામશે. *(કીમીયાએ સઆદત)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! નમાઝની બરકતો તથા નેકીઓ શું હશે, જ્યારે કે તેનાથી સંબંધિત અઝાનની આ ફઝીલત છે ?! ચાલો અઝાન થઈ તો હવે માણસ વુઝૂ કરશે તો વુઝૂની ફઝીલત પણ જોઈ લો.

## ★ વુઝૂ કરો અને માથાથી પણ સુધી ગુનાહોથી પાક થઈ જાવ ! ★

ઈમામ માલિક તથા નિસાઈ, હઝરત અબ્દુલ્લાહ સનાબહી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે, મુસલમાન બંદો જ્યારે વુઝૂ કરે છે તો કુલ્લી (કોગળો) કરવાથી મુખના ગુનાહ ખરી જાય છે. અને જ્યારે નાકમાં પાણી નાખી તેને સાફ કર્યું તો નાકના ગુનાહ નીકળી ગયા. જ્યારે મોઢું ધોયું તો તેના ચહેરાના ગુનાહ નીકળી ગયા, ત્યાં સુધી કે પાંપણોના ગુનાહ નીકળી ગયા. અને જ્યારે હાથ ધોયા તો હાથોના ગુનાહ નીકળી ગયા, ત્યાં સુધી કે હાથોના નખોમાંથી પણ ગુનાહ નીકળી ગયા. જ્યારે મસહ કર્યો તો માથાના ગુનાહ નીકળી ગયા, ત્યાં સુધી કે કાનોના ગુનાહ પણ નીકળી ગયા. જ્યારે પગ ધોયા તો પગની ખતાઓ પણ નીકળી ગઈ ત્યાં સુધી કે પગના નખોમાંથી પણ ખતાઓ નીકળી ગઈ. હવે તેનું મસ્જિદમાં જવું તદ્‌ઉપરાંત નમાઝ વગેરેનો સવાબ અલગ. *(બહારે શરીઅત, ભાગ : ૨)*

હે દીની ભાઈઓ ! બહેનો ! છેતરપિંડી કરનારાઓની ''ધમાકા ! મફત ! મફત !'', ''એકના ડબલ !''ની જાહેરાતો વાંચીને તો ઘણા લોકો લોભાય જાય છે, પણ અલ્લાહના સાચા નબી ﷺની આ હદીષ પણ સાંભળો ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જે વુઝૂ કરે અને કામિલ વુઝૂ કરે પછી કલ્મએ શહાદત (બીજા કલ્મો) પઢે તેના માટે **જન્નતના આઠેવ દરવાજા ખોલી દેવામાં આવે છે,** જે દરવાજાથી દાખલ થવું હોય દાખલ થઈ જાય. *(મુસ્લિમ શરીફ)*

આ તો વુઝૂની ફઝીલતની એક ઝલક જોઈ, હવે ચાલો મસ્જિદની તરફ જતા કદમ કદમ પર શું નેકીઓ મળે છે તે પણ જોઈ લો.

## ★ નમાઝ માટે મસ્જિદ તરફ ઉઠતા કદમોની ફઝીલત ★

ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે તમારામાંથી કોઈ વ્યવસ્થિત વુઝૂ કરે પછી મસ્જિદ તરફ જાય. એને તૈયાર કરનાર નમાઝ હોય, એના ડાબા પગ પર **ગુનાહ માફ** થતા રહેશે અને જમણા પગ પર એના માટે **નેકી લખાયા કરશે,** ત્યાં સુધી કે તે મસ્જિદમાં પ્રવેશે.'' *(તબ્રાનીએ કબીર, હાકિમ, બયહકી)*

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે મુસલમાન પૂરેપૂરું વુઝૂ કરે પછી જમાઅતની નમાઝ તરફ જાય તો અલ્લાહ એના માટે એ દિવસે માફ કરી આપશે જેના તરફ (જે ગુનાહ તરફ) એના કદમો ચાલ્યા, જેને એના હાથોએ પકડયું, જે એના કાનોએ સાંભળ્યું, જે તરફ એની આંખોએ જોયું, જે જીભ બોલી, જે બુરાઈનો ઈરાદો એના નફસમાં આવ્યો. *(ઈબ્ને ઝનજવિય્યહ, બયહકી, શુઅબુલ ઈમાન)*

એક હદીષમાં છે કે, "જ્યારે માણસ વુઝૂ કરે પછી મસ્જિદ તરફ જાય અને નમાઝનો ખયાલ કરે, એનો લખવાવાળો અથવા બે લખવાવાળાઓ એના માટે **દરેક ડગલાના બદલામાં** જે મસ્જિદ તરફ ઉઠશે **દસ નેકીઓ** લખશે, અને નમાઝના ખયાલમાં બેસનાર નમાઝી જેવો છે, એના ઘરેથી નીકળવાથી લઈને પરત આવતા સુધી નમાઝી લખવામાં આવે છે. *(મુસ્તદરકે હાકિમ)*

હઝરત બુરીદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અંધારામાં મસ્જિદ તરફ આવનારાઓને **ક઼યામતના દિવસે કામિલ નૂરની** ખુશખબરી આપી દો." *(અબૂ દાઊદ, તિર્મિઝી, અત્તર્ગીબ વત્તર્હીબ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અંધારામાં મસ્જિદ તરફ આવનારાઓના માટે રબ તઆલા **ક઼યામતના દિવસે ચમકતા નૂર** વડે રોશની ફેલાવી દેશે." *(તિબ્રાની)*

બીજી હદીષમાં છે કે, "અંધારામાં મસ્જિદ તરફ આવનારાઓ અલ્લાહ તઆલાને **ક઼યામતના દિવસે નૂરની સાથે** મળશે." *(તિબ્રાની)*

ખુશનસીબ છે તે લોકો જેઓ મસ્જિદ તરફ આવજા કરતા રહે છે. આપણા બુઝુર્ગોનો એ જ તરીક઼ો હતો ત્યારે જ તો તેઓ બંનેવ દુનિયામાં કામયાબ થયા. આજે કામ ધંધો કરનાર કે દુકાનદાર ઘરાકીના કારણે નમાઝને એક પછી એક બેધડક વિના સંકોચે કશી ચિંતા વિના રોજ છોડતો રહે છે, તેને એ વાતનો અફસોસ પણ નથી થતો ! જ્યારે આપણા પૂર્વજો કેવા હતા તે જોઈ લો !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એકવાર બજારમાં પ્રવેશતા હતા એવામાં જમાઅતનો સમય થઈ ગયો. તેમણે જોયું કે તરત જ સૌ દુકાનદારો પોત પોતાની દુકાનો બંધ કરીને મસ્જિદમાં પ્રવેશી ગયા. આપે ફર્માવ્યું, આવા લોકોની શાનમાં જ આ આયત નાઝિલ થઈ છે : "તે મર્દ જેમને ગાફિલ નથી કરતો કોઈ સોદો અને ન ખરીદ વેચાણ અલ્લાહની યાદથી." *(સૂ. નૂર–૩૭)* આવો જ એક વાક્યો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનો પણ છે. હવે વિચારો કે **આપણામાં કેટલા છે જે નમાઝના માટે ધંધાને થોડો સમય પણ બંધ રાખે છે ?!** અલ્લાહ જે રોજી આપનાર છે તેની જ ઈબાદતને રોજી કમાવાની લાલચમાં ત્યજી દેવી એ ક્યાંની અકલમંદી છે ?!

## ★ બે રકાત નમાઝ પઢો ને જન્નત વાજિબ થઈ જાય ! ★

હે આખેરત પર ઈમાનના દાવેદાર મુસલમાનો ! દુનિયાના ધોકેબાઝોના લોભામણા એલાનોથી આર્કષાય જાવ છો ! દુનિયાની મામૂલી દૌલતની લાલચમાં તેની પાછળ મંડી જાવ છો, તો અલ્લાહના સાચા રસૂલ صلی اللہ علیہ وسلم શું એલાન ફર્માવી રહ્યા છે તેને પણ સાંભળો !

સહીહ મુસ્લિમમાં ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે : "જે મુસલમાન વુઝૂ કરે અને સારું વુઝૂ કરે પછી ઉભો થાય અને બાતિન (આંત્રિક રીતે) તથા જાહેરથી ધ્યાનિત થઈને બે રકાત નમાઝ પઢે તેના માટે **જન્નત વાજિબ થઈ જાય છે.** *(બહારે શરીઅત, ભાગ : ૨)*

હઝરત સલ્માન رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બેશક ! મુસલમાન નમાઝ પઢે છે અને એના ગુનાહો એના માથા પર રાખેલા હોય છે. પછી જ્યારે જ્યારે એ સિજદો કરે છે ત્યારે

પડતા જાય છે. પછી નમાઝથી ફારિગ થાય છે અને એના ગુનાહો પડી ગયા હોય છે. એટલે **ગુનાહોથી પાક** થઈ જાય છે. *(તિબ્રાનીએ કબીર, સગીર, બયહકી, શોઅબુલ ઈમાન)*

અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ઠંડીની ઋતુમાં નીકળ્યા અને એ સમયે પાંદડાં ખરી રહ્યાં હતાં. આપે એક ઝાડની બે ડાળીઓ પકડી. (તો પાંદડાં ખરવા માંડયાં) આપે ફર્માવ્યું, હે અબૂઝર ! બેશક ! મુસલમાન બંદો અલ્લાહને રાજી કરવાના ઈરાદે નમાઝ પઢે છે તો એનાથી એના **ગુનાહ** આ જ પ્રમાણે **ખરી જાય** છે જે રીતે આ પાંદડાં આ ઝાડેથી ખરી પડયાં. *(ઈમામ અહમદ)*

હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે, કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે મુસલમાન નમાઝ પઢે, અને નમાઝ પછી બેસેલો રહે તો જ્યાં સુધી એ પોતાની નમાઝની જગામાં છે, **ફરિશ્તાઓ એના માટે મગફિરતની દુઆ કરતા રહે છે,** હે અલ્લાહ ! એને બખ્શી આપ ! હે અલ્લાહ એના પર કૃપા કર ! *(બયહકી, શોઅબુલ ઈમાન)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ફજરની બે રકાત મારા નજીક દુનિયા અને એમાં જે કાંઈ છે એનાથી વધીને ઉત્તમ છે." *(મુસ્લિમ, નિસાઈ, તિર્મિઝી, ઈબ્ને શયબા)*

ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી રિવાયત છે. એમણે કહ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, જે રાત અને દિવસમાં ૧૨ રકાત પઢશે અલ્લાહ એના માટે **જન્નતમાં ઘર** બનાવશે. ચાર ઝોહર પહેલાં, બે એના પછી, બે રકાત મગરિબ પછી, બે રકાત ઈશા પછી અને બે ફજર પહેલાં. *(તિર્મિઝી, નિસાઈ)*

આ તો નફ્લ તથા સુન્નતોની ફઝીલત છે ! ફર્ઝોની ફઝીલતનો આલમ શું હશે ? સાંભળો ! હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "મેં તારી ઉમ્મત પર પાંચ નમાઝો ફર્ઝ કરી અને મેં પોતે એ વાયદો કર્યો કે જે એની પાબંદી કરશે સમયસર એને **જન્નતમાં દાખલ કરીશ,** અને જે એની પાબંદી નહીં કરે એના માટે મારો કોઈ વાયદો નથી. *(ઈબ્ને માજહ)*

## ★ બેનમાઝીને દોઝખમાં નાખી દેવામાં આવશે ! ★

ગનમદારીથી રિવાયત છે. આપે ફર્માવ્યું, "કયામતના દિવસે બંદાને જે પ્રથમ સવાલ કરવામાં આવશે એ એની ફર્ઝ નમાઝ છે. જો એ પૂરી હશે તો ઠીક, નહીં તો કહેવામાં આવશે કે જુઓ એની પાસે નફ્લ છે ?! એના નફ્લથી એના ફર્ઝને પૂરો કરો. જો ફર્ઝ પૂરા ન હોય અને એની પાસે નફ્લ પણ ન હોય તો એને એના બંનેવ બાજુથી પકડવામાં આવશે પછી એને દોઝખમાં નાખી દેવામાં આવશે." *(કન્ઝુલ ઉમ્માલ)*

આ સિવાય નમાઝ સાથે સંબંધિત ચીજો વુઝૂ ઉપરાંત એમાં મિસ્વાકની ફઝીલત અલગ છે, અમામાની, કિરાઅતમાં અલ્હમ્દ શરીફ, તિલાવતે કુર્આન, અન્ય તસ્બીહો, દરેકે દરેક નમાઝના રુકન, સર્વ સુન્નતો સૌની અલગ અલગ ફઝીલત છે જેનો આ ટૂંકા લેખમાં ઉલ્લેખ શક્ય નથી. બસ ! એટલી ગુઝારિશ છે કે અલ્લાહે તમને બુદ્ધિ આપી છે, અને તમે દુનિયા કરતાં આખેરતને અધિક મહત્વની સમજો છો તો આજથી જ ચેતી જાવ અને આખેરતને સમારવાની તૈયારીમાં લાગી જાવ. એના માટે અનિવાર્ય છે કે ઈમાન પર રહો, અહલે સુન્નતને મજબૂતીથી પકડો અને નમાઝ તથા અન્ય નેક અમલોમાં લાગી જાવ અને સર્વ ગુનાહોનાં કામોથી તૌબા કરી લો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌને નેક તૌફીક બખ્શે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

كُتِبَ عَلَيْكُمْ اِذَا
حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ اِنْ تَرَكَ خَيْرَا ۖۚ اِلْوَصِيَّةُ
لِلْوَالِدَيْنِ وَ الْاَقْرَبِيْنَ بِالْمَعْرُوْفِ ۚ حَقًّا عَلَى
الْمُتَّقِيْنَ ﴿١٨٠﴾ فَمَنْ بَدَّلَهٗ بَعْدَ مَا سَمِعَهٗ فَاِنَّمَآ
اِثْمُهٗ عَلَى الَّذِيْنَ يُبَدِّلُوْنَهٗ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿١٨١﴾
فَمَنْ خَافَ مِنْ مُّوْصٍ جَنَفًا اَوْ اِثْمًا فَاَصْلَحَ
بَيْنَهُمْ فَلَآ اِثْمَ عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٨٢﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا
كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٨٣﴾
اَيَّامًا مَّعْدُوْدٰتٍ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ
عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ وَعَلَى الَّذِيْنَ
يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ ؕ فَمَنْ تَطَوَّعَ خَيْرًا
فَهُوَ خَيْرٌ لَّهٗ ؕ وَاَنْ تَصُوْمُوْا خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ
تَعْلَمُوْنَ ﴿١٨٤﴾ شَهْرُ رَمَضَانَ الَّذِيْٓ اُنْزِلَ فِيْهِ الْقُرْاٰنُ
هُدًى لِّلنَّاسِ وَ بَيِّنٰتٍ مِّنَ الْهُدٰى وَ الْفُرْقَانِ ۚ
فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ؕ وَمَنْ كَانَ
مَرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ ؕ يُرِيْدُ

તમારા પર ફર્ઝ થયું કે જ્યારે તમારામાં કોઈને મોત આવે જો કંઈ માલ છોડે તો વસિયત કરી જાય પોતાના મા–બાપ અને નજીકનાં સગાવહાલાં માટે દસ્તૂર મુજબ[૬૬] આ વાજિબ છે પરહેઝગારો પર (૧૮૦) તો જે વસિયત સાંભળી કરીને બદલી નાખે[૬૭] તેનો ગુનોહ તે બદલી નાખનારાઓ પર જ છે[૬૮] બેશક ! અલ્લાહ સાંભળે જાણે છે (૧૮૧) પછી જેને વિચાર થયો કે વસિયત કરનારે કંઈક અન્યાય કે ગુનોહ કર્યો તો તેણે તેઓમાં સુલેહ કરાવી દીધી તેના પર કંઈ ગુનોહ નથી[૬૯] બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૮૧) હે ઈમાનવાળાઓ[૭૦] ફર્ઝ કરવામાં આવ્યા તમારા પર રોઝા જેમ કે આગલાઓ પર ફર્ઝ થયા હતા કે તમને પરહેઝગારી મળે[૭૧] (૧૮૩) ગણત્રીના દિવસો છે[૭૨] તો તમારામાં જે કોઈ બીમાર અથવા સફરમાં હોય[૭૩] તો એટલા રોઝા બીજા દિવસોમાં (રાખે), અને જેને એની શક્તિ ન હોય તેઓ બદલો આપે એક મિસ્કીનને ખાવું[૭૪] પછી જે પોતાના તરફથી નેકી વધારે કરે[૭૫] તો તે એના માટે બેહતર છે, અને રોઝા રાખવા તમારા માટે વધારે સારું છે જો તમે જાણો[૭૬] (૧૮૪) રમઝાનનો મહિનો જેમાં કુર્આન ઉતર્યું[૭૭] લોકો માટે હિદાયત અને માર્ગદર્શન અને ફૈસલાની રોશન વાતો, તો તમારામાં જે કોઈ આ મહિનો પામે જરૂર એના રોઝા રાખે, અને જે બીમાર

اللّٰهُ بِكُمُ الْيُسْرَ وَلَا يُرِيْدُ بِكُمُ الْعُسْرَ وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿١٨٥﴾

*અથવા સફરમાં હોય તો એટલા રોઝા બીજા દિવસોમાં (રાખી લે) અલ્લાહ તમારા પર સરળતા ઈચ્છે છે અને તમારા પર મુશ્કેલી નથી ઈચ્છતો. અને એટલા માટે કે તમે ગણત્રી પૂરી કરો[૭૮] અને અલ્લાહની મોટાઈ ક્યાંક તમે હક્ક અદા કરનાર થાવ (૧૮૫)*

## :: સમજૂતી ::

**૬૬.** એટલે કે શરીઅત કાયદા મુજબ ન્યાય કરે અને ૧/૪ કરતાં ઓછા માલમાં વસિયત કરવી મુસ્તહબ છે એ શર્તે કે તેના પોતાના વારસદારો મોહતાજ ન હોય, અથવા વારસો મળ્યા પછી મોહતાજ ન રહેતા હોય. નહીં તો વારસો વસિયત કરતાં અફઝલ છે. *(તફસીરે અહમદી)*

**૬૭.** પછી તે જેને વસિયત કરે છે તે હોય કે વારસદાર હોય કે સાક્ષી, અને તે બદલી નાખવાનું લખાણમાં હોય કે વહેંચણીમાં, યા સાક્ષી આપવામાં જો તે વસિયત શરીઅત મુજબની છે તો બદલનાર ગુનેહગાર છે.

**૬૮.** અને બીજાઓ પછી તે વસિયત કરનાર હોય કે જેના માટે વસિયત કરી છે તે હોય એ બધા નિર્દોષ છે.

**૬૯.** અર્થ છે એ કે વારસદાર હોય અથવા વસિયત સાંભળનાર હોય અથવા ઈમામ યા તો કાઝી જેને પણ વસિયત કરનાર તરફથી અન્યાય અથવા અસત્ય કારવાઈની બીક હોય તો જો વારસદારો અને જેના માટે વસિયત કરવામાં આવી છે તેમના વચમાં સુલેહ કરાવી દે તો ગુનેહગાર નથી. કારણ કે તેણે હકની તરફદારીમાં બાતિલને બદલ્યું છે. એક મંતવ્ય એવું છે કે આયતમાં તે માણસ મુરાદ છે જે વસિયત સમયે જુએ કે વસિયત કરનાર હક વાતથી હટતો અને શરીઅત વિરૂદ્ધ તરીકો પકડતો જણાય છે ત્યારે વસિયત કરનારને ટોકી દે અને હક્ક તથા ન્યાય કરવાનું કહે.

**૭૦.** આ આયતમાં રોઝા ફર્ઝ થવાનું બયાન છે. રોઝા શરીઅતમાં તેનું નામ છે કે મુસલમાન પુરૂષ હોય કે હયઝ નિફાસથી ખાલી સ્ત્રી હોય સુબ્હ સાદિકથી સૂર્ય આથમતા સુધી ઈબાદતની નિય્યતથી ખાવું પીવું અને સંભોગ કરવું છોડી દે. *(આલમગીરી વિગેરે)*

રમઝાનના રોઝા ૧૦ શવ્વાલ, ૨ હિ.સ.માં ફર્ઝ થયા. *(દુર્રે મુખ્તાર, ખાઝિન)* આ આયતથી પુરવાર થાય છે કે રોઝા એક જૂની ઈબાદત છે. હઝરત આદમ عليه السلام થી લઈને તમામ અંબિયાના જમાનાઓમાં ફર્ઝ થતા રહ્યા છે. જો કે દિવસો અને એના હુકમ દરેકના અલગ અલગ હતા, પણ અસલ રોઝા બધી જ ઉમ્મતો પર લાઝિમ હતા.

**૭૧.** અને તમો ગુનાહોથી બચો કારણ કે એ પોતાની જાતને ઓછી સમજવાના કારણરૂપ બને છે, તેમજ પરહેઝગાર લોકોનો તરીકો છે.

**૭૨.** એટલે કે માત્ર રમઝાનનો એક જ મહીનો.

**૭૩.** સફરનો મતલબ એવી સફર છે જેનું અંતર ત્રણ દિવસના રસ્તાથી ઓછું ન હોય, આ આયતમાં અલ્લાહ તઆલાએ બીમાર અને મુસાફિરને છૂટ આપી આપી છે કે જો તેને રમઝાન મુબારકમાં રોઝા રાખવાથી બીમારી વધી જવાનો કે મરી જવાનો અંદેશો હોય, અથવા સફરમાં સખ્તી અને તકલીફની બીક હોય, તો તેઓ બીમારી અને સફરના દિવસોમાં રોઝા ન રાખે, અને બીજા દિવસોમાં (જે દિવસોમાં રોઝા રાખવાની મનાઈ છે તે સિવાય) કઝા કરી લે, જે દિવસોમાં રોઝા રાખવાની મનાઈ છે તે પાંચ

દિવસો છે. બે ઈદો અને ઝિલ્હજની ૧૧,૧૨,૧૩ તારીખો.

**મસઅલો** : બીમારને માત્ર વહેમના કારણે રોઝો ન રાખવો જાઈઝ નથી, જ્યાં સુધી દલીલ અનુભવ અથવા ફાસિક ન હોય એવો ઈલાજ કરનારની ખબરથી રોઝાના કારણે બીમારી વધી જવાનો અથવા લંબાઈ જવાનો ગાલિબ ખ્યાલ ન થાય.

**મસઅલો** : જે હાલ બીમાર ન હોય પણ મુસલમાન ઈલાજ કરનારના કહેવા અનુસાર રોઝો રાખવાથી બીમાર થઈ જશે, તો એવો માણસ પણ બીમારના હુકમમાં ગણાશે.

**મસઅલો** : જે મુસાફરે સુબ્હે સાદિક પહેલાં સફર શરૂ કરી તેને રોઝો ન રાખવો જાઈઝ છે પણ જેણે સુબ્હે સાદિક પછી સફર શરૂ કરી તેના માટે તે દિવસનો રોઝો છોડવો જાઈઝ નથી.

**૭૪. મસઅલો** : જે વૃદ્ધ પુરૂષ અથવા સ્ત્રીને વૃદ્ધાવસ્થાની કમજોરીના કારણે રોઝો રાખવાની શક્તિ નથી, અને ભવિષ્યમાં શક્તિ આવવાની આશા પણ ન હોય એવાને શૈખે ફાની કહે છે. તેના માટે જાઈઝ છે કે રોઝા ન રાખે, દરેક રોઝાના બદલે અડધો સાઅ (૧૧૭ તોલા) (૨.૪૭ કિલોગ્રામ) ઘઉંનો આટો અથવા એનાથી ડબલ જવ અથવા એની કિંમત બદલા રૂપે આપે.

**મસઅલો** : જો શૈખે ફાની નાદાર કે ગરીબ હોય અને આ આપવાની શક્તિ ધરાવતો ન હોય, તો અલ્લાહ પાસે માફી માંગે અને પોતાની અશક્તિ બદલ માફ કરવાની દુઆ કરે.

**૭૫.** એટલે કે બદલા માટે નક્કી થએલા માપ કરતાં વધારે આપે.

**૭૬.** આનાથી પુરવાર થયું કે જો કે મુસાફર અને બીમારને રોઝા ન રાખવાની છૂટ છે પણ વધારે બેહતર તો રોઝા રાખવા એ જ છે.

**૭૭.** આના અર્થમાં તફસીર કરનારાઓનાં અમુક મંતવ્યો છે : (૧) એ કે રમઝાન તે છે જેની શાન અને મહાનતામાં કુર્આન ઉતર્યું. (૨) કુર્આને કરીમ ઉતરવાની શરૂઆત રમઝાન શરીફમાં થઈ. (૩) કુર્આન મજીદ સંપૂર્ણતઃ રમઝાનુલ મુબારકની શબે કદ્રમાં લૌહે મહેફૂઝથી પહેલા આસ્માન પર ઉતારવામાં આવ્યું અને ત્યાં બયતુલ ઈઝ્ઝતમાં રહ્યું. આ એ જ આસ્માનમાં એક જગ્યાનું નામ છે. ત્યાંથી વખતો વખત હિકમતની આવશ્યક્તા અનુસાર જેટલું જેટલું અલ્લાહને મંઝૂર થયું જિબ્રઈલ અમીન લાવતા રહ્યા. આ ઉતરવાનું ૨૩ વર્ષની મુદતમાં પૂરું થયું.

**૭૮.** હદીષમાં હુઝૂર ﷺનું ફર્માન છે કે મહિનો ૨૯ દિવસોનો પણ હોય છે તો ચાંદ જોઈને રોઝા શરૂ કરો અને ચાંદ જોઈને રોઝા રાખવાનું બંધ કરો. જો ૨૯મી રમઝાને ચાંદ ન દેખાય તો ૩૦ની ગણત્રી પૂરી કરો.


**બરકાતે ખ્વાજાનાં ગ્રાહક થવા સંપર્ક કરો**

ધોરાજી ખાતે: મુફ્તી મુનવ્વર રઝા સાહબ Mo. 87338 12786 | ખિઝરભાઈ નાનીવાળા Mo. 96380 08662

જંબુસર: સૈયદ હશમતબાપુ મજુમિયાં Mo. 942989 99085 | હાજી અલ્લારખા ફ્રુટવાળા Mo. 77779 53077 | મૌલાના ઝહીર મિસ્બાહી Mo. 87338 27580

સૂરત ખાતે: અ. અઝીઝ પટેલ મછાસરવી Mo. 9173982278 | મકસુદભાઈ રાજવાની Mo. 93747 11806 | અનીસભાઈ વાલુડીયા Mo. 84017 94006

અમદાવાદ ખાતે: સલીમભાઈ શેખ-જમાલપુર Mo. 97238 23065 | હાફેઝ યાકૂબ ચાંચવેલી-જુહાપુરા Mo. 99983 61371

ખિલમોરા ખાતે: મુલ્લા એગઝ માર્ટ Mo. 9904278692

**હદીષ** : હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ દરેક સમયે ઝિક્રે ઈલાહી કરતા હતા[૧]. (મુસ્લિમ) અમે ઈબ્ને અબ્બાસની હદીષ ઈન્શાઅલ્લાહ ખાણાઓના પ્રકરણમાં વર્ણન કરીશું[૨].

(બીજો વિભાગ) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી ﷺનાં કોઈ બીવીએ લગન (પાણી રાખવાનુ પાત્ર)માં ગુસ્લ કર્યું[૩] હુઝૂરે તેનાથી વુઝૂ કરવા ચાહ્યું. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું નાપાક હતી. ફર્માવ્યું, પાણી તો નાપાક નથી થતું[૪]. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

દારમીએ એના સમાન અને શરહે સુન્નહમાં એમનાથી જ તે હઝરત મૈમૂનાથી રિવાયત કરે છે. મસાબીહના શબ્દોથી રિવાયત છે હઝરત આઈશાથી. ફર્માવે છે કે નબી ﷺ જનાબતથી ગુસ્લ કરતા પછી મારા ગુસ્લથી પહેલાં મારાથી ગરમી હાંસલ કરતા[૫]. અને ઈબ્ને માજહએ રિવાયત કરી અને તિર્મિઝીએ એના સમાન રિવાયત કરી. અને શરહે સુન્નહમાં મસાબીહના શબ્દોમાં.

હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ પાખાનાથી (જાજરૂ) આવતા તો અમને કુર્આન પઢાવતા અને અમારી સાથે ગોશ્ત ખાતા હતા[૬]. જનાબત સિવાય હુઝૂરને કુર્આનથી કોઈ ચીજ રોકતી ન હતી[૭]. (અબૂ દાઊદ, નિસાઈ) ઈબ્ને માજહએ એના સમાન રિવાયત કરી.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હૈઝવાળી તથા જુનુબી કુર્આનથી કાંઈ ન પઢે[૮].

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે એ ઘરોને મસ્જિદથી ફેરવી દો[૯] કેમ કે હું હૈઝવાળી તથા જુનુબી માટે મસ્જિદને હલાલ નથી કરતો[૧૦]. (અબૂ દાઊદ)

હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એ ઘરમાં ફરિશ્તા નથી આવતા જેમાં તસ્વીર (ફોટાઓ) હોય અને ન એમાં જેમાં કૂતરો તથા જુનુબી હોય[૧૧].

હઝરત અમ્માર ઈબ્ને યાસિર ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ત્રણ શખ્સો છે જેમની નજીક પણ ફરિશ્તા નથી આવતા : કાફિર મુરદારથી, ખલૂકથી લથરાયેલાથી અને જુનુબીથી, પણ એ કે તે વુઝૂ કરે[૧૨]. (અબૂ દાઊદ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એટલે જનાબત (ગુસ્લની હાજતની સ્થિતિ) તથા તહારત (પાકીની સ્થિતિ) દરેક હાલતમાં ઝબાન શરીફથી કલ્માએ તૈયબહ અને તમામ વઝીફાઓ વગેરે પઢયા કરતા હતા, કેમ કે જનાબતની હાલતમાં કેવળ કુર્આન શરીફની તિલાવત હરામ છે.

**લતીફા** : મને એક જણે સવાલ કર્યો કે જનાબતમાં દુરૂદ શરીફથી હુઝૂર ﷺના નામની બેઅદબી થશે. મેં જવાબ આપ્યો કે જો સમુદ્રમાં ગંદો માણસ નહાય લે તો ગંદો પાક થઈ જાય છે, સમુદ્ર નાપાક નથી થતો. હુઝૂર ﷺનું નામે પાક સમુદ્ર છે અને આપણે ગંદા છીએ. તેમજ જે સ્ત્રીઓ હૈઝ

તથા નિફાસની હાલતમાં મૃત્યુ પામે છે, મરતી વખતે કલમો તથા દુરૂદ શરીફની વિના શંકાએ ઈજાઝત છે. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ઝિક્ર ઝબાની જહરી (અવાજથી) કરતા હતા, ત્યારે જ તો આપ સાંભળતાં હતાં. યાદ રાખશો કે કાદરિયા તથા ચિશ્તિયા વગેરે હઝરાતને ત્યાં જોરથી ઝિક્ર અફઝલ છે. એમનો માખઝ (આધાર) આ જ હદીષ પણ હોય શકે છે.

**૨.** એટલે કે મસાબીહમાં આ હદીષ એ જ જગાએ હતી પણ મિશકાતના કર્તાએ એને મુનાસિબતના કારણે ત્યાં વર્ણન કરી. જેમાં ફર્માવવામાં આવ્યું કે હુઝૂર ﷺએ વુઝૂ વિના ખાવા ખાધુ.

**૩.** એ બીવી હઝરત મૈમૂના હતાં. અને લગન (પાત્ર ગુસ્લ માટેનું)માં ગુસ્લ કરવાનો અર્થ એ છે કે એમાંથી પાણી લઈને ગુસ્લ કર્યું, ન કે એમાં બેસીને. એટલે કે બાકીનું પાણી એમના ગુસ્લ કરતાં વધેલુ હતું, ગુસ્લના ધોવાણનું ન હતું.

**૪.** એટલે કે સ્ત્રીના (ગુસ્લ કરતાં) વધેલા પાણી વડે પુરૂષ વુઝૂ ગુસ્લ કરી શકે છે. યાદ રાખશો કે ત્રીજા વિભાગમાં એનાથી મનાઈ પણ આવી રહી છે પણ તે મનાઈ કરાહતના વર્ણન માટે છે, અને આ હદીષ જાઈઝ હોવાના વર્ણન માટે છે. એટલે સ્ત્રીના વધેલા પાણી વડે વુઝૂ કે ગુસ્લ કરવું બેહતર નથી, પરંતુ જો કરવામાં આવે તો જાઈઝ છે.

**૫.** એ રીતે કે મારી સાથે બિસ્તરમાં લપેટાઈ જતા અને કપડાં વગેરેની આડ વિના પોતાના શરીર મુબારકને મારી સાથે સ્પર્શ કરાવતા. આ પરથી જાણવા મળ્યું કે જુનૂબનું શરીર પાક છે અને તેનાથી મુઆનિકા (ગળે મળવું) જાઈઝ છે.

**૬.** એટલે કે જાજરૂથી તશરીફ લાવીને વુઝૂ કર્યા વિના અને ધોયા વિના તથા કુલ્લી કર્યા વિના કુર્આનની તિલાવત પણ કરી લેતા અને ખાણુ પણ ખાય લેતા. જાણવા મળ્યું કે વુઝૂ વિના તિલાવત પણ જાઈઝ છે અને ખાવું પીવું પણ દુરુસ્ત છે. જો કે મુસ્તહબ એ છે કે હાથ ધોઈને ખાવામાં આવે. આ અમલ શરીફ જાઈઝ બયાનના માટે છે.

**૭.** એટલે કે ''હદષે અકબર'' જ તિલાવતે કુર્આન માટે આડરૂપ છે, ''હદષે અસ્ગર'' એટલે કે વુઝૂ વિના કુર્આનને સ્પર્શવું મના છે, પણ તિલાવત જાઈઝ છે. યાદ રાખશો કે જુનુબી માટે કુર્આનની તિલાવત મના છે, પરંતુ કુર્આની દુઆઓ દુઆની નિય્યતથી પઢી શકે છે. એની વિગત ફિક્હની કિતાબોમાં જોઈ લેશો.

**૮.** અહીં شَیْءٌથી મુરાદ પૂરી આયત છે અને હૈઝવાળીના હુકમમાં નિફાસવાળી સ્ત્રી પણ સામેલ છે. એટલે કે હૈઝવાળી, નિફાસવાળી. જુનુબી કુર્આને કરીમની પૂરી આયત તિલાવત ન કરે, એ જ અહનાફ (હનફીઓ)નો મઝહબ છે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہની નજીક એક આયતથી ઓછીની તિલાવત પણ જાઈઝ નથી. એક બે શબ્દો પઢી દેવા જાઈઝ છે.

**૯.** શરૂ સમયમાં સહાબીઓના ઘરના દરવાજા મસ્જિદે નબવી શરીફમાં (ખુલતા) હતા જેના કારણે ઘરોમાં આવજા મસ્જિદના રસ્તે થઈને થતી હતી. હુકમ આપ્યો કે એ ઘરોના દરવાજાઓ બીજી બાજુ કાઢો અને હાલના દરવાજાઓ બંધ કરી આપો.

**૧૦.** એટલે કે જો દરવાજા મસ્જિદમાં રહ્યા તો, જુનુબી, હૈઝવાળી, નિફાસવાળી (માસિકવાળી, સુવાવડવાળી) મસ્જિદમાં થઈને પસાર થશે, જ્યારે તેમણે મસ્જિદમાં બેસવું પણ હરામ છે. આ જ ઈમામે આ'ઝમનો મઝહબ છે. ઈમામ શાફઈ વગેરેને ત્યાં મસ્જિદમાંથી થઈને પસાર થવું જાઈઝ છે, ત્યાં રોકાવું હરામ છે. આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે. કુર્આને કરીમમાં જે ઈર્શાદ થયો : وَلَا جُنُبًا اِلَّا عَابِرِیْ سَبِیْلٍ ત્યાં عَابِرِیْ سَبِیْلٍથી મુરાદ મુસાફિર છે. એટલે કે જનાબતની હાલતમાં ગુસ્લ વિના નમાઝની નજીક ન જાવ. હા ! જો મુસાફિર હોવ અને પાણી ન મળે તો તયમ્મુમ કરીને નમાઝ પઢી લો. ત્યાં મસ્જિદેથી પસાર થવું મુરાદ નથી. જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી. બીજુ એ કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને અહકામ

(હુકમો)ના માલિક બનાવ્યા છે. ફર્માવે છે : "હું હલાલ નથી કરતો." જાણવા મળ્યું કે હલાલ તથા હરામ હુઝૂર ﷺ કરે છે.

**૧૧.** અહીં ફરિશ્તાઓથી મુરાદ રહમતના ફરિશ્તા છે. તસ્વીર (ફોટા)થી મુરાદ જાનદારની તસ્વીર છે જેને વિના જરૂરતે હુર્મત તથા ઈજ્જતની સાથે રાખવામાં આવે. અને કૂતરાથી મુરાદ વિના જરૂરતે કેવળ શોખ પૂરતો પાળવામાં આવતો કૂતરો છે. જુનૂબીથી મુરાદ તે શખ્સ છે જે શરઈ જરૂરત વિના ગુસ્લ કર્યા વિનાનો રહ્યો કરે. જેથી હદીષ પર ન તો એ વાંધો છે કે કદીક રૂપિયા પૈસામાં ફોટા હોય છે જે દરેક ઘરમાં રહે છે, ન એ કે ખેતી અથવા ઘરબારની હિફાઝત તથા શિકાર માટે કૂતરો પાળવો છે, ન એ કે રાતનો જુનૂબી વુઝૂ કરીને રાત પસાર કરી શકે છે, ન એ કે જો એ ઘરોમાં ફરિશ્તા નથી આવતા તો એ લોકોની હિફાઝત તથા નામાએ આમાલનું લખાણ કોણ કરે છે, અથવા એમનો જીવ કોણ કાઢશે.

**૧૨.** અહીં પણ ફરિશ્તાઓથી મુરાદ રહમતના ફરિશ્તા છે. કાફિર મુરદારથી કાફિરનું શરીર મુરાદ છે, જીવંત હોય કે મુર્દા. એટલે કે કાફિરોની પાસે રહમતના ફરિશ્તા નથી આવતા એટલા માટે કાફિરોના મજમામાં નમાઝ ન પઢે, કાફિરોને ઈસ્તિસ્કાની નમાઝ માટે સાથે ન લઈ જાય. "ખલૂક" એ ખુશ્બુનું નામ છે જેમાં જાફરાન વગેરે હોય છે. એનો રંગ જાહેર થાય છે, પુરૂષોએ કેવળ એવી ખુશ્બુ લગાડવી જોઈએ જે ખુશ્બુથી રંગ ન નીકળે. અહીં પુરૂષોના માટે મનાઈ મુરાદ છે, સ્ત્રીઓ આ હુકમથી અલગ છે. (મિર્કાત વગેરે) એ જ પ્રમાણે જુનુબીથી મુરાદ જે નાપાક રહેવાની ટેવવાળો હોય જે નમાઝના સમયોમાં ગંદો રહે. જેથી હદીષ એકદમ સ્પષ્ટ છે, બીજી હદીષોથી વિરુદ્ધ નથી. આ પરથી જાણવા મળ્યું કે રાતમાં જુનુબી થયો અને આમ જ વુઝૂ વિના સૂઈ જાય તો રહમતના ફરિશ્તા આવશે નહીં જેથી વુઝૂ કરીને સૂવુ જોઈએ.

પેજ નં. ૨૦ નું ચાલુ...

આપની દલીલ રોશન તથા બુરહાન મજબૂત હતી જેથી છુપી રીતે રહેવાનું ન મળ્યું અને આપની ખ્યાતિ દૂર નજીક સર્વ ઠેકાણે પહોંચી ગઈ અને આસપાસથી મશાઈખ તથા દીનના ઈમામો આપની ખિદમતમાં હાજર થવા લાગ્યા, અને છેવટે એ શહેરની એટલી બધી ખ્યાતિ થઈ ગઈ કે સાલેહ લોકોની આવજા તથા વસવાટના કારણે અજોધનનું નામ બદલાયને પાક પટ્ટન થઈ ગયું.

**શાદી તથા અવલાદ :** આપે નબી ﷺની શરીઅત પર ચાલીને ચાર શાદીઓ કરી અને પાંચ પુત્રો તથા ત્રણ પુત્રીઓ બાકી રહી. પૌત્રો તથા નવાસાઓની કોઈ ગણત્રી નથી.

આપના વર્ણન તથા કરામતોથી ઘણી સિયરની કિતાબો ભરેલી પડી છે. બાકી હાલાત જાણવા માટે "જવાહિરુલ ફરીદી" કિતાબ લેખક મોલ્વી મુહમ્મદ અલી અસ્ગર ઈબ્ને મખ્દૂમ શયખ મૌદૂદ ઈબ્ને મખ્દૂમ શયખ મુહમ્મદ કુર્શી ચિશ્તી બંદાલ્વી ફતહપૂરી જે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہની ઔલાદમાંથી છે તેનો અભ્યાસ કરવો જોઈએ. એ કિતાબનો ઉર્દૂ તર્જુમો મલિક ફઝ્લુદ્દીન તથા મલિક ચુનનુદ્દીન લાહોરે ખૂબ જ ઉમદા કાગળો પર પ્રસિધ્ધ કર્યો.

હઝરત બાબા સાહબની કરામતના બારામાં સિયરની કિતાબોમાં લખ્યું છે કે આપની અદના કરામત એ હતી કે આપે રહમતનો દરવાજો દરેકના માટે ખોલી આપ્યો હતો. કેટલાયે ખતાકાર તથા ફાસિકો ફાજિર આપના હુઝૂરમાં હાજર થતા તો આપ એને બયઅતના શરફથી મુશર્રફ ફર્માવીને ઉચ્ચ મકામો પર પળવારમાં પહોંચાડી આપતા હતા.

**વફાત શરીફ :** આપની વફાત શરીફ સુલ્તાન ગ્યાસુદીન બલબનના સમયમાં મંગળવારના રોજ મુહર્રમ શરીફ હિ.સ. ૬૬૬માં થઈ. મઝાર મુબારક આપનું પાક પટ્ટન (પાક)માં લોકોની ઝિયારતગાહ છે.

**ખૂબ આંખોંસે લગાયા ગિલાફે કા'બા**
**કસ્રે મહબૂબકે પર્દેકા ભી જલ્વા દેખો**

*(કસ્રે મહબૂબ = અલ્લાહના મહબૂબનો મહલ, જલ્વા = નઝારો)*

**અર્થાત :** હે હાજીઓ ! તમે ગિલાફે કા'બાને પોતાની આંખોંએ લગાડીને ખૌફે ખુદામાં ખૂબ જ રડી રડીને અલ્લાહથી માફી માગી અને તમારા ગુનાહોથી તૌબા કરી, હવે મદીના જઈને પણ તો જુઓ કે હુઝૂર તાજદારે મદીના ﷺના આલીશાન મહેલનો પર્દો કેટલો હસીન છે જેના સાયામાં મુહમ્મદ ﷺના આશિક ખુશી તથા આનંદના આવેશમાં કેવી રીતે પોતાનાં આંસૂઓનું નઝરાણુ પોતાના કરીમ આકાની બારગાહમાં પેશ કરી રહ્યા છે એટલે કે અહીં મક્કા શરીફમાં ખૌફેથી રડવાનાં આંસૂં છે તો ત્યાં ખુશીના અતિરેકમાં આંસૂઓ છે.

**કા'બાનો ગિલાફ અને કસ્રે મહબૂબનો પર્દો :** કા'બા શરીફનો ગિલાફ તો ઈસ્લામ પહેલાંથી ચાલ્યો આવે છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام અથવા હુઝૂર ﷺના જદ્દે આ'લા અદનાન બિન આદ અથવા યમનના બાદશાહ તબઅ કરાબ અસ્વદે કા'બા શરીફ પર પહેલો ગિલાફ ચઢાવ્યો. વિવિધ દૌરમાં એના વિવિધ રંગો બદલાતા રહ્યા. મામૂનના દૌરમાં સફેદ રેશમી, અબ્બાસી ખલીફા નાસિરના દૌરમાં પહેલાં લીલો અને પછી કાળો થયો, જે આજ સુધી ચાલતો આવ્યો છે, એના કુલ ૪૭ ટુકડા હોય છે. દરેક ટુકડો ૧૪ મિટર અથવા ૪૬ ફૂટ લાંબો અને ૧૩૭ ઈંચ પહોળો હોય છે.

જ્યારે સરકારે અન્વર ﷺની કબ્રે અન્વર પર ગુંબદ મુબારક સાતમી સદી હિજરીમાં માલિક મન્સૂર સાલહીએ તૈયાર કરાવ્યો. (વફાઉલ વફા લિ સમ્હૂદી, ૨/૬૦૯,૬૭૮) તે વખતે ગુંબદે ખદ્રા લીલાને બદલે સફેદ હતો. હિ.સ. ૮૮૬માં બીજીવાર બાંધકામ થયું અને હિ.સ. ૧૨૫૫માં સુલ્તાન મહમૂદ તુર્કીએ તેને ખદ્રા (લીલો) કરાવી આપ્યો. અને આજ સુધી ગુંબદ લીલો જ છે અને ઈન્શા અલ્લાહ કયામત સુધી ખદ્રા (લીલો) જ રહેશે. સઊદીઓએ તુર્કીઓની સર્વ નિશાનીઓ તો નષ્ટ કરી આપી છે પણ એને ન મિટાવી શક્યા. સૌથી મોટી વાત એ છે કે واللہ یعصمک من الناس "અલ્લાહ ખુદ પોતાના મહબૂબનો મુહાફિઝ છે."

*જિસ્કા હામી હો ખુદા ઉસ્કો મિટા સક્તા હૈ કોન !*

સરકાર ﷺની કબ્રે અન્વર પર તુર્કીઓએ જ લીલા પર્દા લટકાવ્યા જે આજે પણ યથાવત છે. આજ પર્દા તથા ગુંબદે ખદ્રા છે જેને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના આ શેઅરમાં કસ્રે મહબૂબના પર્દા ગણાવેલ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ વ રસૂલુહુ અઅ્લમ)

**વાં મુતીઑંકા જિગર ખૌફસે પાની પાયા**
**યાં સિયાહકારોંકા દામન પે મચલના દેખો**

*(વાં = ત્યાં મક્કામાં, મુતીઑં = ફર્માબરદારો, સિયાહકારોં = ગુનેહગારો)*

**અર્થાત** : કોઈએ આ'લા હઝરત رحمۃ اللہ علیہને પૂછયું કે આપે દરબારે ખુદાવંદી પણ જોયો અને હવે મદીના શરીફમાં દરબારે મુસ્તફા ﷺની હાજરી પણ થઈ રહી છે તો બતાવો શું ફર્ક મેહસૂસ કરી રહ્યા છો ? એ વખતે આપે આ શેઅર કહ્યો.

ત્યાં (મક્કા શરીફ)માં મોટા નેકોકાર તથા ફર્માબરદાર એ ખયાલથી કે અહીં એક ગુનોહ થઈ ગયો તો એક લાખ લખી દેવામાં આવશે, અલ્લાહના જલાલથી કાંપી રહ્યા હતા અને ખુદાના ખૌફથી તેમનું જિગર પાણી પાણી થઈ રહ્યું હતું. અને અહીં મદીના તયબહમાં સુબ્હાનલ્લાહ ! મારી જેવા નાકામા પાપી પણ હુઝૂર ﷺની રહમતના સહારા પર મચલી રહ્યા છે, શર્મસારી પર કરમની ઉમ્મીદ છવાઈ ગઈ છે. અને એટલા માટે પણ ખુશીથી મચલી રહ્યા છે કે જો ખુદાનખ્વાસ્તા ગુનોહ થઈ પણ ગયો તો એક જ લખવામાં આવશે, જ્યારે એક નેકીની પચાસ હજાર લખવામાં આવશે. બલ્કે હુઝૂરની આ દુઆના પ્રમાણે કે, ''હે અલ્લાહ ! જેટલી બરકત તેં ઈબ્રાહીમ علیہ السلامના કારણે મક્કામાં રાખી, તો મારી દુઆના કારણે એનાથી બમણી બરકત મદીનામાં રાખ,'' તો શક્ય છે બે લાખ મળે. કેમ કે મક્કામાં એક નેકી એક લાખ નેકી છે તો એનું ડબલ બે લાખ થશે. અથવા રહે તો પચાસ હજાર જ પણ એ પચાસ હજાર બે લાખ પર ભારી થાય, જેમ કે હજાર રૂપિયાની એક જ નોટ પાંચ પાંચની સેંકડો નોટો પર ભારી તથા સવાર હોય છે. એટલે કે સંખ્યામાં ભલે આંકડા ત્યાં વધારે છે પણ કૈફિયતમાં મર્તબો તથા દરજો અહીં વધુ છે. અને ટૂંકમાં એ કે :–

*તયબહ ન સહી અફઝલ મક્કા હી બળા ઝાહિદ–હમ ઈશ્ક઼ કે બંદે હૈં ક્યૂં બાત બળ્હાઈ હૈ*

મક્કા હોય કે મદીના શાન બંનેવને મુસ્તફા ﷺના ક઼દમોથી જ મળી છે : لا اقسم بهذا البلد وانت حل بهذا البلد

**અવ્વલીન ખાનાએ હક઼્ક઼ી ઝિયાઍં તો દેખી**
**આખરીં બયતે નબીકા ભી તજલ્લા દેખો**

*(અવ્વલીન = પહેલાં, આખરીં = હવે છેવટમાં, બયત = ઘર, તજલ્લા = નૂર)*

**અર્થાત** : હે હાજીઓ ! પહેલાં તમે હજ્જે બયતુલ્લાહ શરીફની સઆદત (નેક નસીબી) પ્રાપ્ત કરી અને કા'બાના અન્વારો તજલ્લિયાતથી ખૂબ ખૂબ લાભ ઉઠાવ્યો, હવે એના પછી બીજી સઆદત પણ હાંસલ કરો અને તે એ છે કે મહબૂબે ખુદાના ઘરે ગુંબદે ખદ઼રાના નૂરથી પણ તમારા દિલને મુનવ્વર કરવાની સઆદત હાંસલ કરો. ત્યાં તમે **લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક**ની સદાઓ લગાડો તો હવે અહીં દુરૂદોના ગજરા અને સલામોના તોહફા તમારા પ્યારા મહબૂબ ﷺની બારગાહમાં પેશ કરવાની ખુશનસીબી હાંસલ કરો, જેથી આ હક઼ીકતના પાત્ર બની જાવ કે : પહેલાં હમ્દથી જીભને પાક કરી લો તો પછી નામ લો હબીબે ખુદાનું. (ﷺ)

અમુક ઉલમાએ ફર્માવ્યું કે હરમૈન શરીફની ઝિયારતનો મોક઼ો મળે તો પ્રથમ મદીના શરીફ હાજરી આપો, કેમ કે હજની સઆદતો પણ મહબૂબે પાક ﷺની બરકતથી જ હાંસલ થાય છે.

*ઉનકે તુફૈલ હજ્જ ભી ખુદાને કરા દીયે–અસ્લે મુરાદ હાઝરી ઉસ પાક દરકી હૈ*

જ્યારે કે અમુક ઉલમાએ એવું લખ્યું છે કે પ્રથમ મક્કા શરીફ જાવ, હજ્જ કરો જેથી ગુનાહોથી પાક સાફ થઈ જાવ, અને પાક સાફ થઈને હવે મદીના શરીફ જાવ. કેમ કે અલ્લાહ ચાહે છે કે મારા મહબૂબની

બારગાહમાં પાક સાફ થઈને હાજરી આપવામાં આવે. કેમ કે હજ્જ મક્કામાં થાય છે અને એના કબૂલ થવાની સનદ મદીનામાં મળે છે. બલ્કે અહલે મહબ્બતનો તો એ અકીદો છે કે અલ્લાહની દરેક જ નેઅમત અલ્લાહના મહબૂબ થકી મળે છે. અલ્લાહ અતા કરે છે અને મહબૂબ વહેંચે છે : والله معطی وانا قاسم

*અલ્લાહકે ખઝાનોંકે, માલિક હૈ નબી—યહ સચ હૈ "નિયાઝી" તુમ સરકારકા*

**ઝીનતે કા'બામેં થા લાખ ઉરૂસોંકા બનાવ**
**જલ્વા ફર્મા યહાં કૌનૈનકા દુલ્હા દેખો**
*(ઉરૂસોં = દુલ્હનો)*

**અર્થાત :** બેશક ! કા'બા મુકર્રમાની શોભામાં લાખો દુલ્હનોનો શણગાર તથા હુસ્નો જમાલ છે, પરંતું દુલ્હનના માટે દુલ્હો ન હોય તો દુલ્હન શું કામની ! અને જો બંને જહાનોનો દુલ્હો જોવો હોય તો તે મદીના તયબહમાં જલ્વાફર્મા છે.

**અયમને તૂરકા થા રુકને યમાનીમેં ફરોગ**
**શોલાએ તૂર, યહાં અજુમન આરા દેઓ**
*(અયમને તૂર = વાદીએ અયમન, ફરોગ = રોનક, ઈજ્જત, અંજુમન આરા = મેહફિલની રોનક)*

**અર્થાત :** રુકને યમાની પર તમે હે હાજીઓ ! અમ્નની વાદી (કોહે તૂર)ના જેવી બુલંદી તથા રોશની જોયી. હવે મદીના મુનવ્વરા પણ આવો અને જુઓ કે જે જલ્વાના કારણે તૂર પહાડ અમ્નની વાદી બન્યો અને મૂસા علیہ السلام એ જલ્વાની તાબ ન લાવીને બેહોશ થઈ ગયા હતા, ખૂદ એ જલ્વાનો એક શોલો (લપેટ) મદીનામાં મેહફિલની રોનક બનેલો છે.

**મહર માદરકા મઝા દેખી હૈ આગોશે હતીમ**
**જિનપે મા બાપ ફિદાયાં કરમ ઉનકા દેખો**

**અર્થાત :** એમાં શંકાને સ્થાન જ નથી કે હતીમે કા'બામાં જવાથી એવું લાગે છે કે જાણે માની ગોદ મળી ગઈ છે, પણ મદીના શરીફમાં તે જાન મૌજૂદ છે કે જેના કદમો પર મા બાપ પણ ફિદા થાય છે, અને તે જાન હજાર માઓ તથા કરોડો બાપો જેટલો પ્યાર પોતાની ઉમ્મતના માટે પોતાના સીનામાં ધરાવે છે.

*અર્ઝ હાજત મેં રહા કા'બા કફીલુલ હજ્જાજ—આવો ! અબ દાદ રસીએ શહે તયબહ દેખો*

કા'બા શરીફ હાજીઓની હાજતોનો જામિન બનેલો રહ્યો અને તેણે અલ્લાહ તઆલાની બારગાહમાં આવનારાઓની હાજતો ખૂબ પેશ કરી, હવે મદીના શરીફમાં પણ આવો અને મહબૂબ ﷺને તમારી હાજતના જામિન બનાવો, પછી જુઓ કે કોની ઝમાનત કુબૂલિયતના પ્રથમ દરજે પહોંચે છે ?! તમે ખૂદ ઈકરાર કરશો કે !

*કાબિલ થા નારકે મુઝે જન્નત હૂઈ નસીબ—ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ !*


**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**
**(કેલેન્ડર ટાઈપ)**
*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૩૦૦/–** (કુરિયર ખર્ચ : રૂા. ૫૦/–)

**રઝવી કિતાબ ઘર**, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

### અલ્ વકીલ الوَکِیلُ

**(કારસાઝ કામ બનાવનાર કાદિરે મુત્લક)**

**સમજૂતી** : તે ઝાત જેના તરફ તમામ મામલાઓ સોંપી દેવામાં આવે. કેટલાક એવા વકીલ હોય છે જેમને અમુક મામલાઓ સોંપવામાં આવે છે, જ્યારે કેટલાક એવા વકીલ હોય છે જેમને તમામ કામ સોંપવામાં આવે છે. અને આવી સોંપણી ફક્ત અલ્લાહની ઝાત સાથે જ સંબંધ ધરાવે છે અને આવી સિફત અલ્લાહ સુબ્હાનહુ તઆલાની જ છે, એટલા માટે વકીલે મુત્લક અલ્લાહ જ છે.

**દર્સ તથા સબક** : મુબારક નામ الوَکِیلُ **"અલ્ વકીલ"** થી બંદાના માટે સબક એ છે કે જેમ અલ્લાહ તઆલા તમામ મખ્લૂક માટે મુત્લક કારસાઝ છે. બંદો પણ પોતાના અન્ય ભાઈ માટે કારસાઝ બને અને મદદ કરે અને દરેક શખ્સ પોતાનાં તમામ કામો અલ્લાહને સોંપી તેનાથી આરઝૂ રાખે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયતોમાંથી છે કે તેના વિર્દથી હાજતો પૂરી થાય છે અને મુસીબતો ટળે છે. જે તોફાન વીજળી વગેરેથી ડરતો હોય તે આ મુબારક નામનુ રટણ કરશે તો તેનો ખૌફ દૂર થશે અને રોજીના નવા નવા દરવાજા ખૂલશે.

### اَلقَوِیُّ، المَتِینُ

### અલ્ કવિય્યુ-અલ્ મતીન

**(ઘણી જ કુવ્વત તથા તાકતવાળો)**

**સમજૂતી** : તે પૂરી કુદરત તથા તાકતવાળો છે. જેમાં કુવ્વતની સખ્તી હોય તેને મતીન કહેવામાં આવે છે. અલ્લાહ તઆલા પૂરી કુદરત તથા તાકતવાળો છે તો તે اَلقَوِیُّ **"અલ્ કવિય્યુ"** છે અને તેની કુવ્વતમાં સખ્તી તથા મજબૂતી છે એટલા માટે તે المَتِینُ **"અલ્ મતીન"** છે. અને આ બંને સિફતોની તાકતથી કુદરતના કરિશ્માઓ જાહેર થાય છે.

**દર્સ તથા સબક** : જે બંદો સારી સમજી લેશે કે અલ્લાહ જ તાકતવાળો છે તો હમેશાં તેની તાકત તરફ ફરશે. અને આ રીતે તે અલ્લાહની તાકતને જ સર્વત્ર સમજશે. અને બીજી તાકતો આપમેળે દૂર થઈ જશે. એટલા માટે કે કોઈ પણ વસ્તુને જે કાંઈ તાકત હાંસલ છે તો આ ઝાતથી જ છે. બીજી કોઈ તાકતનો દાવો ગલત છે. બંદો અલ્લાહનો એહસાન માની મખ્લૂકના ડર, ગમ, તથા ગુલામીથી બેખૌફ રહે. જ્યારે બંદો અલ્લાહ તઆલાની કુદરતને સામે રાખશે તો કોઈની બેકાર વાતોની તેને પરવા રહેશે નહીં અને તે પોતાના બુલંદ મકસદો તરફ પેશ કદમી જારી રાખશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ اَلقَوِیُّ **"અલ્ કવિય્યુ"**ની ખાસિયત એ છે કે

તેનાથી કુવ્વત હાંસલ થાય છે, કમ હિંમત તથા શારીરિક કમજોર માણસ આ મુબારક નામનુ વિર્દ કરશે તો જરૂર તેની કમજોરી દૂર થશે. અને મઝલૂમ બંદો જાલિમની બર્બાદીની નિય્યતથી ૧૦૦૦ વાર પઢશે તો તેનો મક્સદ પૂરો થશે.

મુબારક નામ اَلْمَتِيْنُ ''અલ્ મતીન''ની ખાસિયત એ છે કે જે તેનો ઝિક્ર કરશે તેમાં ઘણી તાક્ત પૈદા થશે. જે યુવાન મર્દ અથવા ઔરત ફક્ત દસવાર આ નામનો પઢશે તેની બદકારી ખત્મ થશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## અલ્ વલીય્યુ اَلْوَلِيُّ

### ઘણી જ મહોબ્બત અને મદદ કરવાવાળો

**સમજૂતી :** એવી મહોબ્બત કરવાવાળો જે મદદ તથા તાક્ત પણ બખ્શે છે, તે જ દીનના દુશ્મનોને તબાહ તથા બર્બાદ કરી પોતાના દોસ્તોને વિજય અતા ફર્માવે છે.

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં વલી એ શખ્સ છે જે અલ્લાહ તઆલાથી અને તેના વલીઓથી મહોબ્બત કરે. અને તેના દીન અને તેના અવલિયાને કુવ્વત તથા શક્તિ અતા કરે, અને તેના દુશ્મનોથી અદાવત (દુશ્મની) કરે. અલ્લાહના દુશ્મનોમાં ઈન્સાનનુ નફસ અને શૈતાન આ બે મોટા દુશ્મનો છે. આ બન્નેવને જે બેઈજ્જત કરે, અલ્લાહના દીનની મદદ કરે, અવલિયા અલ્લાહથી મહોબ્બત કરે, અને તેના દુશ્મનોથી દુશ્મની કરે તે ચોક્કસ અલ્લાહનો દોસ્ત તથા મહબૂબ બંદો છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે આ નામનુ વિર્દ કરશે તેને અલ્લાહની વિલાયત તથા દોસ્તી હાંસલ થશે અને કયામતના દિવસે તેનો હિસાબ આસાન થશે. અને જે શખ્સ દરેક જુમ્આની રાત્રે يَا وَلِيُّનો ૧૦૦૦ વાર વિર્દ કરશે તેના તમામ મામલાઓ આસાન થઈ જશે.

## અલ્ હ઼મીદ اَلْحَمِيْدُ

### (તમામ પ્રશંસાવાળો)

**સમજૂતી :** હક઼ીક઼ી પ્રશંસાવાળો અલ્લાહ જ છે. તે ઝાત જેણે પોતાની પ્રશંસા અઝલ અને અબદ બન્નેવમાં જાતે કરી અને તેના બંદાઓ હમેશાં તેની પ્રશંસા કરતા રહેશે. અલ્લાહના ઝિક્ર કરવાવાળા બંદાઓ હમેશાં તેના સિફાતે કમાલ તથા સિફાતે જલાલની સાથે તેની હમ્દ બયાન કરે છે.

**દર્સ તથા સબક઼ :** બંદાઓમાં હમીદ તે શખ્સ છે જેની અકાઈદ, અમલો તથા અખ્લાકની પ્રશંસા કરવામાં આવે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** જે શખ્સ આ નામનું વિર્દ કરશે તેનાં તમામ કામો, વાતો તથા અખ્લાક઼ પ્રશંસાપાત્ર થશે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે :–

يَاحَمِيدَ الْفِعَالِ ذَا الْمَنِّ عَلٰى جَمِيعِ خَلْقِهِ بِالُطْفِهِ

**યા હમીદલ્ ફિઆલિ ઝલમન્ન અલા જમીઈ ખલ્કિ઼હિ બિલુત્ફિહિ**નો વિર્દ જે શખ્સ પૂરી પાબંદીની સાથે કરશે તે મખ્લૂક઼થી દૂર થશે અને તેમની સાથે મેહફિલ વગેરેમાં બેસવાથી દૂર ભાગશે. જ્યારે કે ૪૫ દિવસ સુધી પૂરી ખલ્વત (એકાંત)માં વર્ણન કરેલ દુઆનો વિર્દ કરે. પછી ઈન્શાઅલ્લાહ ! તે દરરોજ વિલાયતથી સરફરાઝ થશે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**તઝકિરતુલ ફરીદિયહ**

**હઝરત ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ નું જીવન ચરિત્ર સંક્ષિપ્તમાં**

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**બરકતે ઈશ્તેમાલ, હરીફુલ મહબ્બત, બુરહાનુલ આશિક઼ીન હઝરત ખ્વાજા ફરીદુલ હક્ક઼ વલ્ મિલ્લત વદ્દીન મસઊદ ગંજ શકર અજોધ઼ની رحمۃ اللہ علیہ નો ટૂંકમાં જીવન પરિચય :** આપનુ નામ મુબારક મસઊદ બિન સુલૈમાન છે. આપ ક઼ૌમ શયખે ફ઼ારૂક઼ી એટલે બીજા ખલીફ઼ા હઝરત ઉમર ફ઼ારૂક઼ رضی اللہ عنہ ની ઔલાદમાંથી છે. આપનો વંશવેલો સત્તરમી પેઢીએ હઝરત ફ઼ારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને જઈને મળે છે. હઝરતનાં વાલિદાનું નામ બીબી કુરસમ ખાતૂન બિન્તે મૌલાના વજીહુદ્દીન ખજંદી છે. આપ અઅ્ઝમુન્નિસા આરિફ઼ાતમાંથી છે. આપનું વર્ણન મોટાભાગની સિયરની કિતાબોમાં વિગત સાથે થયેલું છે.

**લક઼બ શરીફ઼ અને તે મળવાના કારણો :** આપનો લક઼બ શરીફ઼ ફરીદુદ્દીન ગંજ શકર તથા હરીફુલ મહબ્બત છે, કેમ કે ઈશ્ક઼ો મહબ્બતે ઈલાહીની આગે આપના વજૂદમાં પોતાની જાતના જલ્વા સિવાય અન્ય કાંઈ છોડયું ન હતું.

બીજુ કારણ આપનું "ફરીદુદ્દીન" લક઼બ અતા કરવાનું એ છે કે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ "તઝકિરતુલ અવલિયા"ના લેખક છે. અને એક રિવાયતમાં છે કે આ લક઼બ આપને ગયબના પર્દાથી હાંસલ થયો હતો અને "ગંજે શકર" લક઼બ મળવાના ત્રણ કારણો સિયરની કિતાબોમાં વર્ણવ્યા છે.

૧. એકવાર આપે દિલ્હીમાં રોઝો રાખ્યો હતો. નિશ્ચિત સમયે ઈફ઼તાર કર્યો. કોઈ ચીજ એવી આપને એ સમયે ન મળી કે આપને સુકૂન થાય, લાચાર થઈને અડધી રાત વીતતાં આપે ખૂબ જ કમજોરીને લઈને હાથ જમીન પર માર્યો તો થોડાક કાંકરા તે વખતે હાથમાં આવ્યા. આપે એને ઉઠાવીને મોઢામાં રાખી લીધા, તો એ પથ્થરના ટુકડા આપના મોઢામાં ખાંડ(શકર) બની ગયા ! જ્યારે આ ખબર આપના પીર રોશન ઝમીર હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ને થઈ તો આપે ફ઼ર્માવ્યું કે ફરીદ "ગંજે શકર" છે.

૨. આપ એકવાર હઝરત ખ્વાજા શહીદુલ મહ઼બ્બત رحمۃ اللہ علیہ માં હાજરી આપવા માટે રહેઠાણની જગાએથી રવાના થયા તો રસ્તામાં કેટલાયે સ્થળો સુધી આપને ખાવા માટે કાંઈ ન મળ્યું. એક રોજ ખૂબ જ કમજોરીના કારણે આપ જમીન પર ગબડી પડયા, અને જે માટી આપના મોઢામાં પહોંચી તે ખાંડ (શકર) બની ગઈ. જ્યારે આ ખબર હઝરત ખવાજા કુત્બુલ અક઼તાબ رحمۃ اللہ علیہ ને પહોંચી તો આપે ઈર્શાદ ફ઼ર્માવ્યો કે ફરીદુદ્દીન "ગંજ શકર" છે.

૩. એકવાર આપ રસ્તામાં બેઠેલા હતા એવામાં એક વણઝારો આપની સામે થઈને પસાર થયો જેના કોથળાઓમાં ખાંડ (શકર) લાદેલી હતી. આપે એને પૂછયું કે આ કોથળાઓમાં શું છે ? તેણે મઝાકરૂપે કહ્યું કે મીઠુ (નમક) છે. આપે ફ઼ર્માવ્યું : ખૈર ! નમક જ હશે ! તો ખાંડ (શકર) એ જ વખતે મીઠુ બની ગઈ. જ્યારે ઠેકાણા પર પહોંચીને તેણે કોથળા ખોલ્યા તો ખાંડને બદલે મીઠુ જોયું. તે રડતો રડતો હઝરતની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી, ગુલામથી ભૂલ થઈ ગઈ કે શકરને મીઠુ બતાવ્યું, અને આપના ઉચ્ચારણથી

તે મીઠુ બની ગયું. આપે ફર્માવ્યું, જા બાબા ! તે શકર (ખાંડ) હતી તો ખાંડ થઈ ગઈ ! જ્યારે તે વણઝારાએ આવીને જોયું તો મીઠુ સર્વ ખાંડ બની ગયું હતું.

**જન્મ મુબારક :** આપની વિલાદત બાસઆદત કસ્બા ખોટીવાલ કે જેને આજકાલ મશાઈખની ચાવલ કહે છે જે પાક પટ્ટન તા. મહાર શરીફ જિ. મુલતાનમાં આવેલ છે.

**બયઅત તથા ખિલાફત :** આપે ઈરાદત (મુરીદ થતા) પહેલાં ચોતરફ સ્થળોની સૈર કરી, આપે દરેક શહેરના અવલિયાથી ફયઝ પામ્યો. જેમ કે એ બાબત આપના મલ્ફૂઝાતથી જાહેર છે. અને જ્યારે દિલ્હીમાં પહોંચ્યા અને હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત કુત્બુલ અક્તાબ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہનો અઝમત તથા જલાલનો ડંકો સાંભળ્યો તો આપ હાજર થઈને પ્રથમ મજલિસમાં જ અઝમતથી આકર્ષાયને શયખથી મુરીદ થઈ ગયા. ખ્વાજા હરીફુલ મહબ્બત પોતે જ સ્વીકાર કરે છે કે મેં ચોતરફના સ્થળોની સૈર કરી અને હજારો અવલિયા અલ્લાહ જોયા અને તેમના ફયઝ થકી સરફરાઝ થયો. પણ જે અઝમત તથા જલાલ (મહાનતા) મારી નજરે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની જોયી તે કોઈની ન જોયી. (હું એમનો મુરીદ થયો) મારા શયખે ત્રણ દિવસ બાદ કરમની અતાનો દરવાજો મારા પર ખોલી આપ્યો. (છેવટ સુધી)

અને એ પણ નક્લ થયેલ છે કે આપ ઈલ્મ પ્રાપ્તિમાં જ્યારે કે મુલ્તાન ખાતે વ્યસ્ત હતા અને તાલીમ આપનાર બુઝુર્ગથી "કિતાબે નાફેઅ" જે ફિક્હની મશહૂર કિતાબ છે તે પઢતા હતા. એ જ દિવસોમાં હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત અવશ સ્થળેથી મુલ્તાન તશરીફ લાવ્યા. જ્યારે આપની નજર આપના પર પડી તો કશ્ફ થકી આપનો હાલ જાણી લીધો અને નજીક બોલાવીને ફર્માવ્યું કે હે સાહબ ! શું પઢો છો ? આપે અર્ઝ કરી કે "કિતાબે નાફિઅહ" પઢુ છું. એના પર હઝરતે ફર્માવ્યું કે, "નાફેઅ"થી કાંઈ નફો પહોંચવાની ઉમ્મીદ છે ?! આપે ગુઝારિશ કરી કે નાફિઅહથી તો ખૈર પણ મને હઝરતની નિગાહે કરમથી ફાયદો પહોંચવાની અધિક ઉમ્મીદ છે. આવું કહીને કદમ મુબારક હઝરત ખ્વાજા શહીદુલ મહબ્બત رحمۃ اللہ علیہ પર ગબડી પડયા અને મોઅતકિદ બની ગયા અને તાલીમ છોડીને હઝરત ખ્વાજા કુત્બુદ્દીન સાથે દિલ્હી તશરીફ લઈ ગયા. અને મુરીદના સંબંધે બંધાયને ખિલાફતના ખિર્કાથી ફયઝયાબ થયા.

સિયરની કિતાબોમાં લખ્યું છે કે બયઅત વખતે આપની ઉમર ૧૫ કે ૧૮ વરસ હતી અને બયઅત પછી આપ ૮૦ વરસ જીવંત રહ્યા. કુલ ઉમર આપની ૯૫ કે ૯૮ વરસની થઈ.

**અજોધન પાક પટ્ટન શાથી થયું ? :** આપને ફકો ફાકા (ગરીબી તથા ભૂખે રહેવાનું) ખૂબ જ મહબૂબ તથા પ્રિય હતું. કોઈ સ્થળે તશરીફ લઈ જતા તો ત્યાંના રહેવાસીઓ તે અન્વારે ઈલાહી જે આપના ચહેરા મુબારક પર હતા તેને જોઈને ખિદમતમાં હાજર થતા. ત્યાં આપને એ બાબત નાપસંદ પડતી જેથી આપ ત્યાંથી દૂર થઈને બીજી જગાએ તશરીફ લઈ જતા. જ્યારે ત્યાં પણ એ જ મામલો પેશ આવતો તો આપ અન્ય જગાએ જતા રહેતા. એવું કરતાં કરતાં અજોધનમાં પહોંચ્યા કે ત્યાંના રહેવાસી દુરવેશોના મુન્કિર તથા ખૂબ જ સખત તથા કટુ મિજાઝના હતા. કોઈએ આપના ત્યાં પહોંચવા પર ધ્યાન ન કર્યું અને ન આગતા સ્વાગત કરી, બલ્કે બુરુ ભલુ કહેવાનું શરૂ કર્યું. જ્યારે આપે એ મામલો જોયો તો ઘણા જ ખુશ થયા અને પોતાના નફસને સંબોધીને કહ્યું કે, હે ફરીદ ! તારા રહેવા લાયક જગા છે ! અને અજોધનના રહેવાસીઓએ પોતાની બુરી આદતના કારણે આપને શહેરમાં પણ ન રહેવા દીધા જેથી આપ શહેરની બહાર એક ઘટાદાર ઝાડના સાયામાં સ્થાયી થયા અને ખુદાની યાદમાં મશગૂલ થઈ ગયા.

મોટાભાગનો સમય આપ જામેઅ મસ્જિદમાં પસાર કરતા હતા. ત્યાં આપની અવલાદો થઈ. આપ ફાકા પર ફાકા કરતા અને સખત રીતે મહેનત તથા તકલીફ વેઠતા અને ત્યાં જ રહેતા. વધુ પેજ નં. ૧૩ પર

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## હજ્જનું બયાન

ઈસ્લામમાં ઈમાન લાવ્યા પછી જે ચાર ઈબાદતો ફર્ઝ છે તેમાં પહેલી ઈબાદત નમાઝ છે, બીજી રોઝા, ત્રીજી ઝકાત અને ચોથી ઈબાદત હજ છે. હજ એવી રીતે થાય છે કે એહરામ બાંધીને મક્કા શહેરમાં જઈને મસ્જિદે હરામમાં કા'બા શરીફની આસપાસ ફેરા (ચક્કર) ફરવામાં આવે છે અને એની નજીક એક જગ્યા છે ત્યાં દોડ લગાવવામાં આવે છે. અને એક બીજી જગ્યા પર ઠહેરવામાં (રોકવામાં) આવે છે અને કુર્બાની કરવામાં આવે છે તેમજ વાળ મૂંડાવવામાં આવે છે અને બીજી કેટલીક વિધિઓ કરવામાં આવે છે જેનું વિગતવાર બયાન આગળ આપવામાં આવશે. આ છે હજ. હજ ફર્ઝ છે. જે એને ફર્ઝ ન માને તે કાફિર છે. આખી જિંદગીમાં એક વખત હજ પઢવી ફર્ઝ છે. હજ ન કરવામાં સખત ગુનોહ છે. એટલે સુધી કે બેઈમાન થઈને મરવાનો ભય છે અને હજ કરવામાં ફર્ઝની અદાયગી સિવાય ઘણો ઘણો સવાબ તેમજ બરકતો રહેલી છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હજ કરતા પહેલાં જેટલા ગુનાહો થઈ ચૂક્યા છે તે સર્વે ગુનાહોને હજ મિટાવે છે. અને ફર્માવ્યું કે કમઝોરો તથા ઔરતો માટે હજ જેહાદ છે અને ફર્માવ્યું કે હાજીની મગફિરત થઈ જાય છે અને હાજી જેને માટે મગફિરતની દુઆ કરે તેની પણ મગફિરત થઈ જાય છે. વળી ફર્માવ્યું કે હાજીના દરેક કદમ પર તેના આમાલનામામાં સાત કરોડ નેકીઓ લખવામાં આવે છે અને ફર્માવ્યું કે જો હજ કબૂલ થઈ તો એનો સવાબ જન્નત જ છે. વળી ફર્માવ્યું કે જે હજ કરવા માટે નીકળ્યા અને રસ્તામાં મૃત્યું પામ્યા તો તેઓ વિના હિસાબે જન્નતમાં જશે અને કયામત સુધી એમના માટે હજનો સવાબ લખવામાં આવશે અને બીજી ઘણી જ ફઝીલતો છે. અમે ફકત ટૂંકમાં થોડીક હદીષોની લખી છે.

જ્યારે હજ કરવા લાયક થઈ જાય તો તાકીદે હજ કરવી ફર્ઝ થઈ જાય છે. એટલે કે તે જ વરસે (હજ કરી લેવી). મોડું કરવામાં ગુનોહ છે અને ઘણા વરસો સુધી ન જાવ તો (હજ ન કરો તો) ગુનેહગાર છે અને તેની ગવાહી સ્વીકૃત નથી પરંતુ જ્યારે પણ હજ કરશે ત્યારે હજ અદા થઈ જશે, કઝા નહીં થાય. *(દુર્રે મુખ્તાર)*

**હજ્જનો સમય** : શવ્વાલથી લઈને ૧૦મી ઝીલહજ્જ સુધીનો છે. એનાથી પહેલાં હજના અરકાનો થઈ શકતા નથી એહરામ સિવાય. કેમ કે એહરામ એનાથી પહેલાં પણ થઈ શકે છે. પરંતુ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહતાર)*

હજ માટે આઠ શરતો છે. જ્યારે એ તમામ શામિલ હોય ત્યારે હજ ફર્ઝ થશે. તે આઠ શરતો આ પ્રમાણે છે : **(૧)** મુસલમાન હોવું **(૨)** જો ગેરમુસ્લિમ હુકૂમતમાં હોય તો (હજની) ફર્ઝિયતનો ઈલ્મ હોવો **(૩)** બાલિગ હોવું **(૪)** આકિલ હોવું (કેમ કે પાગલ પર ફર્ઝ નથી) **(૫)** આઝાદ હોવું **(૬)** હજમાં જઈ શકે એટલું તંદુરસ્ત હોવું (કેમ કે અપંગ, આંધળા તથા જેના પગ કપાયેલા છે અને એટલો વૃધ્ધ છે કે પોતે સવારી પર બેસી ન શકતો હોય તેમના પર હજ ફર્જ નથી)

**મસ્અલા :** પહેલાં તંદુરસ્ત હતો અને બીજી શરતો પણ લાગુ પડતી હતી તેમ છતાં હજ ન કરી, પાછળથી અપંગ થઈ ગયો કે જેથી હજ કરી શકતો નથી તો એના પર હજનો ફર્ઝ બાકી રહેશે. હવે તે પોતે હજ નથી કરી શકતો તો હજ્જે બદલ કરાવવી (આલમગીરી વગેરે) (૭) હજની સફરના ખર્ચનું માલિક હોવું અને સવારીની તાકાત હોવી. સફરનો ખર્ચ અને સવારીની તાકાતનો મતલબ એ છે કે અસલી હાજત સિવાય એટલો માલ હોય કે સવારી પર મક્કા મોઅઝ્ઝમા જઈ શકે અને ત્યાંથી સવારી પર પરત આવી શકે અને જતાં પહેલાંથી લઈને પાછા આવતાં સુધીનો પોતાનો ખર્ચ તેમજ પોતાના એહલો અયાલનો ખર્ચ તથા મકાન વગેરેનો મરામત ખર્ચ પૂરતો બાકી રહેતો હોય. એહલો અયાલનો મતલબ એ છે કે જેમનું ભરણ પોષણ તેના પર શરઅન (શરીઅતની રીતે) વાજિબ હોય. હાજતે અસલિયાનો અર્થ એ છે કે રહેવાનું મકાન, પહેરવા માટેનાં કપડાં, નોકર, સવારીનાં જાનવર, ધંધાના ઓજારો, ઘરનો સામાન, દેવું (જે કોઈનું કંઈ આપવાનું હોય તેને દેવું કહે છે) જેમ કે ઉછીના રૂપિયા (ઉધાર), મહેરની રકમ, બાકી પડતી રકમ જેને ચૂકવવી પોતાના માથે ફર્ઝ હોય (અદા કરવાની જવાબદારી હોય તે દેવું કહેવાય છે). *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા :** જેનું ગુજરાન વેપાર પર હોય અને એટલી હેસિયત થઈ ગઈ હોય કે એમાંથી પોતાનો જવા આવવાનો ખર્ચ તથા ઘરવાળાઓનો ખાવા પીવાનો ખર્ચ કાઢી લેવામાં આવે તો બાકી એટલી રકમ બચતી હોય કે જેનાથી ગુજરાન કરી શકે એટલો વેપાર કરી શકાશે તો એના પર હજ ફર્ઝ છે અને જો ખેડૂત હોય તો આ તમામ ખર્ચ પછીથી એટલી બચત રહેતી હોય કે ખેતીનો સામાન જેમ કે બળદ વગેરે માટે પૂરતી હોય તો હજ ફર્ઝ છે. એ જ રીતે બીજા ધંધાદારો માટે પોતાના ધંધાને માટે બચત રહેવી જરૂરી છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)* (૮) સમય : એટલા દિવસો પહેલાં આ તમામ શરતો પૂરી થતી હોય કે હજ માટેની તારીખોમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચી શકાશે તો હજ ફર્ઝ થશે.

**મસ્અલા :** ઔરતને મક્કા જવા માટે ત્રણ દિવસ કે તેથી વધારાનો રસ્તો હોય તો તેની સાથે પોતાના પતિ અથવા મેહરમનું હોવું શર્ત છે. ચાહે ઔરત જવાન હોય કે વૃધ્ધ અને પતિ કે મેહરમ જેની સાથે સફર કરી શકતી હોય તેનું આકિલ, બાલિગ, ગેરફાસિક હોવું શર્ત છે. *(હિદિંયા, ક઼ાઝીખાન, બહાર)*

**મસ્અલા :** પતિ કે મેહરમ વગર ઔરત જશે તો ગુનેહગાર થશે પણ હજ કરશે તો હજ થઈ જશે એટલે કે ફર્ઝ અદા થઈ જશે.

**હજ્જની રીત :–** જ્યારે મીક઼ાત નજીક આવે તો વુઝૂ કરે, ગુસ્લ કરે, ખૂશ્બૂ લગાડે અને એહરામ બાંધે અને એહરામની નિય્યતથી બે રકાત નફ્લ નમાઝ પઢે અને નમાઝ પઢયા પછી આ પ્રમાણે પઢવું :–

اَللّٰھُمَّ اِنِّیۡ اُرِیۡدُ الۡحَجَّ فَیَسِّرۡہُ لِیۡ وَتَقَبَّلۡہُ مِنِّیۡ
نَوَیۡتُ الۡحَجَّ وَاَحۡرَمۡتُ بِہٖ مُخۡلِصاًلِّلّٰہِ تَعَالٰی۔

અને એ નિય્યત પઢયા પછી મોટેથી **લબ્બૈક** બોલવું **લબ્બૈક** આ પ્રમાણે છે :–

لَبَّیۡکَ اَللّٰھُمَّ لَبَّیۡکَ لَا شَرِیۡکَ لَکَ لَبَّیۡکَ
اِنَّ الۡحَمۡدَ وَالنِّعۡمَۃَ لَکَ وَالۡمُلۡکَ لَا شَرِیۡکَ لَکَ۔

ત્યારબાદ દુરૂદ શરીફ પઢવું પછીથી આ દુઆ માંગે :–

اَللّٰھُمَّ اِنِّیۡ اَسۡئَلُکَ رِضَاکَ وَالۡجَنَّۃَ وَاَعُوۡذُ بِکَ مِنۡ غَضَبِکَ وَالنَّارِ۔

લબ્બૈક વારંવાર બોલ્યા કરવું. જ્યારે પણ લબ્બૈક બોલે ત્યારે ત્રણ વખત બોલવું. આ એહરામની વાત થઈ. એહરામની હાલતમાં જે

ચીજો હરામ છે તેનાથી બચવું, જ્યારે મક્કામાં હરમ શરીફની નજીક પહોંચો તો ત્યાંથી અદબપૂર્વક, નીચી નજરે ખુશૂઅ ખુઝૂઅ સાથે જવું. બની શકે તો ઉઘાડા પગે પગપાળા ચાલવું અને લબ્બૈક તથા દુઆઓ કરતા રહે. જ્યારે મક્કા મોઅઝ્ઝમા નજરો સામે આવે ત્યારે રોકાઈને આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ اجْعَلْ لِیْ بِهَا قَرَارًاوَّارْزُقْنِیْ فِیْهَا رِزْقاً حَلاَلاً۔**

અને ખૂબ દુરૂદ શરીફ પઢતા રહેવું. બેહતર એ છે કે ન્હાયને દાખલ થાય તેમજ જન્નતુલ માલામાં જે હઝરાત દફન થયેલા છે તેમને ફાતેહા પઢી લે, પછીથી મક્કા શરીફમાં દાખલ થવા માંડો ત્યારે આ દુઆ પઢો :–

**اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ وَاَنَا عَبْدُكَ وَالْبَلَدُ بَلَدُكَ جِئْتُكَ هَارِباً مِّنْكَ اِلَیْكَ لِاُ وَدِّیَ فَرَائِضَكَ وَاطْلُبَ رَحْمَتَكَ وَاَلْتَمِسُ رِضْوَانَكَ اَسْئَلُكَ مَسْئَلَةَ الْمُضْطَرِّیْنَ اِلَیْكَ الْخَائِفِیْنَ عَقُوْبَتَكَ اَسْئَلُكَ اَنْ تُقَبِّلَنِیَ الْیَوْمَ بِعَفْوِكَ وتُدْخِلَنِیْ فِیْ رَحْمَتِكَ وَتَتَجَاوَزَ عَنِّیْ بِمَغْفِرَتِكَ وَتُعِیْنَنِیْ عَلیٰ اَدَاءِ فَرَائِضَكَ اَللّٰهُمَّ نَجِّنِیْ مِنْ عَذَابِكَ وَاَفْتَحْ لِیْ اَبْوَابَ رَحْمَتِكَ وَاَدْخِلْنِیْ فِیْهَا وَاَعِذْنِیْ مِنَ الشَّیْطَانِ ارَّجِیْمِ۔**

આગળ ચાલતાં જ્યારે મદઆ (મદઆ તે જગાનું નામ છે જ્યારે મકાનો બંધાયાં ન હતાં ત્યારે અહીંથી કા'બા નજરે પડતો હતો) પહોંચો તો ત્યાં રોકાઈને પોતાના માટે, તમામ અઝીઝો, દોસ્તો તથા તમામ મુસલમાનો માટે મગફિરત તથા વિના હિસાબે જન્નતમાં દાખલ થવાની સાચા દિલથી દુઆ કરવી. (કેમ કે) આ દુઆ કબૂલ થવાનો વખત છે. આ મોકા પર ખૂબ દુરૂદ શરીફ પઢવું અગત્યનું છે. આ જગ્યાએ ત્રણ વખત **અલ્લાહુ અકબર** અને ત્રણ વખત **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહેવું અને આ પ્રમાણે પઢવું :–

**رَبَّنَا اٰتِنَافِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ۔ اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ مِنْ خَیْرِ مَاسَئَلُكَ مَنْهُ نَبِیُّكَ مُحَمَّدٌ صَلَّی اللّٰهُ تَعَلیٰ عَلَیْهِ وَسَلَّمَ وَاَعُوْذُبِكَ مِنْ شَرِّمَا اسْتَعَاذَكَ مِنْهُ نَبِیُّكَ مَحَمَّدٌ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ۔**

અને આ દુઆ પણ પઢે :–

**اَللّٰهُمَّ اِیْمَاناً بَكَ وَتَصْدِیْقاً بِكِتَابِكَ وَوَفَاءً بِعَهْدِكَ وَاِتِّبَاعاً لِّسُنَّةِ نَبِیِّكَ سَیِّدِ نَا وَمَوْلاَنَا مُحَّمَدٍ صَلِّ عَلَیْهِ وَسَلِّمْ اَللّٰهَمَّ زِدْبَیْتَكَ هٰذَا تَعْظِیْماً وَّتشْرِیْفًا وَّمَهَا بَةً وَّ زِدْمِنْ تَعْظِیْمِهٖ وَتَسْرِیْفِهٖ مَنْ حَجَّهٗ وَاعْتَمَرَهٗ تَعْظِیْماً وَّتَشْرِیْفًا وَّمَهَابَةً۔**

અને આ બધી દુઆઓ ઓછામાં ઓછી ત્રણ વખત આ જગ્યાએ પઢવી.

**اَللّٰهُمَّ هٰذَا بَیْتُكَ وَاَنَا عَبْدُكَ اَسْئَلُكَ الْعَفْوَ وَالْعَافِیَةَ فِیْ الدَّیْنِ وَالدُّنْیَا وَالْاٰخِرَةِلِیْ وَلِوَالِدَیَّ وَلِلْمُوْمِنِیْنَ وَالْمُوْمِنَاتِ وَلِعُبَیْدِكَ شَمْسُ الدِّیْنِ۔ اَللّٰهُمَّ انْصُرْهُ نَصْراً عَزِیْزاً۔ اٰمین**

પછીથી આગળ વધવું. જ્યારે મક્કા મોઅઝ્ઝમામાં પહોંચી જાઓ તો ઝિક્રે ખુદા વ રસૂલ કરતા કરતા, પોતાના તથા તમામ મુસલમાનોની બન્ને જહાનમાં કામયાબીની દુઆ કરતા કરતા, **લબ્બૈક** કહેતા સૌ પ્રથમ બાબે સલામ સુધી પહોંચો અને તે પવિત્ર ચોખટને ચૂમી પ્રથમ જમણો પગ અંદર મૂકો અને આ દુઆ પઢો :–

**اَعُوْذُبِاللّٰهِ الْعَظِیْمِ وَبِوَجْهِهِ الْكَرِیْمِ وَسُلْطَانِهِ الْقَدِیْمِ مِنَ الشَّیْطَانِ ارَّجِیْم بِسْمِ اللّٰهِ۔ اَلْحَمْدُ لِلّٰهِ وَالسَّلَامُ عَلیٰ رَسُوْلِ اللّٰهِ اَللّٰهُمَّ صَلِّ عَلیٰ سَیِّدِ نَا**

مُحَمَّدٍ وَعَلٰى اٰلِ سَيِّدِنَا مُحَمَّدٍ وَّاَزْوَاجِ سَيِّدِ نَا مُحَمَّدٍ اَللّٰهُمَّ اغْفِرْ لِىْ ذُنُوْبِىْ وَافْتَحْ لِىْ اَبْوَابَ رَحْمَتِكَ۔

આ દુઆને યાદ કરી લો. જ્યારે પણ મસ્જિદે હરામ કે બીજી કોઈ પણ મસ્જિદમાં જાવ તો આ જ પ્રમાણે દાખલ થવું અને આ દુઆ પઢયા કરે અને તે વખતે આ દુઆની સાથે ખાસ કરીને આટલું ઉમેરો (આટલું વધારે પઢવું) :–

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ السَّلَامُ وَاِلَيْكَ يَرْجِعُ السَّلَامُ حَيِّنَا رَبَّنَا بِالسَّلَامِ وَاَدْخِلْنَا دَارَ السَّلَامِ تَبَارَكْتَ رَبَّنَا وَتَعَالَيْتَ يَاذَالْجَلَالِ وَالْاِكْرَامِ اَللّٰهُمَّ اِنَّ هٰذَا حَرَمُكَ وَمَوْضِعُ اَمْنِكَ فَحَرِّمْ لَحْمِىْ وَبَشَرِىْ وَدَمِىْ وَمَخِّىْ عِظَامِىْ عَلَى النَّارِ۔

જ્યારે કા'બા શરીફ પર નજર પડે ત્યારે ત્રણ વખત **લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર** કહેવું (પઢવું) અને આ દુઆ પઢવી :–

رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّ فِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ۔

તેમજ દુરૂદ શરીફ પણ પઢવું. પછીથી અલ્લાહ તઆલાનું પાક નામ લઈ તવાફ શરૂ કરે. મતાફમાં હજરે અસ્વદની પાસેથી તવાફ શરૂ થશે. હજરે અસ્વદની નજીક પહોંચી આ દુઆ પઢવી :–

لَااِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ صَدَقَ وَعْدَهٗ نَصَرَ عَبْدَهٗ وَهَزَمَ الْاَحْزَابَ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ۔ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٍ۔

તવાફ શરૂ કરતાં પહેલાં (એટલે કે એહરામની ચાદરને જમણી બગલ નીચે કાઢવી જેથી જમણો ખભો ખુલ્લો રહે અને ડાબા ખભા પર મર્દ ઈસ્તોબઅ કરે પછીથી) કા'બા શરીફ તરફ મોઢું રાખીને હજરે અસ્વદની જમણી બાજુ પર રૂકને યમાની તરફ હજરે અસ્વદની પાસે એવી રીતે ઊભા રહેવું કે પૂરેપૂરો હજરે અસ્વદ જમણા હાથ તરફ રહે. પછી તવાફની નિય્યત કરવી :–

اَللّٰهُمَّ اِنِّىْ اُرِيْدُ طَوَافَ بَيْتِكَ الْمُحَرَّمِ فَيَسِّرْهُ لِىْ وَتَقَبَّلْهُ مِنِّىْ۔

નિય્યત કર્યા પછી કા'બા શરીફ તરફ મોઢું કરીને પોતાની જમણી બાજુ તરફ ચાલવું. જ્યારે હજરે અસ્વદની સામે આવો ત્યારે કાનો સુધી એવી રીતે હાથ ઊઠાવવા કે હથેળીઓ હજરે અસ્વદની તરફ રહે અને :

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَاللّٰهُ اَكْبَرُ وَالْحَمْدُ لِلّٰهِ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ۔

બોલવું અને બની શકે તો હજરે અસ્વદ પર બંને હથેળીઓ રાખી તેની વચમાં મોઢું રાખી એવી રીતે ચૂમવું કે અવાજ ન થાય. ત્રણ વાર આ રીતે કરવું. જો આ સુવિધા નસીબ થાય તો ઘણી મોટી ખુશ કિસ્મતી ગણાશે કે આપણુ મોઢું ત્યાં પહોંચ્યું કે જ્યાં સરકારે દો આલમ ﷺ એ પોતાનું નૂરાની મોં રાખી બોસો દીધો હતો. ભીડના કારણે જો ચૂમી ન શકાય તો એને માટે ધક્કા મુક્કી ન કરવી. હાથથી અડકીને પોતાના હાથ ચૂમી લેવા અને એ પણ શકય ન બને તો એના તરફ હાથો રાખીને પછી હાથોને ચૂમી લેવા. ચૂમવાની આ રીતને **ઈસ્તેલામ** કહે છે. ઈસ્તેલામ કરતી વખતે આ દુઆ પઢવી :–

اَللّٰهُمَّ اغْفِرْلِىْ ذُنُوْبِىْ وَطَهِّرْ لِىْ قَلْبِىْ وَاشْرَحْ لِىْ صَدْرِىْ وَيَسِّرْ لِىْ اَمْرِىْ وَعَافِنِىْ فِيْمَنْ عَافَيْتَ۔ اَللّٰهُمَّ اِيْمَانًا بِكَ وَتَصْدِيْقًا بِكِتَابِكَ وَوَفَاءً بِعَهْدِكَ وَاتِّبَاعًا لِسُنَّةِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ اٰمَنْتُ بِاللّٰهِ وَكَفَرْتُ بِالْجِبْتِ وَالطَّاغُوْتِ۔

અને પઢતાં પઢતાં કા'બાના દરવાજા તરફ

આગળ વધવું. જ્યારે હજરે અસ્વદની સામેથી નીકળી જાવ તો સીધા થઈ જવું અને એવી રીતે ચાલવું કે કા'બા શરીફ ડાબા હાથ તરફ રહેવા પામે. ચાલવામાં કોઈને તકલીફ ન આપવી. કા'બાથી જેટલું નજીક રહે તેટલું સારું ગણાશે, પરંતુ એટલા નજીક ન રહેવું કે પોતાના શરીર કે કપડાં દીવાલથી લાગી જાય. જ્યારે મુલ્તઝિમની સામે આવો ત્યારે આ દુઆ પઢો :–

**اَللّٰهُمَّ هٰذَا الْبَيْتُ بَيْتُكَ وَالْحَرَمُ حَرَمُكَ وَالْاَمْنُ اَمْنُكَ وَهٰذَا مَقَامُ الْعَائِذِ بِكَ مِنَ النَّارِ فَاجِرْنِىْ مِنَ النَّارِ اَللّٰهُمَّ قَنِّعْنِىْ بِمَارَزَقْتَنِىْ وَبَارِكْ لِىْ فِيْهِ وَاخْلُفْ عَلٰى كُلِّ غَائِبَةٍم بِخَيْرٍ لَا اِلٰهَ اَلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ لَهٗ۔ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ۔**

અને જ્યારે રૂકને ઈરાકીની સામે આવો ત્યારે આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنَ الشَّكِّ وَالشِّرْكِ وَالشِّقَاقِ وَالنِّفَاقِ وَسُوْءِ الْاَخْلَاقِ وَسُوْءِ الْمُنْقَلَبِ فِى الْمَالِ وَالْاَهْلِ وَالْوَلَدِ۔**

અને જ્યારે મિઝાબે રહમતની સામે આવો ત્યારે આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ اَظِلَّنِىْ تَحْتَ ظِلِّ عَرْشِكَ يَوْمَ لَاظِلَّ اِلَّا ظِلُّكَ وَلَا بَاقِىَ اِلَّا وَجْهُكَ وَاسْقِنِىْ مِنْ حَوْضِ نَبِيِّكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمْ شَرْبَةً هَنِيْئَةً لَّا اَظْمَاءُ بَعْدَ هَااَبَداً۔**

ત્યારબાદ રૂકને શામીની સામે પહોંચો ત્યારે આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ اجْعَلْهُ حَجًّا مَبْرُوْراً وَّسَعْيًا مَشْكُوْراً وَّذَنْبًا مَغْفُوْراً تِجَارَةً لَّنْ تَبُوْرَ يَا عَالِمَ مَافِى الصُّدُوْرِ اَخْرِجْنِىْ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ۔**

અને જ્યારે રૂકને યમાની પાસે આવો ત્યારે એને બન્ને હાથો વડે અથવા તો જમણા હાથે અડકવું અને ચૂમવાની ઈચ્છા હોય તો ચૂમી લો અને આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ الْعَفْوَوَالْعَافِيَةَ فِى الدِّيْنِ وَالدُّنْيَا وَالْاٰخِرَةِ۔**

રૂકને યમાનીથી આગળ વધતાં મુસ્તજાબ આવે છે ત્યાં પણ ઉપર લખેલી દુઆ પઢવી અથવા **رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ۔** પઢવું અથવા કેવળ દુરૂદ શરીફ પઢી લો. દુઆ તથા દુરૂદ શરીફ ખૂબ મોટેથી ન પઢવું. પછી ચારે બાજુ ફરીને હજરે અસ્વદ પર પાછા ફર્યા તો એક ફેરો થયો. આ વખતે પણ હજરે અસ્વદને ઈસ્તેલામ કરે. પછીથી એ જ રીતે બીજા છ ફેરા ફરવા એટલે કે કુલ સાત ફેરા ફરવા. પહેલાં ત્રણ ફેરામાં રમલ કરવા. જ્યારે સાત ફેરા પૂરા થઈ ગયા તો એક તવાફ થયો ગણાશે. આને તવાફે કુદૂમ કહેવામાં આવે છે. તવાફ પૂરા થયા પછી મકામે ઈબ્રાહીમ પર આવવું અને આ આયત પઢવી : **وَاتَّخِذُوْامِنْ مَقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى۔** પછી તવાફની બે રકાત નમાઝ પઢવી. આ નમાઝ પઢવી વાજિબ છે. એની પહેલી રકાતમાં **કુલ યા અય્યુહલ કાફિરૂન**ની સૂરત અને બીજી રકાતમાં **કુલ હુવલ્લાહ**ની સૂરત પઢવી. નમાઝ પઢયા પછી દુઆ માંગવી. હદીષમાં આ દુઆ આવેલી છે :–

**اَللّٰهُمَّ اِنَّكَ تَعْلَمُ سِرِّىْ وَعَلَا نِيَتِىْ فَاقْبَلْ مَعْذِرَتِىْ وَتَعْلَمُ حَاحَتِىْ فَاَعْطِنِىْ سُؤْلِىْ وَتَعْلَمُ مَافِىْ نَفْسِىْ فَاغْفِرْلِىْ ذُنُوْبِىْ اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اِيْمَانًا يُّبَاشِرُ قَلْبِىْ وَيَقِيْنًا صَادِقًا اَعْلَمُ اَنَّهٗ لَا يُصِيْبُنِىْ اِلَّا مَاكَتَبْتَ لِىْ وَرِضًى مِّنَ الْمَعِيْشَةِ بِمَا قَسَمْتَ لِىْ يَااَرْحَمَ ارَّاحِمِيْنَ۔**

*(ક્રમશ:)....*

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ શું વૃક્ષો અને ગોખલામાં શહીદ પુરૂષો રહે છે ? ★

કેટલાક લોકો કહે છે કે ફલાણા વૃક્ષ ઉપર શહીદ પુરૂષ રહે છે અથવા ફલાણા ગોખલામાં શહીદ પુરૂષ રહે છે અને એવા વૃક્ષો અને ગોખલાઓ પાસે જઈને ફાતિહા દેવડાવે છે, હાર, ફૂલ અને ખુશ્બુ વગેરે નાખે છે, લોબાન, અગરબત્તી વગેરે બાળે છે અને ત્યાં મુરાદો માગે છે, આ બધી શરીઅતની વિરુદ્ધની ખોટી માન્યતાઓ છે જે ફક્ત જહાલત (અજ્ઞાનતા)ને કારણે આમ લોકોમાં ફેલાય ગયેલ છે જેને દૂર કરવું અતિ આવશ્યક છે. સાચી વાત તો એ છે કે ગોખલાઓ, મેહરાબો, વૃક્ષો વગેરેમાં ખુદાના મહબૂબોના રહેઠાણ માનીને ત્યાં હાજરી આપવી, ન્યાઝ, ફાતિહા કરવું, અગરબત્તી, મીણબત્તી સળગાવવી, હાર, ફૂલ ચઢાવવા, ખૂશ્બૂઓ લગાડવી, ચૂમવું, ચાટવું વગેરે કોઈપણ રીતે જાઈઝ નથી. આ'લા હઝરત رحمۃ اللہ علیہ આવી વાતો બાબત ફર્માવે છે : "આ બધું વાહિયાત, ખુરાફાત (બેહૂદી વાતો) અને અજ્ઞાનતાવાળી મૂર્ખાઈ અને જૂઠાણુ છે અને તેને દૂર કરવું જરૂરી છે." *(અહકામે શરીઅત, ભાગ : ૧, પેજ : ૩૨)*

આજકાલ લોકો આવી ખોટી હરકતોથી રોકવાવાળાઓને "વહાબી" કહી દે છે. જો કે કોઈપણ મુસલમાનને વહાબી કહેવામાં ઉતાવળ કરવી જોઈએ નહીં, જ્યાં સુધી કે તેના અક઼ીદાઓની પૂરેપૂરી તપાસ ન થઈ જાય, અને શરીઅત વિરુદ્ધનાં કાર્યો અને બિદઅતોથી રોકવું એ તો અહલે સુન્નતનું જ કામ છે. વહાબી તો એને કહે છે જે અલ્લાહ ﷻ અને તેના મહબૂબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અને બુઝુર્ગાને દીનની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરતો હોય અથવા જાણીબુઝીને ગુસ્તાખી કરવાવાળાઓની ચળવળ (જમાત)માં સામેલ હોય, એવા લોકોને સારા માનતો હોય. વહાબી કોને કહે છે એ બધી બાબતોને વિગતવાર અમે અમારી કિતાબ "દરમ્યાની ઉમ્મતી"માં લખી નાખેલ છે. આ કિતાબ ઉર્દૂ અને હિંદીમાં અલગ અલગ છપાઈ ચૂકી છે.

## ★ કેટલાંક ખોટા નામોની જાણકારી ★

કેટલાક લોકો તેમનાં બાળકોનાં નામ અહમદનબી, મુહમ્મદનબી, રસૂલઅહમદ, નબીઅહમદ રાખી લે છે, જે ખોટું છે. તેના બદલે ગુલામમુહમ્મદ અથવા ગુલામરસૂલ અથવા ગુલામનબી રાખવું જોઈએ અથવા મુહમ્મદનબી અને અહમદનબી નામમાં નબીની આગળ "હ" વધારીને મુહમ્મદનબીય્યહ અથવા અહમદનબીય્યહ કરી લેવું જોઈએ.

ગફૂરૂદ્દીન નામ રાખવું પણ ખોટુ છે. કેમ કે ગફૂરનો અર્થ મિટાવવાવાળો થાય છે આથી ગફૂરુદ્દીનનો અર્થ દીનને મિટાવનાર થયો. لاحول ولا قوة الا بالله અલ્લાહ ﷻ નું નામ ગફૂર એટલા માટે છે કે તે ગુનાહોને મિટાવે છે. નામ રાખવાના સંદર્ભે શું જાઈઝ છે અને શું નાજાઈઝ છે એ બધી વિગતને વિગતવાર જાણવા માટે હુઝૂર આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ લિખિત મુબારક કિતાબ "અહકામે શરીઅત"માં પેજ ૭૨ થી ૯૮ સુધીનું વાંચન કરવું જોઈએ. ***નોંધ** : કેટલાક લોકોનાં નામ એ પ્રકારે હોય છે જેમાં અલ્લાહ તબારક વ તઆલાના ખાસ નામની સાથે "અબ્દ" લગાડવાનું હોય છે, જેમ કે અબ્દુલ્લાહ, અબ્દુર્રહમાન, અબ્દુર્રઝ્ઝાક઼, અબ્દુલખાલિક઼ વગેરે તો આવા નામવાળાઓને અબ્દ લગાડયા વગર ફક્ત રહમાન, રઝ્ઝાક઼ અથવા ખાલિક઼ બિલકુલ કહેવું જોઈએ નહીં અને ઈસ્લામમાં આ ઘણી જ ખરાબ વાત છે, જેનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે.*

★ ઉદાહરણ નં. : ૨૪ ★

પબ્લિકના હાથોમાં કુર્આન તથા હદીષો થમાવીને તેમને મુજતહિદ તથા મોહક્કિક઼ બનાવનાર ગૈર મુક઼લ્લિદોએ દીન તથા મઝહબને કેવો તમાશો બનાવ્યો છે !

# હદીષોના દુશ્મન !

કુર્આન તથા હદીષના ઈર્શાદો (ફ઼ર્માન) મુજબ પબ્લિકનું તો માત્ર એ જ કામ છે કે ઈલ્મવાળાઓને પૂછીને પોતાના દીની મસાઈલ ઉપર અમલ કરે.

ભલા આ કેવી દીનદારી છે કે દીનના વિષયમાં સહાબા તથા તાબઈઓ અને મુજતહિદ ઈમામોની તેહક઼ીકોને અનૂચિત તથા અયોગ્ય જાણીને દરેક વ્યક્તિ નવેસરથી પોતાની રીતે તમામ દીની મસઅલાઓની ફરીથી તેહક઼ીક઼ કરવા બેસી જાય ?!

જિંદગીઓ પૂરી થઈ જશે પરંતુ એક મસ્અલાની પણ તેહક઼ીક઼ તો શું તેની પહેચાન તથા ઓળખ પણ નહીં થાય !

અને જો એ જ પ્રમાણેની આઝાદી તથા સ્વતંત્રતા આપી દેવામાં આવે દરેકને તો જેટલા મુજતહિદો થશે એટલા જ મઝહબો પણ પેદા થઈ જશે અને ત્યાર બાદ જે મતભેદો તથા વિખવાદો ઉભા થશે તેનો વિચાર કરવો પણ અકલ્પ્ય લાગે છે.

ગૈર મુક઼લ્લિદિયત ફ઼િત્નાઓની જનેતા છે, અને તેઓ ઘણા જોરશોરની સાથે દાવો કરે છે એહલે હદીષ હોવાનો, પરંતુ દાવા તથા અમલનો ખુલ્લો વિરોધાભાસ જુઓ :–

☑ **હક઼્ક઼ :–**

**હદીષ** : ઉમ્મુલ મો'મિનીન સૈયદા આઈશા رضی اللہ عنہا ફ઼ર્માવે છે, અલ્લાહના રસૂલ ﷺએ ફ઼ર્માવ્યું, જવાન સ્ત્રીની નમાઝ ઓઢણી વિના ક઼બૂલ નથી થતી. *(તિર્મિઝી, ભાગ–૧, પેજ–૮૫, સુનને અબૂ દાઊદ, પેજ–૯૪)*

આ ફ઼ર્માને રસૂલ ﷺથી બગાવતનું એલાન કરતાં ગૈર મુક઼લ્લિદ આલિમ લખે છે :

☒ **બાતિલ :-**

**અહલે હદીષ** : નમાઝમાં સતર (સ્ત્રીઓના વાળ પણ તેણીઓના સતરમાં ગણાય છે) ખુલી જાય અથવા તે નાપાક કપડાઓમાં નમાઝ પઢી લે તો નમાઝ થઈ જશે. *(ઉર્ફુલજાદી, પેજ–૨૧)*

ફ઼િક઼્હે હન્ફ઼ી ઉપર આગળી ચિંધનારાઓ પહેલાં પોતાના ઘરની ખબર લે ! ગૈર મુક઼લ્લિદ મોલ્વી સાહેબ નાપાક કપડાંઓમાં નમાઝ પઢવાની ઈજાઝત આપી રહ્યા છે ! (મઆઝલ્લાહ !)

★ **ઉદાહરણ નં. : ૨૫** ★

ગૈર મુક઼લ્લિદો પોતાનાં લખાણો તથા તક઼રીરો, કિતાબો તથા માસિકોમાં ઘણા જોશભેર આ નારો લગાડે છે કે તેઓ હદીષ પર પેરવી (અમલ) કરવાના જઝબામાં તક઼લીદને છોડી આપે છે. પરંતુ ગૈર મુક઼લ્લિદોનો આ દાવો સો ટકા જૂઠો છે, કેમ કે તક઼લીદ ન કરવાનું કારણ તેમની તબીઅતો સહૂલતપસંદી તથા તેમના શરીરની આરામ તલબી છે.

લેખક : **હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ)**
અનુવાદક : **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## અમુક ઉદાહરણો (સહૂલત પસંદી વિશે)

- ❒ ૨૦ રકાત તરાવીહને ૮ (આઠ) પઢવી.
- ❒ ત્રણ રકાત વિત્રને ૧ (એક) પઢવી.
- ❒ ઊંટ, બળદ, ભેંસ, ગાય, બકરા તથા ઘેટાની કુરબાનીમાં ખર્ચો વધારે થાય છે એટલા માટે મરઘો, મચ્છી તથા ઈંડાની કુરબાની (જાઈઝ હોવાનો) ફત્વો આપ્યો.
- ❒ એક જ બેઠકમાં આપેલી તલાક઼ોને એક ગણીને ઝિનાનો દરવાજો ખોલી આપ્યો.
- ❒ ઔરતોને મસ્જિદમાં લાવવી, માત્ર ત્રણ માઈલના અંતરે જવાથી નમાઝને કસર પઢવી, પાછળથી હવા ધમાકા વગર નીકળે તો પણ વુઝૂને બાકી ગણવું !
- ❒ ટોપી અથવા અમામા વગર ખુલ્લા માથે નમાઝ પઢવી, ઈન શર્ટ કરીને નમાઝ પઢવી.
- ❒ સ્ત્રીઓ માટે નીલ પોલિશને જાઈઝ કહેવું તથા તેના ઉપર વુઝૂને દુરુસ્ત તથા જાઈઝ ગણવું. (ફતાવા ઓલમાએ એહલે હદીષ, ભાગ–૧, પેજ–૬૯)

આવા એક બે નહીં બલ્કે હજારો શરીઅત વિરૂધ્ધ તથા હદીષો વિરૂધ્ધના તેમના મસ્અલાઓ છે જે તક઼લીદ ન કરવાનું પરિણામ છે.

મારી તો સમજમાં એ નથી આવતું કે તેઓ પોતાને એહલે હદીષ (હદીષવાળા) કહે છે શું કામ? જ્યારે કે તેનો અર્થ જ હદીષ પર અમલ કરનાર તથા તમામ હદીષો પર અમલ કરનાર થાય છે. તેમનો આ દાવો સરાસર જૂઠો છે કેમ કે એક બે નહીં બલ્કે તેઓ હજારો હદીષો તથા આષારે સહાબાના (કથનો) વિરૂધ્ધ અમલ કરે છે.

રફએ યદૈન (નમાઝમાં હાથ ઉઠાવવા)વાળી હદીષ, આમીન જોરથી કહેવાવાળી હદીષ, દૂંટી (નાફ)ની ઉપર હાથ બાંધવાવાળી હદીષ, આવી બે ચાર હદીષો પર અમલ કરીને તમે પાકા એહલે હદીષ અને અમે તક઼લીદ કરનારા (હનફીઓ, શાફઈઓ, માલિકીઓ તથા હંબલીઓ) વધુથી વધુ હદીષો પર અમલ કરીને મુશ્રિક તથા બિદઅતી ?! એહલે હદીષ હોવાનો તકાઝો તો એ છે કે તમામ હદીષો પર અમલ કરવો જરૂરી થઈ જાય છે, અને તમે લોકો (એહલે હદીષ) તો કેટલીયે હદીષોના છોડનાર બલ્કે તે હદીષોના વિરૂધ્ધ કરનાર છો, તો પછી બે ત્રણ હદીષો પર અમલ કરીને તમો કેવી રીતે એહલે હદીષ બની ગયા ?!

હક઼ીક઼ત એ છે કે તેમની જમાઅતનું નામ તો અંગ્રેજોની વિશેષ ભેટ તથા એનાયત છે જે તેમના મોટા મોટા આલિમોની અંગ્રેજોની ચાકરી તથા ખુશામદ કરવાના બદલા રૂપે તથા ઈનામમાં રાણી વિકટોરિયા દ્વારા મળેલ ભીખ છે.

કેમ કે તેઓ બિચારા "વિકટોરિયન એહલે હદીષ" છે ! એટલા માટે તેઓ હદીષે રસૂલના પાકા વિરોધી છે. પુરાવો આ રહ્યો :–

☑ **હક઼્ક઼ :– હદીષ** : હઝરત રિફાઆ બિન રાફેઅથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે પ્રમાણે તને અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો એ રીતે વુઝૂ કર પછી અઝાન (પઢ) પછી ઈકામત (પઢ) ત્યાર બાદ તકબીર (તકબીરે તેહરીમા) (કહે) પછી જો તને કુર્આન યાદ હોય તો પઢ, નહીં તો અલ્લાહની હમ્દો ષના તથા તેની તકબીર તથા તેહલીલ કર. *(જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૬૬, અબૂ દાઊદ–૧/૧૨૫)*

આ હદીષમાં અલ્લાહના રસૂલ ﷺએ તે વ્યક્તિ વિશે ફર્માવ્યું જે કુર્આન પઢતાં અથવા મોઢે કુર્આન પઢતાં ન જાણતો હોય તો જ્યાં સુધી ન શિખી લે ત્યાં સુધી આ પ્રમાણે જ (નમાઝ અદા) કરે. પરંતુ આ ફર્માને રિસાલત ﷺના વિરૂધ્ધ ગૈર મુક઼લ્લિદો, કહેવાતા એહલે હદીષના આલિમનું ફર્માન જુઓ :–

☒ **બાતિલ :- અહલે હદીષ** : ઈમામ નમાઝમાં જોઈને કુર્આન પઢે તથા આંગળીઓ વડે પાના (પેજો) બદલે તે મક઼રૂહ નથી. *(નુઝૂલુલ્ અબરાર, ભાગ–૧, પેજ–૧૩૧)*

આશા તથા ઉમ્મીદ રાખુ છે કે આ કિતાબના સંપૂર્ણ ૨૫ ઉદાહરણો (સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہની નિસ્બતથી)ને વાંચીને આપ સારી રીતે સમજી ગયા હશો કે ગૈર મુક઼લ્લિદો, વહાબીઓ એ એહલે હદીષ નથી બલ્કે હદીષના દુશ્મન છે.

**હર રહ ગુઝર પે શમ્અ જલાના હૈ મેરા કામ**
**તેવર હૈ ક્યા હવાકા યહ મૈં દેખતા નહીં !**

**وما علينا الا البلاغ المبين**

અલ્લાહ તઆલાની તૌફીક઼ તથા સરકારે દોઆલમ ﷺના ખાસ ફૈઝાનથી આ કિતાબ સંપૂર્ણ થઈ. ગૈર મુક઼લ્લિદોના રદમાં અમારી તમામ કિતાબો વાંચવા માટે એન્ડ્રોઈડ યુઝર્સ Play Storeમાં જઈને Type કરે : Sufi Kaleem Razvi

ઈન્શાઅલ્લાહ ! અમારી તમામ કિતાબો મળી જશે. અને દરરોજ ઈલ્મી અંદાઝમાં બાતિલ ફિર્ક઼ાઓનો રદ્દ વાંચવા માટે Facebook પર અમારુ પેજ Like કરો :–

https ://m.facebook.com/
sunnijamiatulahnaf

તમામ બાતિલ ફિર્ક઼ાઓના રદ્દમાં બયાન, મુનાઝરાઓ તથા કિતાબો તેમજ દરેક પ્રકારના શરઈ મસ્અલાઓ તથા રૂહાની ઈલાજ માટે સંપર્ક કરો.

**સૂફી મોહમ્મદ કલીમ રઝવી નૂરી,**
કસ્રે અબૂ હનીફા, કુર્લા (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૭૨, ઈન્ડિયા
Call No. : 91461 22911,
9820672770
Skype id : Razvi. noori25
Only voice call

પેજ નં. ૪૫ નું ચાલુ..

કરવાવાળો) (અબ્દુલ્લાહ) હશે અને તેમને યુદ્ધમાં માલિક તરફથી મદદ મળશે અને તેમના ચાર ખલીફા દુનિયામાંથી ઉપદ્રવ અને રંજાડ (પજવણી)ને નેસ્ત નાબૂદ કરી દેશે.

અથર્વવેદનો એક ઉપનિષદ છે, જેને અલ્લાહ ઉપનિષદ કહે છે, તેમાં દસ મંત્રો છે. જેમાં તૌહીદ (એકેશ્વરવાદ), રિસાલત (ઈશદૂત્તવ) ઈસ્લામી માન્યતાઓને સ્પષ્ટપણે પ્રગટ કરવામાં આવેલ છે. અલ્લાહ સુબ્હાનહૂ તઆલાની મહાનતા વર્ણવવા માટે એક મંત્ર છે.

*હિંદ હુતારો મન્દરૂ, ઈન્દ્ર હુતારૂમ બાસેન્દ્ર, અલ્લાહ જીસ્તરા, અલ્લાહ પરમ પુરણમ, બ્રહ્માન અલ્લાહ હુવઅલમ.*

આ ઈન્દ્રની મહત્તામાં કહેવામાં આવેલ શબ્દો છે : (અર્થ) : "તે તમામ કાયનાતનો બાદશાહ છે. તેનું નામ અલ્લાહ છે તે ઘણો જ મોટો છે તે બધું જ કરી શકે છે તેનામાં કોઈ દોષ નથી, અને તે જ બ્રહ્મા (અલ્લાહ) છે.

મુસલમાન ભાઈઓથી મારી અરજ છે કે તેઓ ઈસ્લામ જેવી અમૂલ્ય નેઅમતની ક઼દ્ર કરે અને ઈસ્લામ ઉપર સંપૂર્ણપણે અમલ કરે, અને બીજાઓને હક઼્ક઼ અને ભલાઈની દા'વત આપે.

હિંદુઓને હું આ સંદેશ આપવા માગુ છું કે આ સમગ્ર બ્રહ્માંડનો માલિક (ઈશ્વર) એક જ છે બસ તેને જ માનો અને તેની જ માનો. અને જે કલકી અવતારની તમે પ્રતિક્ષા કરી રહ્યા છે તે ચૌદસો વર્ષ પહેલાં અરબસ્તાનની ધરતી પર અવતરી ચૂક્યા છે તેમનું નામ છે "મુહમ્મદ" ﷺ. તે જ સુમતિ અર્થાત આમેનાના લાલ, અને વિશ્નોશ અર્થાત અબ્દુલ્લાહના પુત્ર છે. તેમણે જ ટૂંક સમયમાં જઝીરાએ અરબ અને આસપાસના ઈલાકાઓમાંથી તમામ બુરાઈઓ ખત્મ કરી દીધી. તેમને જ માલિક તરફથી જંગે બદરમાં સ્પષ્ટ રીતે મદદ પ્રાપ્ત થઈ અને તેમના જ ખુલ્ફાએ રાશિદીન (હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત અલી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ) એ એક મોટા ભાગને ફતહ કર્યું અને સત્યનો બોલ બાલા કર્યો. એટલા માટે આ કલકી અવતારને સ્વીકારી લો. એમાં જ તમારી દુનિયા અને પરલોકની ભલાઈ છે.

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ :** મુહક્કિકે મસાઈલે જદીદા
**હઝરત મુફતી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફતી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**:: અનુવાદક ::**
**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**الحمدُ للّٰہِ ربِّ العالمین والصّلوٰۃُ والسّلامُ علٰی حبیبِہٖ سیّدِ المرسلین خاتِم النَّبیین وعَلٰی اٰلِہٖ وأزواجِہٖ وصحبِہٖ اجمعین**

ઈસ્લામના અહકામ બે પ્રકારના છે :–

કેટલાક અહકામ એવા છે જે સમય સંજોગોના બદલાવાથી નથી બદલાતા. જેમ કે નમાઝના સમયો, રકઅતોની સંખ્યા, નમાઝના કાર્યોમાં ક્રમ, દરેક રકઅતમાં રુકૂઅ એક અને બે સિજદાઓનું હોવું, ઝકાતનો નિસાબ, ઝકાતની માત્રા, મતાફની નિશ્ચિતતા, વકૂફના માટે અરફા તથા મુઝદલ્ફાની નિશ્ચિતતા....વગેરે.

અને કેટલાક અહકામ એવા છે જે સમય સંજોગોના બદલાવાથી બદલાય જાય છે, કેમ કે આ અહકામ કોઈ ''બુન્યાદ'' (આધાર) પર કાયમ હોય છે, એટલા માટે જ્યારે તે બુન્યાદ બદલાય જાય છે તો હુકમ પણ બદલાય જાય છે. દા.ત. જ્યારે સખત ભૂખ તથા તરસના કારણે જ્યારે બેચૈનીની હાલત પેદા થઈ જાય અને જીવ જવાનો ખતરો હોય તો કુર્આને હકીમ જરૂરત પૂરતુ મુરદાર તથા સુવ્વરનો ગોશત ખાવાની તથા લોહી પીવાની ઈજાઝત આપી દે છે. જ્યારે એ હાલત ન હોય તો મુરદાર તથા ખિન્ઝીરનો ગોશત ખાવાની તથા લોહી પીવાની ઈજાઝત ન થશે. એ જ પ્રમાણે વરસાદ તથા કીચડના કારણે ઘરોમાં નમાઝ પઢી લેવાની ઈજાઝત છે, પરંતુ જ્યારે એ હાલત ન હોય તો મસ્જિદની જમાઅતની હાજરી વાજિબ છે.

પહેલા મસ્અલામાં સુવ્વર, મુરદાર તથા લોહીના મુબાહ થવાનો આધાર મજબૂરી છે અને બીજા મસ્અલામાં મસ્જિદની જમાઅતની હાજરીમાં છૂટ હર્જ (મોટા વાંધા)ના કારણે છે. જેથી જ્યાં સુધી આ આધારો (સબબો) જોવા મળશે તો તેના સંબંધિત હુકમો પણ બાકી રહેશે. અને જ્યારે આ આધારો બાકી ન રહેશે તો હુકમો બદલાય જશે.

અલ્લાહના રસૂલ ﷺએ એક વરસ રમઝાન મુબારકની ત્રણ ત્રણ રાતોમાં તરાવીહની નમાઝ જમાઅતની સાથે પઢાવી, પછી કદી જમાઅત ન કરી અને એકલા તરાવીહ પઢતા રહ્યા. એનું કારણ આપે આ વર્ણવ્યું :–

**فلم یمنعنی من الخروج الیکم إلّا أنِّی خشیتُ یُفرض علیکم**

''હું તરાવીહની જમાઅતના માટે હુજરા (રૂમ)ની બહાર એટલા માટે ન આવ્યો કે મને તમારા પર તરાવીહની જમાઅત ફર્ઝ થઈ જવાનો અંદેશો થયો.'' *(સહીહ મુસ્લિમ શરીફ, ૧/૨૫૯ રમઝાન–તરાવીહનું પ્રકરણ)*

હુઝૂર સૈયદે આલમ ﷺના સતત જમાઅત કાયમ કરવાના કારણે તરાવીહની જમાઅત ફર્ઝ થઈ જવાનો અંદેશો હતો, જેથી આપે ચોથી રાતથી જમાઅત કાયમ ન કરી. પરંતુ ઉમ્મતના સતત જમાઅત કાયમ કરવાથી તરાવીહની જમાઅત ફર્ઝ થવાનો અંદેશો તદ્દન નથી, એટલા માટે ખલીફાએ રાશિદ હઝરત ફારૂકે આ'ઝમ ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળથી જમાઅત શરૂ કરી આપી. *(બુખારી શરીફ, કિતાબુસ્સલાતિ તરાવીહ, ૧/૨૮૫, મજલિસે બરકાત)* જેના પર ઉમ્મતનો અમલ આજે પણ ચાલુ છે. કારણ એ જ છે કે ''ફર્ઝ થવાનો અંદેશો'' પણ હવે તે કારણે બદલાય ગયું તો હુકમ પણ બદલાય ગયો.

હવે જો કોઈ હુઝૂર ﷺની હદીષ રજૂ કરીને કહે કે હુઝૂર ﷺએ ત્રણ દિવસથી વધુ તરાવીહ જમાઅતથી નથી પઢી તો અમે પણ તેને ત્રણ દિવસથી વધુ જમાઅત સાથે પઢીશું નહીં, અને તેને ઉસ્વએ રસૂલ (રસૂલુલ્લાહ ﷺનો તરીકો)નું અનુસરણ સમજે તો મહાન નાદાની ગણાશે. આ પ્રમાણે ફોગટ ખયાલો પ્રદર્શિત કરવા, એ વહાબી, ગૈર મુકલ્લિદોની આદત છે. અહલે હક્ક અહલે સુન્નત વ જમાઅતને તો ''ફિકહે દીન''ની નેઅમતથી નવાઝવામાં આવેલા છે, તેઓ એવું નથી વિચારી શક્તા.

## શરઈ અહકામ બદલાવાના પાંચ આધારો છે

હુકમ કોઈ શરઈ દલીલ પર આધારિત હોય છે, પણ સાત ચીજો એવી છે જેના કારણે પાછલા હુકમમાં તબદીલી આવી જાય છે.

એ સાત ''શરઈ આધારો'' આ પ્રમાણે છે : (૧) જરૂરત (૨) હાજત (૩) ઉમૂમે બલ્વા (૪) ઉર્ફ (૫) તઆમુલ (૬) દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ (૭) ઝઘડાનું નિવારણ (ઈઝાલાએ ફસાદ).

આ ઈસ્લામી ફિકહના સાત પાયાના ઉસૂલ (નિયમો) છે જે દરેક દૌરમાં ઈસ્લામી એહકામાં આસાની તથા નરમાશ પૂરી પાડે છે.

મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના એક સમૃદ્ધ શબ્દ વડે એને છમાં સીમિત કરી આપ્યા. આપના શબ્દો આ પ્રમાણે છે : ''છ વાતો છે જેના સબબે ઈમામનું કથન બદલાય જાય છે. જેથી જાહેર કૌલની વિરુદ્ધ અમલ થાય છે. એ છ વાતો આ પ્રમાણે છે :–

(૧) જરૂરત (૨) દફએ હર્જ (૩) ઉર્ફ (૪) તઆમુલ (૫) દીની જરૂરી મસ્લેહતની પ્રાપ્તિ (૬) કોઈ ફસાદનું અસ્તિત્વ અથવા ખાત્રીપૂર્વકના ગુમાનનું નિવારણ. એ સૌમાં પણ હકીકતમાં ઈમામના કૌલ પર જ અમલ છે. *(ફવાઈદે રઝવિય્યહ બર હાશિયા ફતાવા રઝવિય્યહ, ૧/૩૮૫ અજલિયુલ અઅ્લામ)*

આ સાત શરઈ પાયાઓ પર જો ફકીહો આગલા હુકમથી વિરુદ્ધ કરે છે તો તે પણ હકીકત સાહિબે શરઅ તથા સાહિબે મઝહબના ઈર્શાદ તથા મઝહબ પર જ અમલ માનવામાં આવે છે, કેમ કે આ પાયાઓને બદલાતી વખતે જો સાહિબે શરઅ અથવા સાહિબે મઝહબ મૌજૂદ હોત તો તે પણ એવું જ ફર્માવત જે અત્યારે આપના વારસો તથા નાયબ ફકીહો કહી રહ્યા છે.

અને જો કોઈ ફકીહ આ પાયાઓથી આંખ આડા કાન કરીને સાહિબે મઝહબના કવી તથા રાજેહ કૌલથી વિરુદ્ધ કરે તો તે ''ઈખ્તિલાફ'' (''ઈખ્તિલાફ'' શું છે ? એને સમજવા માટે વાંચો લેખકનો લેખ : જુદા ગાના અહકામ ઔર ફિકહી

ઈખ્તિલાફત કે હુદૂદ) કરે છે. અને સાહિબે મઝહબથી મુક઼લ્લિદનો ઈખ્તિલાફ ગૈર મક઼બૂલ તથા અવિશ્વસનીય છે. એ જ હુકમ મઝહબના અસ્હાબે તર્જીહ વ તખરીઝ (મસ્અલા કાઢનાર ઈમામો) થી ઈખ્તિલાફનો પણ છે.

### સંજોગોની અસરથી હુકમોમાં તબદીલીનાં દષ્ટાંતો

હવે અમે કેટલાક ફિક઼્હી અહકામ (હુકમો) દષ્ટાંતરૂપે રજૂ કરીએ છીએ જે સંજોગોના બદલાવાથી બદલાય ગયા.

આ ફિક઼્હી અહકામના અમુક પ્રકારો છે :–

- ❑ **પ્રથમ પ્રકાર** : રિસાલતકાળ તથા સહાબાના કાળના એહકામ જે બાદના સમયોમાં બદલાય ગયા.
- ❑ **બીજો પ્રકાર** : હનફી ફિક઼્હના હુકમો જે બાદમાં આવનારા હનફી મશાઈખના દૌરમાં ક્યારેક તબદીલ થયા.
- ❑ **ત્રીજો પ્રકાર** : હનફી મઝહબના બદલાયેલા મસાઈલ જેમના પ્રમાણે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફતાવા આપ્યો, અથવા આપના ફત્વાથી આગલા હુકમમાં ફેરફાર થયો.
- ❑ **ચોથો પ્રકાર** : ફતાવા રઝવિય્યહના તે મસાઈલ જે બાદના અહલે સુન્નતના ફક઼ીહોના નવા ફત્વા તથા ફૈંસલાઓ થકી બદલ્યા.

હવે દરેક પ્રકારના કેટલાક નમૂનાઓ જોઈ લઈએ જેથી આપને એ સમજવામાં સરળતા થાય કે હનફી ફિક઼્હમાં કોઈપણ દૌરમાં જામી રહેવાની ગુંજાઈશ નથી રહી. અને એણે દરેક જમાનામાં સાતેવ ઉપરોક્ત પાયાના નિયમોના આધારે મુસ્લિમ ઉમ્મતનું માર્ગદર્શન કર્યું છે.

*(પ્રથમ પ્રકાર)*

## રિસાલતકાળ તથા સહાબાના યુગના બદલાયેલા હુકમો

### (૧) હવે શંકાઓથી બચવાનો હુકમ બદલાય ગયો

શરૂઆતના સમયમાં શંકાઓથી પણ બચવાનો હુકમ હતો. પણ લોકોની હાલતને લક્ષમાં રાખીને ફક઼્હોએ એમાં છૂટછાટની રવિશ અપનાવી. આ વાત ફતાવા રઝવિય્યહ્‌ના નીચે આપેલા લખાણ પરથી જાહેર થાય છે :–

''આપણો જમાનો શંકાઓથી બચવાનો નથી. બલ્કે માણસ આંખોથી જોયેલા હરામથી બચે :

**فی فتاوی الإمام قاضی خان: قالوا: لیس زمانـنـا زمـانَ اجتناب الشّبهات وانّما علی المسلم أن یتقی الحرام المُعَایَنَ۔ اه۔**
**وفی تجنیس الإمام برهان الدین عن ابی بکر بن ابراهیم: لیس هذا زمان الشبهات، انّ الحرام أغنانا یعنی إن اجتنبتَ الحرام کفاك۔ اه ملخصًا۔**

(અર્થ) : ફતાવા ક઼ાઝીખાનમાં છે કે ફક઼ીહો ફર્માવે છે કે આપણો જમાનો શંકાઓથી બચવાનો જમાનો નથી, હવે મુસલમાન પર બસ એટલું ફર્ઝ છે કે ઉઘાડા હરામથી બચે. અને તજનીસે ઈમામ બુરહાનુદ્દીનમાં શયખ અબૂબક્ર બિન ઈબ્રાહીમના હવાલાથી છે કે, આ શંકાઓથી બચવાનો જમાનો નથી, આપણા માટે હરામથી બચવું પૂરતું છે.'' *-નિઝામ*

સુબ્હાનલ્લાહ ! જ્યારે છટ્ઠી સદી બલ્કે એના પહેલાંથી દીનના ઈમામો આવો આદેશ આપતા આવ્યા તો આપણે તેમનાથી પછીના લોકોને આ ૧૪મી સદીમાં શું ઉમ્મીદ છે ?! **فَاِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَیْهِ رَاجِعُوْنَ**

એ જ કારણે હદીષમાં આવ્યું :–

**اِنّکم فی زمان مَن ترک منکم عُشر ما اُمِر به هلک۔ ثم یاتی زمانٌ مَن عمل منهم بعُشر ما اُمِر به نجا۔ أخرجه الترمذی وغیره عن أبی هریرة رضی الله تعالٰی عنه عن النبی ﷺ۔**

''તમે લોકો એવા ભલાઈવાળાઓ તથા સાલેહીનના જમાનામાં છો કે તમારામાંથી કોઈ શરીઅતના હુકમના દસમા હિસ્સાને છોડી આપે તો બર્બાદ થઈ જશે. પછી એના બાદ એવો જમાનો આવનારો છે કે એમનામાંથી કોઈ શરીઅતના હુકમના દસમા હિસ્સા પર અમલ કરતો હોય તો પણ નજાત પામશે. આ હદીષને ઈમામ તિર્મિઝી વગેરેએ હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہથી અને તેમણે નબી કરીમ ﷺથી રિવાયત કરી. *-નિઝામ*

**હા ! જે વ્યક્તિ બચવા ચાહે એ બેહતર તથા અફઝલ છે અને ખૂબ જ પ્રશંસાપાત્ર (મહમૂદ) અમલ છે. પણ એના વરઅ (તક્વાથી ઉચ્ચ મંઝિલ)નો હુકમ કેવળ તેના જ નફ્સ પર છે, ન કે એના સબબે અસલ ચીજને મના કહેવા લાગે, અથવા જે મુસલમાન એને વાપરતા હોય તેમના પર ટીકા ટીપ્પણ તથા વાંધો ઉઠાવે, તેમને પોતાની દષ્ટિમાં નીચ સમજે ! એના કરતાં તો એ વરઅ (તક્વાથી ઊંચી મંઝિલ)ને ત્યજી દેવું હજારગણુ બેહતર હતું કે શરીઅત પર આક્ષેપ તથા મુસલમાનોની ટીકા ટીપ્પણ તથા તેમને તુચ્છ જાણવાથી તો મહેફૂઝ રહેત.**

અરે ! આમ લોકોની બિચારાઓની શું શિકાયત ! આજકાલ ઘણા જાહિલો ઈલ્મ તથા કમાલના નામ પર એ જ રવિશ ચાલે છે. મકરૂહો બલ્કે મુસ્તહબો બલ્કે મુબાહો જેને પોતાની રીતે મના સમજી લે તેનાથી બચવા તથા દૂર રહેવા માટે શું શું નથી લખી દેતા, ત્યાં સુધી કે શિર્ક તથા કુફ્રનો હુકમ લાગુ પાડવા સુધી પહોંચી જાય છે. પાછુ એવું નહીં કે એકાદ જગાએ કદાચ કલમથી નીકળી જાય તો દસ જગાએ એનું નિવારણ અમલમાં આવે, નહીં ! નહીં ! બલ્કે તેને વિવિધ રીતે જમાવે, આડી અવળી દલીલો લાવે, પછી પૂછતાછ કરવામાં આવે તો મનઘડત તાવીલો કે (ગુનાહનું બહાનુ શોધવું ગુનાહ કરતાં મહાન ગુનોહ) ''ગુનાહનો ઉઝર ગુનાહ કરતાં બદ્તર'' એવી તાવીલ કરે કે ડરાવવા તથા ધમકાવવાનો હેતુ જાહેર થાય છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૧૪૦, ૧૪૧, બાબુલ અનજાસ મિન કિતાબુત્તહારત)*

સંજોગોના બદલાય જવાથી હુકમો બદલાવાની આ શહાદત (ઉદાહરણ) ખુદ સાહિબે શરઅ, રસૂલે કાઈનાત, સરવરે આલમ ﷺ આપી રહ્યા છે. જેમાં હુઝૂર ﷺની તરફથી પોતાના ઈલ્મના વારસોના માટે આ હિદાયત પણ સમાયેલી છે કે સારા સમયના લોકોના હુકમોને સામે રાખીને ખરાબ તથા બુરા સમયના લોકો પર હુકમો ન લાગુ પાડશો.

જેથી ઉલમાએ કિરામે પોતે સાહિબે અઝીમત (અસલ હુકમ પર જામી રહેનાર) બનવું જોઈએ પરંતુ જે લોકો રુખસત પર અમલ કરી રહ્યા હોય તેમના પર વાંધો તથા ઈન્કાર ન કરવો જોઈએ. કાશ કે આપણા દીની ભાઈઓ આ સ્થાને આ'લા હઝરત قدس سرہના આદેશો તથા હિદાયતોને નિખાલસ દિલે વાંચીને પોતાની જિંદગીને તેના માળખા ઢાળવાની કોશિશ કરતા.

**રૂસર (કંપની)ની ખાંડના બારામાં આ'લા હઝરતનો પોતાનો અમલ તથા અન્યોને માટે જાઈઝ હોવાનો ફત્વો**

રૂસર (કંપની)ની ખાંડ જેના વિશે ખબર હતી કે તેની સફાઈ હાડકાં વડે થાય છે. તેના હલાલ તથા હરામ હોવાના બારામાં ઈમામ અહમદ રઝા

رحمۃ اللہ علیہથી સવાલ કરવામાં આવ્યો. લગભગ ૪૦ પેજીસ પર ઘણી બધી ખૂબ જ મહત્વની તેહક઼ીક઼ો પર આધારિત વિગતવાર જવાબ લખ્યો. એનાથી સર્વાંશે એ ખાડનું હલાલ હોવું સાબિત થાય છે. પણ આ હુકમ અન્ય લોકોને તકલીફથી બચાવવા અને શરીઅતની આપેલી આસાની પહોંચાડવા માટે હતો. પછી પોતાનો હાલ બાદમાં આ લખાણમાં દર્શાવ્યો :–

"ફક઼ીર ગુફિરલ્લાહુ તઆલા લહૂએ આજ સુધી એ ખાંડની સૂરત નથી જોયી, ન કદી મારે ત્યાં મંગાવી, ન આગળ જતાં મંગાવવાનો ઈરાદો. પણ તેમ છતાં હરગિઝ મના નથી માનતો, ન તો જે મુસલમાનો એને વાપરે એમને ગુનેહગાર કે બેબાક જાણુ છું. ન તો પરહેઝગારી (તક઼વા) તથા સાવચેતી (એહતિયાત)નું નામ બદનામ કરીને મુસલમાન પબ્લિક પર ટીકા કરો, ન પોતાના ઝલીલ તથા નીચ નફ્સના માટે તેમના પર ટીકા ટીપ્પણને જાઈઝ સમજે. વબિલ્લાહિલ્ તૌફીક઼." *(ફતાવા રઝવિય્યહ, ૨/૧૨૫, બાબુલ અન્જાસ, પ્રથમ આવૃત્તિ, બરેલી શરીફ)*

છેલ્લુ વાક઼્ય વારંવાર વાંચો, ઈન્કેસારી તથા તવાઝોઅ (આજીજી તથા નમ્રતા)નો કામિલ નૂમનો પણ છે અને બોધપાઠ લેવાનો સબક઼ પણ છે. ખાસ કરીને એ લોકોના માટે જેઓ રુખસદ તો રુખસદ બલ્કે સ્પષ્ટપણે ગુનાહ પર અમલ કરવાના માટે પણ સતત તૈયાર રહે છે અને બીજાઓના માટે ન કેવળ અઝીમત બલ્કે વરઅ (તક઼વાથી ઉપર)ની પાબંદી અનિવાર્ય કરી આપે છે ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વિચારધારા તથા અમલથી કેટલા અંશે દૂરી પેદા થઈ ચૂકી છે.

**પહેલાં નમાઝ ત્યજનાર કાફિર હતો હવે મુસલમાન છે !**

રિસાલતકાળ તથા સહાબાના સમયમાં જાણી બુજીને નમાઝ છોડનાર કાફિર ગણાતો હતો. કેમ કે એ દૌરમાં સર્વ મુસલમાનો નમાઝ પઢતા હતા અને કાફિર સિવાય કોઈપણ નમાઝ તર્ક કરતો ન હતો. પણ પછીના યુગોમાં મુસલમાનોની એ નિશાની બદલાય જવાના કારણે કુફ્રનો હુકમ બાકી ન રહ્યો, જેથી હવે નમાઝ ત્યજનારની કાફિરમાં ગણના થતી નથી. ફતાવા રઝવિય્યહમાં ફક઼ીહે ઈસ્લામ સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ વિવિધ સ્થળોએ એની સ્પષ્ટતા કરી છે. એક ફત્વાનું લખાણ તમો પણ વાંચી લેશો.

"વિના શંકાએ સેંકડો સહાબાએ કિરામ તથા તાબઈને એઝામ તથા મહાન મુજતહિદો તથા ઈસ્લામના ઈમામો رضوان اللہ تعالٰی علیہم اجمعین નો પણ એ જ મઝહબ છે કે જાણી જોઈને (ઈરાદાપૂર્વક) નમાઝ ત્યજનાર કાફિર છે. અને એ જ વિવિધ સહીહ હદીષોમાં આવ્યું છે અને ખુદ કુર્આને કરીમથી સાબિત છે :–

**وَ اَقِیۡمُوا الصَّلٰوۃَ وَ لَا تَکُوۡنُوۡا مِنَ الۡمُشۡرِکِیۡنَ**

"નમાઝ ક઼ાયમ કરો અને કાફિરો જેવા ન બની જાવ."

સલફે સાલેહના (પૂર્વજ બુઝુર્ગોના યુગમાં) ખાસ કરીને પ્રથમ યુગના મુનાસિબ એ જ હુકમ હતો. એ જમાનામાં નમાઝને છોડવું કુફ્રની નિશાની હતું કે એવું બનતુ ન હતું પણ કાફિરથી. જેમ કે અત્યારે જનોઈ બાંધવું અને ટીલક લગાડવું કુફ્ર છે. જયારે એ ભલાઈનો જમાનો વહી ગયો અને લોકોમાં આળસ આવ્યું તો તેનું (નમાઝ છોડવું) નિશાની હોવું જતુ રહ્યું અને અસલ હુકમથી રુજૂઅ કર્યુ કે નમાઝને ત્યજવું એ કૃત્ય કુફ્ર નથી જયાં સુધી તેને હલકુ અથવા (છોડવું) હલાલ ન સમજે અથવા નમાઝ ફર્ઝ હોવાનો નકાર કરે. આ જ મઝહબ સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો પણ છે.

હનફી કે જે પોતાના ગુમાનમાં એના વિરોધની માન્યતાવાળો હોય ખતાકાર જરૂર છે કે

હવે એ હુકમ તેહકીકથી વિરુદ્ધ છે, પણ તે એના સબબે મઆઝલ્લાહ ! ગુમરાહ નહીં ઠરે ન હન્ફિયતથી ખારિજ થશે, કે મસ્અલો ફિકહી નથી અને અકાબિર (અગ્રેસર) સહાબીઓ તથા ઈમામોના મુજબ છે. અને વાંધા કરનારાઓનું કહેવું કે, "તમે ઈમામે બરહક્ક પર ફત્વા લગાડો." કેવળ જેહાલત અને ઈમામની શાનમાં ગુસ્તાખી છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૨૪૨, ૨૪૩, રઝા એકેડમી)*

ફતાવા રઝવિય્યહના આ લખાણથી ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ જાય છે કે :–

**(અ)** સમય સંજોગ બદલાવાથી હુકમ બદલાય જાય છે. હુકમ રિસાલતકાળનો હતો જે રસૂલુલ્લાહ ﷺના ફર્માનથી લાગુ થયેલો. પણ એના ઉપર પણ સંજોગોની ગાઢ અસર પડી અને હવે કોઈ ફકીહ તે કુફ્રનો હુકમ લાગુ નથી કરતો, બલ્કે કોઈ દિમાગમાં એ વહેમ નથી આવતો કે આ ફર્માને રિસાલતથી ઈખ્તેલાફ (મતભેદ) તથા સહાબાના મસ્લકથી વિમુખતા છે.

**(બ)** સાથોસાથ આ ફત્વાથી એ પણ જાણવા મળ્યું કે સારા સમયના લોકોનો હુકમ આજના ખરાબ સમયના લોકો પર લાગુ નથી કરી શકાતો, નહીં તો ઈરાદાપૂર્વક નમાઝ છોડવાને કારણે અગણિત લોકો પર કુફ્રનો હુકમ લાગુ કરવો પડશે.

**(ક)** એની સાથે એક વાત એ પણ જાણવા મળી કે, "શિઆરે મઝહબી" (ધાર્મિક નિશાની) પણ બદલાય શકે છે, કેમ કે રિસાલતકાળ તથા સહાબાના યુગમાં નમાઝ છોડવી એ કાફિરોની મઝહબી નિશાની હતી, જેમ કે જનોઈ તથા ટીલક તેમની ધાર્મિક નિશાની છે, પણ તે નિશાની બદલાય ગઈ તો હુકમ પણ બદલાય ગયો. જેથી કૌમી નિશાની તથા ધાર્મિક નિશાનીમાં આ હૈસિયતથી તફાવત ન કરવો જોઈએ.

**(ડ)** અને આ વાત તો ખાસ કરીને દિમાગમાં રાખવાની છે કે કોઈ હનફી આલિમ જો ઈમામે આ'ઝમ અબૂ હનીફાની વિરુદ્ધ ઝન્ની તૌર પર (પોતાના ગુમાનમાં) નમાઝ છોડનારને કાફિર હોવાનું માને તો આ'લા હઝરતની સ્પષ્ટતા પ્રમાણે તે હનફિયતથી બહાર થશે નહીં, અને એના પર એ વાંધો કે, "તમે ઈમામે બરહક્ક પર ફત્વા લગાડો" એ જેહાલત અને ઈમામની શાનમાં ગુસ્તાખી છે. આ "દર્સે રઝા" દરેક ઘડીએ યાદ રાખો અને તેનાથી ગફલત તથા લાપરવાહી ન કરો. .........*(વધુ આવતા અંકે)*

**ઈન્તેકાલ પુરમલાલ**

**દયાદરા** : ખાતે તા. ૧૩/૦૭/૨૦૧૫, ૨૫ રમઝાન હિ.સ.૧૪૩૬ સોમવારના રોજ વલીભાઈ અહમદ ઈસા અલ્લીના અહલિયા ફાતમાબેનનો ઈન્તેકાલ થયો. ઈશા બાદ દફનવિધિ કરવામાં આવી. તેમજ તા. ૨/૮/૨૦૧૫ રવિવાર ૧૬ શવ્વાલ હિ.સ. ૧૪૩૬ના રોજ સુલેમાન મૂસા ઉમર (SM)નો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ ઈશા બાદ રાખવામાં આવી.

**લંડન** : ખાતે તા. ૧૧/૦૮/૨૦૧૫, ૨૫ શવ્વાલ હિ.સ. ૧૪૩૬ના રોજ દયાદરા નિવાસી અબ્દુલ અઝીઝ વલી યૂસુફ બાજીભાઈનાં અહલિયા જુબેદાબેનનો અચાનક હૃદય રોગમાં ઈન્તેકાલ થયો છે.

**બિલીમોરા** : અહમદ કાસમ કાપડીયા કોઠાવાળા તા. ૯/૮/૨૦૧૫ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ પ્રખર સુન્ની હતા. તેમના પુત્ર તરફથી રૂા. ૧૦૦૦/– લિલ્લાહ "બરકાતે ખ્વાજા"ને મળ્યા છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મોમિન મર્હૂમોની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

# કંજૂસાઈ અને તેનો અંજામ

રજૂકર્તા : હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

રિઝ્ક આપવાવાળો તો ફક્ત અલ્લાહ તબારક વ તઆલા જ છે. ફર્માને ખુદાવંદી છે :–

''અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેના માટે ઈચ્છે તેના માટે રોજી વિપુલ કરી આપે છે, અને જેના માટે ચાહે તેના માટે તંગ કરી આપે છે.'' *(અનકૂબૂત–૬૨)*

આ રીતે જોવામાં આવે તો દૌલતમંદ પણ આઝમાઈશમાં છે કે તે અલ્લાહ તઆલાના અર્પણ કરેલા માલને તેની રઝા પ્રમાણે વાપરે છે કે પછી જરૂરતની વસ્તુઓ સિવાય ઠાઠ માઠમાં પડી ફુઝૂલખર્ચી કરે છે, અને જરૂરતમંદોની સહાય કરવાને બદલે પોતાના માલને ગણી ગણીને મૂકે છે. તે જ રીતે ગરીબ પણ પરીક્ષણમાં છે કે તે પોતાની ગરીબાઈ પર સબ્ર કરે છે કે પછી બીજાનો માલ જોઈ હસદ કરે છે અને ઓછી આવક પર રડતો રહે છે. જો દૌલતમંદ પોતાની દૌલતનો વપરાશ અલ્લાહની રઝા માટે કરે તો તે અને ગરીબ પોતાની તંગદસ્તીમાં સબ્ર કરે તો તે પણ કામયાબ છે.

અલ્લાહ તબારક વ તઆલાની અર્પણ કરેલ દૌલતને સંભાળીને રાખવી, તેને ગણયા કરવું અને તેને વધારવાના ચક્કરમાં રહેવું અલ્લાહને પસંદ નથી. આવા લોકોની કુર્આન શરીફમાં ઝાટકણી કાઢવામાં આવી છે :–

''જાણી લો ! માલ સાથે તૂટીને મહોબ્બત કરવાવાળા માટે સખત અઝાબની ચેતવણી છે.'' *(સૂરએ હમ્ઝહ)*

જરૂરતથી વધુના માલને ખુદાની રાહમાં ખર્ચ કરવો જરૂરી છે. જેમ કે ફર્માવવામાં આવ્યું : ''અને તમને પૂછે છે શું ખર્ચ કરીએ ? તમે ફર્માવો જે વધારાનું હોય.'' *(સૂરએ બક઼રહ–૨૧૯)*

માલદાર પાસે જે દૌલત છે અલ્લાહ તરફથી મળેલી છે અને તે આઝાદ પણ નથી કે પોતાની મરજી મુજબ વાપરી નાખે બલ્કે જો બેકાર કામો અને રસ્મો રિવાજમાં ખર્ચ કરશે તો ફુઝૂલખર્ચી કરનારો કહેવાશે જેમના વિશે ફર્માવ્યું, ''શૈતાન જેવા મરદૂદનો ભાઈચારો ઘણી જ બુરી નિષ્ફળતા છે.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૨૭)*

દૌલતને બેકાર ઉડાડવું અને હાજતમંદોથી સંતાડીને રાખવી અલ્લાહ તઆલાને સખત નાપસંદ છે. માલદાર જે માલને પોતાનો સમજે છે, હક઼ીક઼તમાં એ તેનો નથી, બલ્કે માલ તો અલ્લાહનો જ છે અને તેની પાસે અલ્લાહની અમાનત છે. કોઈએ સાચુ કહ્યું છે, (અર્થાત) : ''આ અમાનત થોડા દિવસો માટે આપણી પાસે છે, હક઼ીક઼તમાં દરેક વસ્તુનો માલિક ખુદા જ છે.''

અલ્લાહની મહેરબાની કે પોતાની અર્પણ કરેલ દૌલતમાંથી પોતાની રાહમાં ખર્ચ કરવા માટે કહે છે અને તેને પોતાના પર કરજ ફર્માવે છે. અને તેને અપાર વધારા સાથે પરત કરવાનો વાયદો ફર્માવે છે. જેમ કે સૂરએ તગાબુનમાં છેલ્લે ફર્માવ્યું, એટલા માટે અલ્લાહ તઆલાએ આપેલા અઢળક માલને તેના રસ્તામાં ખર્ચ કરવો જ અક્કલમંદી છે. કેમ કે જે માલ માણસ પોતાની દુનિયાથી જરૂરતમાં ખર્ચ કરે તેનો તો કોઈ બદલો નથી અને જો બેકાર તથા નાજાઈઝ કામોમાં ખર્ચ કરે તો તે જ માલ તેના માટે બલા બની જશે. જેમ કે સૂરએ હશ્રમાં ફર્માવ્યું.

જાણવા મળ્યું કે દરેક સમયે વિચારવુ જોઈએ કે મેં પોતાની કમાઈમાંથી કેટલો માલ પોતાની જરૂરતોમાં ખર્ચ કર્યો, કેટલો બેકાર કામોમાં

વેડફયો અને કેટલો આગળ મોકલ્યો. એટલે આખેરતના ખજાનામાં જમા કરાવ્યો જેનો પૂરેપૂરો બદલો તે સમયે મળશે જયારે બદલાની સખત જરૂરત હશે.

રસૂલુલ્લાહ ﷺનું જીવનચરિત્ર આપણને બતાવે છે કે આપ ﷺ દુનિયાવી રંગરેલીઓ અને માલદારી પસંદ ન કરતા હતા. બલ્કે ખુદાની રાહમાં વાપરવાને ચઢતાક્રમે રાખતા હતા. આપે પોતાના કુટુંબ સહિત કેટલા કેટલા દિવસો ભૂખ્યા પેટે કાઢયા છતાંય જ્યારે આપની પાસે માલ આવ્યો તો ખુદાની રાહમાં અર્પણ કરી દીધો, કેમ કે આપ ﷺ જાણતા હતા કે તે જ વસ્તુ કામ આવશે જે માણસ ખુદાની રાહમાં ખર્ચ કરી પોતાની હકીકી જિંદગી માટે જમા કરે છે. હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે એક બકરી ઝબહ કરવામાં આવી અને તેનો ગોશ્ત વહેંચી દેવામાં આવ્યો. રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને પૂછયું, બકરીમાંથી કાંઈ વધ્યુ છે ? હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી કે બસ તેનો એક ટુકડો વધ્યો છે. આપ ﷺએ ફર્માવ્યું, આના સિવાય જે કાંઈ અલ્લાહ માટે વહેંચી દેવામાં આવ્યું હકીકતમાં તે જ બાકી છે અને તે જ કામ આવશે. *(તિર્મિઝી શરીફ)*

માલદારી એક મોટી નેઅમત છે પણ સાથે જ પરીક્ષા પણ છે, કેમ કે ખુદાની રાહમાં દૌલત ખર્ચ કરવી નફ્સ પર ભારે પડે છે. શૈતાન તો ઈચ્છે છે કે માણસ દૌલતને પોતાની રંગરેલીઓ પર ખર્ચ કરે અને માલથી દુનિયાવી લાભ મેળવે. એક વખત રસૂલુલ્લાહ ﷺ ખાનાએ કા'બાના છાંયડામાં બેઠા હતા, હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہને જોઈ ફર્માવ્યું, ''રબ્બે કા'બાની કસમ ! તે લોકો બહુ મોટા નુકસાનમાં છે.''

તેમણે અર્ઝ કરી મારા મા બાપ આપ પર કુર્બાન! ક્યા લોકો નુકસાનમાં છે ? આપ ﷺએ ફર્માવ્યું, તે લોકો જે ઘણા માલદાર છે ! તેમનામાંથી તે જ લોકો સુરક્ષિત છે જેઓ પોતાની આગળ, પાછળ, જમણે, ડાબે ખુલ્લા હાથે ખર્ચ કરે છે (ભલાઈના કામોમાં), પરંતુ માલદારોમાં આવા બહુ ઓછા છે. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

તો દૌલત જેવી પરિક્ષણની વસ્તુમાં તે જ વ્યક્તિ કામયાબ થશે જે દુનિયાથી દિલ ન લગાડે બલ્કે ખુદાની રાહમાં ખર્ચ કરવું તેની પ્રથમ પસંદગી હોય. માલ જમા કરવો, ગણી ગણીને રાખવો અને સદકા અને ખયરાત ન કરવું હકીકતમાં નુકસાન જ નુકસાન છે. આ નુકસાનનો એક પ્રસંગ સૂરએ કલમ, આયત ૧૭ થી ૩૩ સુધી બયાન કરવામાં આવ્યો છે, અને સૂરએ કહફમાં પણ આવા એક કિસ્સાનું વર્ણન છે. જેમાં કજૂંસની બુરાઈ કરવામાં આવે છે. ભલે દુનિયા અમલની જગ્યા છે, અહીં ન તો નેકીઓનો બદલો મળે છે ન બુરાઈઓની સજા, પરંતુ ક્યારેક ખુદા પાઠ ભણાવવા માટે તેના વિરુદ્ધ પણ ફર્માવે છે, જો કે સાચો બદલો તો આખેરતમાં જ મળશે.

શયતાનને કુર્આન શરીફમાં મોટો દગાખોર કહેવામાં આવ્યો છે, એટલા માટે કે તે બુરાઈઓને સજાવીને દેખાડે છે અને ઈન્સાન તેના ફંદામાં આવી ખુદાની નાફર્માની કરી બેસે છે. શયતાન માણસને ડરાવે છે કે ખુદાની રાહમાં વાપરવાથી માલ ઘટી જશે, જેમ કે ફર્માવ્યું :–

''શયતાન તમને ચિંતા કરાવે છે મોહતાજીની અને બેહયાઈનો હુકમ આપે છે અને અલ્લાહ તમને વાયદો ફર્માવે છે બખ્શિશ અને ફઝ્લનો, અને અલ્લાહ ઉદારતાવાળો ઈલ્મવાળો છે.'' *(સૂરએ બકરહ, આ. ૨૬૮)* પણ શયતાનના ધોકાથી બચવું ખુદાનો ખૌફ રાખવાનારાઓનું જ કામ છે. કેમ કે શયતાનની સજાવટ એવી હોય છે કે માણસ કંજૂસાઈને ફાયદામંદ સમજી બેસે છે અને ખુદાની રાહમાં આપવાને ટેક્ષ સમજી લે છે.

સૂરએ તૌબા (આયત ૭૫ થી ૭૭)માં તે લોકોનું વર્ણન છે જેમણે અલ્લાહ તબારક વ તઆલાથી વાયદો કર્યો હતો કે જો તે અમને તેના ફઝલથી નવાજી દેશે તો અમે ખૂબ સદકા તથા સખાવત કરીશું અને

નેક બની જઈશું. પછી જ્યારે અલ્લાહ તઆલાએ તેમને માલદાર કરી દીધા તો તેમણે તે માલમાં કંજૂસાઈ કરી અને મોઢું ફેરવી લીધું, જેના પરિણામે અલ્લાહ તબારક વ તઆલાએ તેમના દિલોમાં ક઼યામત સુધી મુનાફ઼િક઼ત પેદા કરી દીધી.

ખુદાની રાહમાં ખર્ચ કરવાના ફાયદા જ ફાયદા છે. સખાવત કરનારને દુનિયામાં પણ સુકૂન મળે છે, તે પછી આખેરતનો સવાબ તો નિશ્ચિત જ છે. તેના બદલે કંજૂસને દુનિયામાં પણ ઝિલ્લત હાથ આવે છે અને આખેરતની સજા તો તૈયાર જ છે. સૂરએ મુહમ્મદમાં છેલ્લે ફર્માવ્યું આવ્યું :–

"હા ! આ તમે જ છો કે બોલાવવામાં આવો છો કે અલ્લાહના માર્ગમાં વાપરો. તો તમારામાં કોઈ કંજૂસી કરે છે, અને જે કંજૂસી કરે તે પોતાના જીવ પર જ કંજૂસી કરે છે." *(આયત : ૩૮)*

એટલે કે જો કંજૂસાઈ ન કરતો તો તેનો જ ફાયદો હતો, જ્યારે સખાવત ન કરી તો જાતે પોતાના ફાયદાથી વંચિત રહ્યો. જો કે અલ્લાહ તઆલા તો ગની છે, તે બંદાઓને માલ પોતાની રાહમાં ખર્ચ કરવાનો હુકમ એટલા માટે આપે છે કે તેમને દુનિયા તથા આખેરતમાં તેનો બદલો મળે. કંજૂસનો જમા કરેલો માલ દુનિયામાં જ રહી જાય છે અને વારસો પછી એને બેફામ વાપરે છે. જો તેઓ નેકીમાં પણ વાપરે તો પણ છોડી જનારને કોઈ સવાબ નહીં મળે. સૂરએ તૌબામાં છે :–

"અને જેઓ સોનુ ચાંદી સાચવી સાચવીને રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં નથી વાપરતા તેમને કષ્ટદાયક અઝાબની ખુશખબર સંભળાવો ! જે દિવસે તે જહન્નમની આગમાં તપાવવામાં આવશે અને તેનાથી પેશાનીઓ પર ડામ દેવામાં આવશે અને સોડમાં અને પીઠમાં. આ છે જે તમે પોતાના માટે સાચવીને રાખ્યું હતું, હવે એ સાચવવાનો સ્વાદ ચાખો."*(સૂરએ તૌબા, આ. ૩૪, ૩૫)*

અલ્લાહ તઆલા ચાહે તો ગરીબને પણ માલદાર કરી દે, પરંતુ તેણે દૌલતમંદોને સન્માન આપ્યું કે તેઓ અલ્લાહના આપેલા માલમાંથી ગરીબોને આપે. સૂરએ ઝારિયાતમાં ત્યાં સુધી ફર્માવવામાં આવ્યું કે અમીરોની દૌલતમાં ગરીબોનો હિસ્સો પણ સામેલ કરી દેવામાં આવ્યો છે. *(આ. ૧૯)*

તો જે **માલદાર ગરીબોને આપી રહ્યો છે, તે એમના પર એહસાન નથી કરી રહ્યો બલ્કે તેમનો જ માલ તેમને આપી રહ્યો છે. એ જ રીતે જો કોઈ ભૂખ્યાને ખાવા ખવડાવે છે તો તે તેનું જ ખાવા છે. સૂરએ માઊનમાં એટલા માટે જ બચનો શબ્દ આવ્યો છે.**

નિફ઼ાક઼ નફ્સની એક બુરી બીમારી છે અને તેનો ઈલાજ "ઈન્ફાક" (ખર્ચ કરવું) છે. **જે ખુદાની રાહમાં આપવા લાગ્યો તે નિફ઼ાક઼થી બચી ગયો.** જેમ કે ફર્માવવામાં આવ્યું :–

"અને પોતાના પ્રાણો કરતાં તેમને પ્રથમ પસંદગી આપે છે ભલે ને તેમને સખત મોહતાજી હોય." તેમજ "અને અલ્લાહના માર્ગમાં વાપરો પોતાના હિત ખાતર. અને જે પોતાના જીવની લાલચથી બચાવવામાં આવ્યો, તો તે લોકો જ સફળતા મેળવનાર છે." *(સૂરએ હશ્ર, આ. ૯, તગાબુન, આ. ૧૬)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن તે પાકીઝા શખ્સિયતો છે જેમની અલ્લાહ તઆલાએ પ્રશંસા ફર્માવી છે. તેમની સીરતમાં આપણને એ પ્રકારના પ્રસંગો જોવા મળે છે કે તેઓ પોતાની જરૂરત પર બીજાઓની જરૂરતને પ્રાધાન્ય આપતા હતા. આ તે લોકો હતા જેમનામાં લાલચ ન હતી. બલ્કે તેમણે રસૂલુલ્લાહ ﷺથી કુર્બાની આપવાનું શિખ્યુ હતું. જો તેમની પાસે બીજાની મદદ કરવા માટે વસ્તુ ન હોતી તો પરેશાન થઈ જતા હતા. તેઓ પ્રયત્ન કરતા કે કર્ઝ લઈને પણ બીજાની મદદ કરી દેવામાં આવે. સૂરએ હશ્રમાં છે : *(આયત : ૯)*

અલ્લાહ તઆલાએ પોતાની રાહમાં ખર્ચ કરવાનો હુકમ આપ્યો છે. *(સૂરએ બક઼રહ, આ. ૨૬૭)*

માલ, રૂપિયા પૈસાના રૂપે હોય અથવા

જમીનની પેદાવાર રૂપે, તેમાંથી હક્કદારોને આપવું ફર્ઝ છે અને તેનું જ નામ ઝકાત અથવા ઉશ્ર છે. ઝકાત તો ઈસ્લામનો રુકન છે, નમાઝની જેમ જ ફર્ઝ છે. જે વ્યક્તિ એટલો બધો લાલચી હોય કે ઝકાત પણ ન કાઢે તો તે બીજાઓનો હક્ક મારવાનો પણ ગુનેહગાર છે અને ઝકાત ન આપવાનો પણ. માણસાઈ તો એ છે કે ભૂખ્યા તરસ્યાને જોઈ તેની ભૂખ, તરસ દૂર કરવાની શક્ય કોશિશ કરવામાં આવે. ઈન્સાન તો ઈન્સાન છે, જો કોઈ સજીવની ભૂખ અથવા તરસ દૂર કરવામાં આવે તો પણ સવાબની ઉમ્મીદ છે. રસૂલુલ્લાહ ﷺ દૌલત જમા કરવાને સખત નાપસંદ ફર્માવતા હતા, સાથે જ તેના બુરા અંજામથી ડરાવતા હતા. આપ ﷺએ ફર્માવ્યું, **આદમના પુત્ર પાસે સોનાની બે વાદીઓ (વાદી બે પહાડ વચ્ચે સપાટ મેદાન) હોય તો પણ તે ત્રીજી શોધશે અને આદમના પુત્રનું પેટ ફક્ત માટી જ ભરી શકે છે** અને જે વ્યક્તિ તૌબા કરે અલ્લાહ તેની તૌબા કૂબૂલ કરે છે. *(બુખારી શરીફ)*

આ હદીષમાં આપ ﷺએ માલના સંગ્રહનો બુરો અંજામ બતાવી આપ્યો. આ વાતની આગાહી આપ ﷺએ વારંવાર કરી જેથી ઉમ્મતના લોકો આ કામથી દૂર રહે. જે રીતે એક વ્યક્તિ કંજૂસાઈનો શિકાર થઈ પોતાની આખેરત બર્બાદ કરી લે છે તે જ રીતે આ બીમારી કૌમોને પણ લાગુ પડે છે અને છેવટે આખી કૌમ દુનિયા સમક્ષ ઝલીલ થાય છે. અહીં પણ રસૂલુલ્લાહ ﷺનું માર્ગદર્શન મહત્વનું છે. આપ ﷺએ ફર્માવ્યું :–

**"ગૈર મુસ્લિમ કૌમો તમારા પર એવી રીતે તૂટી પડશે જેમ કે જમનારા જમવાની થાળી પર તૂટી પડે છે."**

આના પર એક સાહબે અર્ઝ કરી, "શું આ એટલા માટે થશે કે તે સમયે અમારી સંખ્યા ઓછી હશે ?!"

ફર્માવ્યું, "નહીં ! તમે તે સમયે મોટી સંખ્યામાં હશો, પણ તમારી હેસિયત તે ઘાસ ફૂસ જેવી હશે જે પુરમાં વહી જાય, અલ્લાહ તમારા દુશ્મનોના દિલોમાંથી તમારો રૂઆબ (ધાક) કાઢી નાખશે અને તમારા દિલોમાં કમજોરી પેદા કરી દેશે."

**કહેવાવાળાએ પૂછયું, "યા રસૂલલ્લાહ ! ﷺ તે કમજોરી શું હશે ?" ફર્માવ્યું : "દુનિયાની મહબ્બત અને મોતથી નફરત."** *(અબૂ દાઊદ શરીફ)*

રસૂલુલ્લાહ ﷺએ ઘણી વખત માલ જમા કરવાની બુરાઈ બયાન ફર્માવી. એક વખતે ઈર્શાદ ફર્માવ્યો : "દરેક ઉમ્મતમાં એક ફિત્નો હોય છે અને મારી ઉમ્મતનો ફિત્નો માલો દૌલત છે." *(તિર્મિઝી શરીફ)*

કંજૂસાઈ તે ફિત્નો છે જેની બુરાઈ આપ ﷺએ દરેક રીતે બયાન ફર્માવી દીધી. આપ ﷺનો કિરદાર એ છે કે આપે પસંદ ન ફર્માવ્યું કે થોડાક દિરહમ અથવા દીનાર એક દિવસ માટે પણ આપની પાસે પડી રહે, બલ્કે જે કાંઈ આવતુ ખુદાની રાહમાં લૂટાવી દેતા. આપ ﷺના સહાબાનો પણ આ જ વર્તાવ હતો.

આજે પણ દૌલતના ફિત્નાથી બચવા અને અલ્લાહની રઝા મેળવવાના માટે જરૂરી છે કે જાઈઝ તરીકાથી દૌલત કમાવવામાં આવે, પરંતુ તે માલથી એ રીતે પ્યાર ન કરવામાં આવે કે તે હાજતમંદો અને ગરીબો પર વાપરવામાં ન આવે અને દીનની રાહમાં ન વપરાય. **એક મો'મિનની શાનના વિરુદ્ધ છે કે તેની પાસે માલ પડેલો હોય અને તેની આજુબાજુ ગરીબ અને હાજતમંદ તથા મોહતાજ લોકો હોય અને ગરીબાઈની તકલીફ ઉઠાવી રહ્યા હોયઅને ખબર હોય છતાં તે તેઓની મદદ ન કરે, અથવા કોઈ તરફ ઈસ્લામની બુલંદીની કોશિશ થઈ રહી હોય અને દૌલત સંભાળીને બેઠેલો હોય.** અલ્લાહ તબારક વ તઆલા કંજૂસાઈથી આપણી હિફાઝત ફર્માવે. (આમીન)

*(માહનામા નૂરુલ હબીબ–પાક. જૂન–૨૦૧૫)*



# વેપારીઓ ધ્યાન કરે !
# નબવી ટ્રેડિંગ મોડેલ

રજૂકર્તા: **મૌલાના મુહમ્મદ રઉફ રઝવી-પાલેજ**

નબીએ અકરમ ﷺની હયાત મુબારકના વ્યાપાર અને આર્થિક પહેલુંને સમજવા માટે એ વાતને યાદ રાખવી જરૂરી છે કે નબીએ અકરમ ﷺની હયાતે મુબારકાના બે ભાગ છે, એક : નબુવ્વતના એલાન પહેલાનો. બીજો : નબુવ્વતના એલાન પછીનો. પ્રથમ વર્ણવેલનો સમયગાળો ચાલીસ વર્ષ છે અને બીજાનો સમયગાળો ત્રેવીસ વર્ષ. આ બીજા ભાગના ફરી બે ભાગ છે : એક મક્કી દૌર અને બીજો મદની દૌર.

## એલાને નબુવ્વત પહેલાંની આર્થિક સ્થિતિ

નબીએ અકરમ ﷺનો એલાને નબુવ્વતથી પહેલાંનો દૌર માલી અને આર્થિક રીતે કોઈ સમૃદ્ધ સમય ન હતો પરંતુ તેના વિરુદ્ધ એ કહેવું પણ યોગ્ય નથી કે હુઝૂર ﷺ ખૂબ જ ગરીબીમાં જીવન પસાર કરી રહ્યા હતા. અલ્બત્ત, એ જરૂર હતું કે હુઝૂર ﷺ બચપણથી જ મહેનત કરીને પોતાની જીવન જરૂરિયાતો પોતે પૂરી પાડવાના પક્ષે હતા.

## વાલિદ (પિતા) તરફથી મળેલ વારસો

જ્યારે હુઝૂર ﷺની પયદાઈશ થઈ તો આપના માથેથી પિતાનો સાયો ઉઠી ચૂક્યો હતો, તેમના તરફથી વારસા રૂપે કોઈ મોટી સંપત્તિ આપને મળી ન હતી. જેમ કે સીરતની કિતાબોમાં તેના વર્ણન હેઠળ માત્ર એ જ ઉલ્લેખ છે કે હુઝૂર ﷺને વારસામાં માત્ર પાંચ ઊંટ, અમુક બકરીઓ અને એક બાંદી મળી હતી જેનું નામ ઉમ્મે અયમન હતું (એ બાંદીને પણ રસૂલુલ્લાહ ﷺએ હઝરત ખદીજા رضی اللہ عنہاથી શાદીના સમયે એટલે ૨૫ વર્ષની વયે આઝાદ કરી દીધાં હતાં) એથી વિશેષ કોઈ વસ્તુ વારસામાં મળી ન હતી. *(અત્તબક઼ાતુલ કુબ્રા લિ ઈબ્ને સઅદ, ઝિક્રે વફાતે અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ)*

વારસામાં મળેલ ચીજો એ પાત્ર ન હતી કે આપની કફાલત માટે પૂરતી થઈ રહેતી એટલા માટે જ ગામડાઓમાંથી આવીને જે દાસીઓ બાળકોને પરવરીશ અને તર્બિયત માટે લઈ જતી હતી તેમણે હુઝૂર ﷺની તરફ કોઈએ પણ ધ્યાન ન આપ્યું કે આ તો યતીમ અને ગરીબ છે, તેની પરવરીશ કરવા પર અમને તેની મા તરફથી કોઈ ખાસ વળતર નહીં મળે. અને હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہاએ જે હુઝૂર ﷺની પસંદગી કરી હતી, તે પણ શરૂમાં ન કરી હતી પરંતુ જ્યારે તેમના માટે કોઈ અન્ય બાળક બાકી ન રહ્યું તો પછી તેમને ખયાલ આવ્યો કે ખાલી હાથ પાછા જવું એના કરતાં આ યતીમ બાળકને જ લઈ જવું જોઈએ.

## દાદા અને કાકાની કફાલતમાં

આ પ્રાથમિક બે વર્ષમાં હુઝૂર ﷺની કફાલત આપના દાદા અબ્દુલ મુત્તલિબ કરતા રહ્યા. બે વર્ષ પછી આપના દાદા પણ આ દુનિયાથી વિદાઈ થઈ ગયા. દાદાના ઈન્તેક઼ાલ પછી આપના કાકા અબૂ તાલિબે આપની કફાલતની જવાબદારી લીધી. જનાબ અબૂ તાલિબ આપના સગા કાકા હતા જે ખૂબ જ શોખ અને મહોબ્બતથી આપનું પાલન પોષણ કરતા રહ્યા અને આપની જરૂરિયાતો પૂરી કરવાની બની શકે એટલી કોશિશ કરતા રહ્યા. આપના કાકા જ્યારે વેપાર કરવા માટે બીજા શહેરોમાં જતા તો આપને પણ સાથે લઈ જતા.

## બકરીઓ ચરાવવું

મક્કા મુકર્રમામાં રોજગારી માટે સામાન્ય રીતે બકરીઓ ચરાવવું અને વેપાર કરવો સાધારણ હતું. જેથી હુઝૂર ﷺએ પોતાની હયાતે તૈયબાની

શરૂઆતમાં જ પોતાના રોજગાર માટે જાતે જ વિચાર્યું, શરૂમાં મક્કાવાસીઓની બકરીઓ વળતર પર ચરાવતા હતા, ત્યાર પછી વેપારનો વ્યવસાય પણ કર્યો, અને આ કોઈ એબની વાત ન હતી પરંતુ આ તો આપ (ﷺ)ની મહાનતા અને નમ્રતાની સાફ દલીલ છે. એટલા માટે કે બકરીઓ ચરાવનાર વ્યક્તિમાં મહેનત, નરમી અને સબ્ર તથા નરમદિલી પૈદા થઈ જાય છે એટલા માટે કે બકરીઓ ચરાવવું સાધારણ કામ નથી બલ્કે ખૂબ જ હોશિયારીનું કામ છે. કેમ કે બકરીઓ ખૂબ જ કમજોર મખ્લૂક઼ હોય છે, ઝડપી અને સ્ફૂર્તિવાળી હોય છે, તેઓને ક઼ાબૂમાં રાખવા માટે પણ ખૂબ જ સ્ફૂર્તિની જરૂરત હોય છે. બીજી વાત એ કે તે જાનવરના ક઼ાબૂની બહાર હોવાની સ્થિતિમાં પણ તેના પર ગુસ્સો ઉતારવો પણ શક્ય નથી એટલે કે ગુસ્સાના કારણે મારી પણ નથી શક્તા કેમ કે તે ક઼મજોર હોય છે, જેથી બકરીઓ ચરાવનારાઓમાં નમ્રતા પૈદા થઈ જાય છે. એ જ કારણ છે કે તમામ અંબિયાએ કિરામ علیہم السلامએ બકરીઓ ચરાવી છે. એની તરફ ઈશારો કરતાં હુઝૂર ﷺએ ફર્માવ્યું : "અલ્લાહના મોકલેલા નબીઓએ બકરીઓ જરૂર ચરાવી. સહાબાએ પૂછયું કે યા રસૂલલ્લાહ ! ﷺ શું તમે પણ ? આપ ﷺએ જવાબ આપ્યો, હા! હું પણ મક્કાવાળાઓની બકરીઓ ચરાવતો હતો."

"કરારીત"થી શું મુરાદ છે ? એમાં ઈખ્તેલાફ છે, કેટલાકનું કહેવું છે કે આ દિરહમ અથવા દીનારના એક ટુકડાનું નામ છે. તો એનો મતલબ એ થશે કે કાંઈકના બદલે બકરીઓ ચરાવી. અને કેટલાકનું કહેવું છે કે મક્કા મુકર્રમાના એક સ્થળનું નામ છે. હવે મતલબ થશે કે કરાસીત મુક઼ામે મેં બકરીઓ ચરાવી. અલ્લામા ઈબ્ને મલકન رحمۃ اللہ علیہએ બીજા ક઼ૌલને સમર્થન આપ્યું કે તે એક જગાનું નામ છે. *(અત્તવઝીહુશ્શરહે જામેઅ સહીહ, કિતાબુલ ઈજારાત, બાબ–ર, અલ્ ગનમ)*

એવી જ રીતે એક વખત નબીએ અકરમ ﷺ સહાબાએ કિરામ સાથે જંગલમાં તશરીફ લઈ ગયા. સહાબાએ કિરામ બોર તોડી તોડીને ખાવા લાગ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે વધારે કાળા હોય તે ખાવ, તે વધારે સ્વાદિષ્ટ હોય છે. આ મારો તે સમયનો અનુભવ છે જ્યારે હું બાળપણમાં અહીં બકરીઓ ચરાવતો રહેતો હતો. *(સહીહ ઈબ્ને હબ્બાન : કિતાબુલ ઈજારા)*

## મુલ્કે શામ તરફ પ્રથમ સફર

નબીએ કરીમ ﷺએ શામ તરફ બે સફર કર્યા. પ્રથમ : આપના ચાચા સાથે પરંતુ આ સફરમાં આપ ﷺ વેપારી તરીકે ભાગીદાર ન હતા પરંતુ માત્ર વેપાર સંબંધે અનુભવ લેવા માટે આપના ચાચા આપ ﷺને સાથે લઈ ગયા હતા. આ જ સફરમાં બહીરા રાહિબવાળો મશ્હૂર બનાવ બન્યો હતો, જેના કહેવા પર આપના ચાચાએ આપ ﷺને હિફાઝત માટે મક્કા પરત મોકલી દીધા. *(અત્તબક઼ાતુલ કુબ્રા, ઝિક્રે અબી તાલિબ)*

## મુલ્કે શામ તરફ બીજો સફર

હુઝૂર ﷺએ બીજો સફર હઝરત ખદીજા رضی اللہ عنہاનો સામાન લઈને વળતર પર વેપાર માટે કર્યો. બનાવ આ રીતે સામે આવ્યો કે જ્યારે હુઝૂર ﷺ ૨૫ વર્ષના થઈ ગયા હતા તો આપના ચાચા અબૂ તાલિબે કહ્યું, હે ભત્રીજા ! હું એવો વ્યક્તિ છું કે મારી પાસે માલ નથી, સમયની કઠોરતા મારા પર વધતી જાય છે, તમારી ક઼ૌમનો શામ તરફ સફર કરવાનો સમય નજીક છે, ખદીજા બિન્તે ખોવૈલદ પોતાનો તિજારતનો સામાન બીજાઓને દઈને મોકલ્યા કરે છે, તમે પણ વળતર પર તેનો સામાન લઈને જાવ, એનાથી તમને યોગ્ય વળતર મળી જશે. આ વાતચીત હઝરત ખદીજાને ખબર પડી તો તેમણે જાતે હુઝૂર ﷺને પયગામ મોકલ્યો અને બોલાવ્યા કે જેટલું વળતર બીજા લોકોને આપું છું આપને તેનું બમણુ વધારે આપીશ. તો અબૂ તાલિબે હુઝૂર ﷺને કહ્યું કે આ તે રિઝ્ક઼ છે જે અલ્લાહ તબારક વ તઆલાએ તમારી તરફ ખેંચીને મોકલ્યું છે. ત્યાર પછી આપ ﷺ ક઼ાફલાની સાથે શામ તરફ રવાના થઈ ગયા, આપની સાથે હઝરત ખદીજા رضی اللہ عنہاનો

ગુલામ મયસરા પણ હતો. જ્યારે કાફલો શામના બસરા શહેરમાં પહોંચ્યો તો ત્યાં નસ્તૂરા રાહિબે આપની અંદર નબુવ્વતની નિશાનીઓ જોઈને આપના આખરી નબી હોવાની ભવિષ્યવાણી કરી.

બીજો મહત્વનો બનાવ એ બન્યો કે જ્યારે વેપારનો સામાન વેચી દીધો તો એક શખ્સ સાથે વાતચીત વધી ગઈ. તેણે કહ્યું કે લાત અને ઉઝ્ઝા (અરબના કાફિરોની બે મોટી મૂર્તિઓ)ની ક઼સમ ખાવ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, મેં ક્યારે પણ તે બંનેની ક઼સમ નથી ખાધી, હું તો તેમની પાસેથી પસાર થતી વખતે પણ મોઢુ ફેરવી લઉં છું. તે શખ્સે આ વાત સાંભળીને કહ્યું, હક્ક઼ વાત તો એ જ છે જે તમે કહી. પછી તે શખ્સે મયસરાને સંબોધીને કહ્યું, ખુદાની ક઼સમ! આ તો એ જ નબી છે જેમની નિશાનીઓ અમારા આલિમો કિતાબોમાં લખેલી જુએ છે.

ત્રીજો બનાવ એ પેશ આવ્યો કે મયસરાએ જોયું કે જ્યારે ગરમી વધારે થઈ જાય છે તો બે ફરિશ્તા નબીએ અકરમ ﷺ પર છાંયડો કરતા રહેતા હતા, આ સર્વ કાંઈ જોઈ મયસરા તો આપ ﷺથી ખૂબ જ પ્રભાવિત હતો. પરત થતી વખતે બપોરના સમયે જ્યારે પહોંચ્યા તો હઝરત ખદીજા رضی اللہ عنہاએ પોતાના ઘરની ઉપર બેઠા બેઠા જોયું કે નબીએ અકરમ ﷺ ઊંટ પર બેઠા એવી રીતે તશરીફ લાવી રહ્યા હતા કે બે ફરિશ્તા આપ પર છાંયડો કરી રાખ્યો હતો. હઝરત ખદીજા رضی اللہ عنہا અને તેમની સાથે બેઠેલી સ્ત્રીઓ આ દશ્ય જોઈ ખૂબ જ આશ્ચર્યમાં પડી ગઈ અને પછી જ્યારે મયસરાની ઝબાની સફરના અજીબો ગરીબ બનાવો, પુષ્કળ નફો અને નસ્તુરા રાહિબ અને તે ઝઘડો કરનાર શખ્સની વાતો સાંભળી તો ખૂબ જ પ્રભાવિત થયાં. હઝરત ખદીજા દૂરંદેશી, કૃત નિશ્ચયી, નેક, બાઈજ્જત અને ખૂબ જ માલદાર હતાં, તેમણે આપ ﷺને નિકાહનો પયગામ મોકલ્યો તો નિકાહ કરી લીધા, તે સમયે નબીએ અકરમ ﷺની ઉંમર શરીફ ૨૫ વર્ષ હતી. *(અત્તબકાતિલ કુબ્રા)*

## યમન તરફ બે સફર

જે વેપાર માટે સફરો (Business Travels) નબીએ કરીમ ﷺએ હઝરત ખદીજા رضی اللہ عنہا માટે કરી, તેમાં બે સફર યમન તરફ પણ કર્યા હતા. ઈમામ હકીમ અલ્ મુસ્તદ્રકમાં નક઼લ કરે છે : હઝરત ખદીજા رضی اللہ عنہاએ નબીએ અકરમ ﷺને જરશ (યમનની એક જગા) તરફ બીજીવાર વેપાર માટે ઊંટણીઓના વળતર બદલ મોકલ્યા.

## બહરૈન તરફ સફર

નબુવ્વતના એલાન પહેલાં હુઝૂર ﷺ થકી બહરૈન તરફ સફર કરવાનો સંકેત મળે છે, તે એ રીતે કે જેવી રીતે આપ ﷺની ખિદમતમાં અરબના દરેક દૂર દૂરના સ્થળોએથી પ્રતિનિધિઓ ખિદમતમાં હાજરી આપતા રહ્યા, એ પ્રતિનિધિઓમાં બહરૈનથી વફદે અબ્દુલ ક઼ૈસ પણ આવ્યો તો આપ ﷺએ વફદવાળાઓને બહરૈનની અલગ અલગ જગાઓના નામ લઈને ત્યાંની ખબર પૂછી. તો લોકો અચંબામાં પડી ગયા અને પૂછયું, હે અલ્લાહના રસૂલ! ﷺ આપ તો અમારા દેશની ખબર અમારાથી પણ વધારે જાણો છો. તો આપ ﷺએ જવાબમાં ફર્માવ્યું, હા! મેં તમારા દેશની ખૂબ જ જગાઓની મુલાકાત લીધી છે. *(મુસ્નદ અહમદે બિન હંબલ)*

## વેપારના સફરોમાં હુઝૂર ﷺની વિશિષ્ટતાઓ

નબીએ અકરમ ﷺ આપની ઉંમરના ૨૫ વર્ષ સુધી વેપારની સફરો (Business Travels)માં પોતાના સર્વશ્રેષ્ઠ અખ્લાક઼, શ્રેષ્ઠ વર્તન, સચ્ચાઈથી એટલા પ્રખ્યાત થઈ ગયા હતા કે ખલ્કે ખુદામાં આપ સાદિક઼ો અમીનના લક઼બથી મશહૂર થઈ ગયા હતા. લોકો ભરોસા સાથે આપની પાસે બેધડક પોતાની અમાનતો રાખતા હતા, એ જ સારા ગુણોના કારણે હઝરત ખદીજા બિન ખુવૈલદ رضی اللہ عنہاનું આકર્ષણ નબી કરીમ ﷺની તરફ થયું હતું અને નિકાહનો પયગામ મોકલી આપ્યો હતો.

## લડાઈ ઝગડાથી પરહેઝ

વેપારના મામલાઓમાં સફળતા માટે કામની

સફાઈ અને લડાઈ ઝઘડાથી પરહેઝ મહત્વપૂર્ણ રોલ ભજવે છે અને આ ખૂબીઓ નબી અકરમ ﷺમાં પુષ્કળ પ્રમાણમાં હતી. જેથી હઝરત કૈસ કહે છે કે નબી અકરમ ﷺ જેહાલત (ઈસ્લામ પહેલાંના) જમાનામાં મારા ભાગીદાર હતા અને આપ દરેક ભાગીદારો પૈકી સર્વશ્રેષ્ઠ ભાગીદાર હતા, ન લડાઈ કરતા હતા અને ન ઝઘડતા હતા. *(અલ ઈસાબા ફી તમયીઝીસ્સહાબા)*

## બહષ અને તકરારથી પરહેઝ

મુસલમાન વેપારીની ખૂબીઓમાંથી એક કામના સમયે બૂમ બરાડા અને પારસ્પરિક બિન જરૂરી ચર્ચા અને તકરારથી બચવું પણ છે. અને હુઝૂર ﷺની આ મહાન ખૂબીઓની ગવાહી નબુવ્વતના જમાનાથી પહેલાં પણ આપવામાં આવતી હતી. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સાઈબ رضي الله عنه ફર્માવે છે કે હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો તો આપના સહાબા رضوان الله تعالى عليهم أجمعين આપની સમક્ષ મારો પરચિય આપવા લાગ્યા અને મારા વિશે વાત કરવા લાગ્યા તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હું તમારાથી વધારે તેમને વધારે ઓળખું છું." મેં કહ્યું, "મારા મા બાપ આપ પર કુર્બાન ! હે અલ્લાહના રસૂલ ! ﷺ આપ સાચુ ફર્માવો છો, આપ જેહાલતના જમાનામાં મારા ભાગીદાર રહેતા હતા અને આપ કેટલા બેહતરીન ભાગીદાર રહેતા હતા કે ન બહષ અને તકરાર કરતા હતા અને ન તો ઝઘડો કરતા હતા. *(સુનને અબૂ દાઊદ, કિતાબુલ અદબ)*

## જે વચન આપ્યું તેને પૂરું કરવું

**વચનો પૂરાં કરવાં વેપારીઓની સર્વ શ્રેષ્ઠ ખૂબી ગણવામાં આવે છે.** હુઝૂર ﷺમાં આ ગુણ કેવો હતો ?! આના વિશે હઝરત અબ્દુલ્લાહ બિન અબી હમસા رضي الله عنهથી રિવાયત છે કે મેં નબુવ્વતના એલાન પહેલાં આપથી લે વેચનો મામલો કર્યો, ખરીદેલ વસ્તુની કિંમતમાંથી અમુક રકમ મારી જિમ્મેદારીમાં બાકી રહી ગઈ તો મેં હુઝૂર ﷺથી વાયદો કર્યો કે હું કાલે અહીં જ આવીને આપને બાકી રકમ ચૂકવી દઈશ. પછી હું ભૂલી ગયો, અને મને ત્રણ દિવસ પછી યાદ આવ્યું. હું તે જગાએ પહોંચ્યો તો જોયું કે જનાબ રસૂલુલ્લાહ ﷺ એ જ જગાએ તશરીફ ફર્મા હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હે જુવાન માણસ ! તમે મને તકલીફ પહોંચાડી, હું ત્રણ દિવસથી આ જ જગાએ તમારી રાહ જોતો રહ્યો છું." *(સુનને અબૂ દાઊદ, કિતાબુલ અદબ)*

## નબુવ્વતના એલાન પછી આર્થિક સ્થિતિ

રસૂલુલ્લાહ ﷺએ નબુવ્વતના એલાન પછી રોજી હાંસલ કરવા કાંઈક કર્યું હતું કે નહીં ? એના વિશે અંતિમ ફેંસલો એ છે કે બઅષત પછી આપ ﷺએ પોતાની મહેનત અને ધ્યાન માત્ર અને માત્ર દીનની સલામતી માટે કેન્દ્રિત રાખ્યું હતું. બઅષત પછી આપથી કોઈ પ્રકારની આર્થિક પ્રવૃત્તિની સાબિતી નથી મળતી. અલબત્ત દીનના કેટલાક ક્ષેત્રો તરફ માર્ગદર્શનની જેમ આ ક્ષેત્રની પણ સ્પષ્ટ અને સંપૂર્ણ વર્ણન સાથે રહનુમાઈ કરી.

આ મેદાનથી કામયાબી સાથે પસાર થઈ જનારાઓને જ્યાં મોટી મોટી બશારતો સંભળાવી તેવી જ રીતે આ મેદાનના ચોર, ડાકૂઓ અને બેદયાનતદારોને ચેતવણીઓ સંભળાવી સંભળાવીને તેમને પરત થવા પર ધ્યાન અપાવ્યું. નબી અકરમ ﷺના ફર્માનોનું નિરીક્ષણ કરવામાં આવે તો ઈબાદત, અહકામ અને મુઆમલાતના હુકમોમાં એક અને ત્રણની નિસ્બત નજર આવશે એટલે ઈબાદતોથી સબંધિત હુકમો ૧/૪ અને મુઆમલાતથી સંબંધિત હુકમો ૩/૪ મળશે. પરંતુ ફિકહની કિતાબોમાં મહત્વપૂર્ણ કિતાબ હિદાયાને જોઈ લેવામાં આવે કે તેની ચાર જાડા ભાગોમાંથી માત્ર એક ભાગ ઈબાદતના વિશે છે અને ત્રણ ભાગો મુઆમલાતના વિશે છે. એનાથી જ લેણદેણના વહેવારના ક્ષેત્રમાં મહત્વનું અનુમાન લગાડી શકાય છે. વેપારમાં અલ્લાહે બરકત રાખેલી છે અને કેમ ન હોય કે આ તેના મહબૂબની સુન્નત છે. *(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી–માસિક, મુંબઈ, જુલાઈ–૨૦૧૫)*

## પશ્ચિમ બંગાળના એક પંડિતનો ઈસ્લામ સ્વીકાર !

# મેં ઈસ્લામનો કેમ સ્વીકાર કર્યો ?!

(કાર્યાલય)

મારા બાપદાદાનું વતન પશ્ચિમ બંગાળનો મિદનાપુર જિલ્લો છે. ૨૫મી ઓકટોબર ઈ.સ. ૧૯૫૫ મારી જન્મ તારીખ છે. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળથી મેં બંગાળી ભાષામાં બી.એ. પાસ કર્યું. અને એના પછી સંસ્કૃત ભાષાની શ્રેષ્ઠતમ ડિગ્રી કાપિયા તિર્થ પ્રાપ્ત કરી.

ઈસ્લામના સ્વીકાર પહેલાં હું વિકાસનંદન બ્રહ્મચારી, જિલ્લા પશ્ચિમ બંગાળમાં શ્યામસુંદર આશ્રમ આધિન એક મઠમાં આશરે સાત વર્ષ સુધી "મહારાજ"ના પદ પર રહ્યો. મારા પિતાજી બર્દવાન સ્ટેટના રાજપુરોહિત હતા. એ સમયે તેમના મઠમાં બેથી અઢી હજાર શિષ્યો રહેતા હતા. જે તેમના પાસે વૈદિક ગ્રંથો અને હિંદુ ધર્મનું શિક્ષણ મેળવતા હતા. મઠ વાસ્તવમાં હિંદુ રાજા મહારાજાઓએ ભેટમાં આપેલી જમીનો અને જાગીરોની આવકથી પોતાના ધર્મના પ્રચારનું કામ કરે છે. સંસ્કૃત ભાષામાં કાપિયાતિર્થ જેવી શ્રેષ્ઠ ડિગ્રી પ્રાપ્ત કરીને હું વૈદિક ગ્રંથોનો પ્રચાર કરી હિંદુ ધર્મની સેવા કરી રહ્યા હતો. પરંતુ કોણ જાણતુ હતું કે અલ્લાહ તઆલા મને આ સંસ્કૃત ભાષા દ્વારા દીને ઈસ્લામની સેવાનું સૌભાગ્ય અર્પણ કરવાનો હતો જેનું પ્રગટિકરણ ૧૯૯૨માં ઈસ્લામ સ્વીકાર અને હિદાયતના રૂપમાં થયું અને હું વિકાસનંદન બ્રહ્મચારી મટી મુઅઝ્ઝમ હુસૈન બની ગયો.

એક ધાર્મિક મેળામાં હું મારા ધર્મના પુસ્તકો મફતમાં વહેંચણી કરી રહ્યો હતો, કે કોઈક મુસલમાને મને સવાલ કર્યો, "ભાઈસાબ ! શું આપના ગ્રથોમાં ઈસ્લામ ધર્મ અને અલ્લાહના અંતિમ નબી મુહમ્મદ (ﷺ) વિશે પણ વર્ણન આવ્યું છે ?! શું આ સંબંધમાં આપ અમારી કંઈ મદદ કરી શકો છો ?" મેં કહ્યું, "આ પ્રકારનું કોઈ વર્ણન આવ્યું નથી." આના જવાબમાં તે મુસલમાન મને સંસ્કૃત શ્લોકોના કેટલાય હવાલા આપ્યા. તે સમયે મારા અહમને ઠેસ લાગી કે હું સંસ્કૃતનો જાણકાર, વેદોનો પંડિત છું, પરંતુ એક મુસલમાન મારાથી વધારે પ્રાચિન ગ્રંથોના વિષયમાં જાણકાર છે ! હક્કતઆલાનો ફેંસલો થઈ ચૂક્યો હતો અને સત્યનું બીજ મારા હૃદયમાં ઘર કરી ચૂક્યું હતું. આથી મેં સત્યની ખોજ માટે સફર કરી હિંદુ ધર્મના પ્રાચીન પુસ્તકોને મેં વારંવાર દેખ્યા અને વિવિધ સ્થાનો પર જઈને વૈદોના વિષયમાં વધુ જાણકારી પ્રાપ્ત કરી. અંતમાં હું મારા પિતાના ગુરૂદેવ....કાપિયાર્તિની મુલાકાત માટે ગયો અને તેમને પૂછયું કે, "શું વેદો અને ગ્રંથોમાં ઈસ્લામ ધર્મ અને મુહમ્મદ ﷺના વિશે કંઈ લખેલું છે ?!" તેમણે કેટલાક સંકેતો અને બિંદુઓ તરત જ બતાવી દીધાં, પરંતુ સાથે જ મને ખરાબ રીતે ધમકાવી પણ દીધો, કે તમારે એ જાણીને શું કામ છે ? પૂજાપાઠમાં આ ચીજોની જરૂરત નથી પડતી, તમે આ બધું કેમ જાણવા માગો છો ?!

મને સત્યની ખોજ હતી, એટલે મેં મારી સફર ચાલુ રાખી. હું મસીહી મિશનરીમાં પણ ગયો, બુદ્ધમતના ધાર્મિક સ્થાનો પર પણ હાજરી આપી. પરંતુ મને ક્યાંય સંતોષદાયક જવાબો ન મળી શક્યા. આ બધા પ્રયત્નો દરમ્યાન એક દિવસ મારી મુલાકાત ખડકપુર પશ્ચિમ બંગાળના એક મુફતી સાથે થઈ ગઈ. મેં તેમને ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ વિશે સવાલો પૂછયા તો તેમણે મદ્રસામાં આવવાનું

આમંત્રણ આપ્યું. ત્યાં તેમને ઈસ્લામનું પાયાનું શિક્ષણ અને હઝરત મુહમ્મદ ﷺનું જીવનચરિત્ર વિસ્તારથી વર્ણન કર્યું. કુર્આન શરીફની વિવિધ આયતો સાંભળીને મારું હૃદય ઈસ્લામ માટે ઉઘડી ગયું. અહીં સુધી કે વધુ શોધખોળ પછી હું ૧૫ ઓગસ્ટ ૧૯૯૨ના રોજ મુફ્તી સાહબના હસ્તે જ કલમો પઢીને મુસલમાન બની ગયો.

આ એક હક઼ીક઼ત તે છે કે જે કોઈપણ સત્યને સાથ આપે છે, તો અસત્ય તેનો શત્રુ બનીને તેની સામે આવીને ઊભો થઈ જાય છે. ઈસ્લામ સ્વીકાર્યા પછી મારા માટે પણ મુસીબતોનો પહાડ ઉભો થઈ ગયો. મારું ખાનદાન, જમીન જાગીર અને બધું જ છોડવું પડયું. ઘરથી બેઘર થઈને ફક્ત શરીરનાં કપડાં સાથે ખાલી હાથે અને ખાલી ગજવા સહિત ચાર મહીના સુધી દર દરની ઠોકરો ખાધી અને વિવિધ કસોટીઓમાંથી પસાર થવું પડયું. અંતમાં મેં મુફ્તી સાહબના મદ્રસામાં નોકરી સ્વીકારી લીધી. એના પછી લખનૌનો સફર થયો જ્યાં કેટલાક આલિમો અને બુઝુર્ગોની દેખરેખ હેઠળ ચાર વર્ષ સુધી દા'વત અને તબ્લીગના મિશનમાં કામ કરવાનો અવસર મળ્યો. ત્યારબાદ એક હિંદી માસિક ''વિશ્વ એકતા સંદેશ''માં વૈદિક ગ્રંથના આધારે લેખો લખવાનો સિલસિલો ચાલુ કર્યો અને વૈદિક ગ્રંથના હવાલા સાથે તૌહીદ (એકેશ્વરવાદ), રિસાલત (ઈશદૂતત્વ) અને આખેરત (પરલોક) પર પ્રકાશ પાથરવાનું શરૂ કર્યું. અને સાથે જ એ બતાવવાનું શરૂ કર્યું કે શિર્ક અને મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે થઈ.

પિતાજીની ઉંમર ૯૨ વર્ષ અને માતાજીની ઉંમર ૯૦ વર્ષ હતી. અવસાનના થોડા વર્ષો પહેલાં એક દિવસ મેં તેમને એક અલ્લાહની ઈબાદતની દા'વત આપી. પિતાજી જે પોતે એક પુરોહિત હતા, એટલે મેં તેમને તેમની જ ભાષામાં સમજાવવાનું શરૂ કર્યું. વેદો અને ગ્રંથોના વિવિધ હવાલાઓ આપ્યા. મૃત્યુ પછીના જીવનની સ્થિતિનું વર્ણન કર્યું અને જન્નત, દોઝખનું સવિસ્તર વર્ણન કર્યું. મારા માતાજીએ કહ્યું, ''તમે બંને બાપ બેટા પરસ્પર ઈસ્લામ વિશે ચર્ચા કરો, હું તમારા બંનેની વાતો સાંભળ્યા પછી મારો નિર્ણય કરીશ. સવિસ્તાર ચર્ચા બાદ માતાજીએ કહ્યું કે તેમને તો ઈસ્લામ વિશે સંતુષ્ઠી થઈ ગઈ છે. આના પછી બંનેએ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. ત્યારબાદ તેઓ લગભગ બે વર્ષ જીવિત રહ્યાં. પરંતુ મારા બીજા ભાઈઓએ તેમને ઘરમાં જ નજરકેદ કરી દીધાં. મેં તેમને લાખ વિનંતિ, આજીજી અને કાલાવાલા કર્યા અને જણાવ્યું કે મારે કોઈ વિરાસત નથી જોઈતી, મને તો ફક્ત મારા મા બાપ આપી દો. પરંતુ તેઓએ મારી એક પણ ન માની. મારા મા બાપ મારા ભાઈઓ પાસે જ અવસાન પામ્યા. મૃત્યુ બાદ પણ મેં તેમને બહુ સમજાવ્યા કે તેમની મૈયતોને મને સોંપી દો જેથી હું તેમને ઈસ્લામી તોર તરીક઼ાથી કફન–દફન કરી શકું પરંતુ તેઓ જીદ પર અડી રહ્યા અને તેમને આગને ભેટ ચડાવી દીધાં અને હું સબ્રના ઘૂંટ પીને તેમના હક્ક઼માં મગફિરતની દુઆઓ કરતો રહ્યો.

વેદ લગભગ દસ કે અગ્યાર હજાર વર્ષો પહેલાંની કિતાબ છે પરંતુ વર્તમાન સ્વરૂપમાં તે લગભગ સાડા ત્રણ હજાર વર્ષ પહેલાંની છે. તેના પહેલાં તેને પુસ્તકનું રૂપ નહોતું આપવામાં આવ્યું. હિંદુ ધર્મશાસ્ત્રોમાં મનુઋષિની લખેલી એક કિતાબ ''મનુસ્મૃતિ'' અથવા ''જીવન વિધાન'' ગ્રંથ એક મશહૂર કિતાબ માનવામાં આવે છે જેમાં આ પ્રમાણે લખ્યું છે કે વૈદિક પદ્ધતિ પ્રમાણે કેવી રીતે જિંદગી ગુજારવામાં આવે. મેં મનુસ્મૃતિના અનેક સિદ્ધાંતોને ઈસ્લામી સિદ્ધાંતો અને નીતિ નિયમોથી ઘણા જ નજીક જોયા. એવી જ રીતે પુરાણમાં ''જલ પલ્વના મનુના'' શિર્ષકથી નૂહ عليه السلامની સાતમી પેઢીમાં કિશ્તીની સંપૂર્ણ ઘટનાનું સવિસ્તર વર્ણન કરવામાં આવેલ છે. કલ્કી પુરાણમાં ખાતિમુન્નબિય્યિન હઝરત મુહમ્મદ ﷺ વિશે વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. કલ્કી અવતાર કેવી રીતે પેદા થશે. આપના માતાજીનું નામ સુમતિ (જેનો અર્થ અમનવાલી) અર્થાત આમેના અને પિતાજીનું નામ વિષ્ણુભગત અર્થાત (માલિકની બંદગી

વધુ પેજ નં. ૨૯ પર

# રમઝાન તથા શવ્વાલમાં
## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

❑ **વાગરા** : ખાતે મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી,જંબુસર) થકી રમઝાન પૂરો તરાવીહમાં પઢાયેલ કુર્આનની તફસીર ફજર બાદ નૂરાની મસ્જિદમાં તેમજ અસર બાદ દર્સ થયો, બયાન તેમજ જુમ્આ મસ્જિદ વાગરા તથા **જુનેદ** : ખાતે પણ ઈજતેમા અઠવાડિયે બે કે ત્રણવાર કર્યા. **દયાદરા** ખાતે દર જુમ્આમાં તેમજ રવિવારે અસર બાદ હપ્તાવારી ઈજતેમામાં "તર્બિયતે ઔલાદ" તથા "ઈસ્લાહે મુઆશિરા" પર અસરકારક તર્બિયત ચાલે છે. મદ્રસા મઝાહેરુલ ઉલૂમ (દયાદરા) હોલમાં તા. ૯–૮–૨૦૧૫ રવિવાર ઝહોર બાદથી **બહેનો માટે દીની તર્બિયતી ઈજતેમા** યોજાયો જેમાં "ઔરતોંકી ઝિમ્મેદારિયાં" પર બયાન થયું. તેમજ મસ્જિદમાં રોજ અસર બાદ તફસીર મૌલાના તૌસીફ હલદરવી થકી અથવા દર્સ શબ્બીર અલી રઝવી થકી ચાલે છે. રમઝાનમાં દસ દિવસ માટેના એ'તેકાફમાં કુલ ૨૦ જણ હતા તેમની ઈમાન અક઼ીદા તથા અમલી સુધારણા માટેની તર્બિયત દરરોજ તરાવીહ બાદ શબ્બીર અલી રઝવી થકી કરવામાં આવી. તથા મસ્જિદે આઈશા–દયાદરા ખાતે હાફિઝ અફઝલ સરનારવી થકી દર્સ થતો હતો. અલ્હમ્દુલિલ્લાહ !

❑ **જંબુસર** : ખાતે મૌલાના ઈબ્રાહીમ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) થકી તલાવપુરા મદીના મસ્જિદ મસ્જિદ ખાતે નિયમિત ફજરની નમાઝ બાદ દર્સે કુર્આન, અસર બાદ દર્સ તથા મસાઈલ, તથા હઝરત ખદીજા, હઝરત ફાતિમા ઝહ્રા, હઝરત આઈશા તથા હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના વિસાલના દિવસો તથા જંગે બદર, શબે ક઼દ્ર વગેરે યાદગાર દિવસો પર બયાનો ઝિક્ર, દુઆના ઈજતેમા થયા. તેમજ અન્ય મસ્જિદોમાં તેમજ દર સોમવારે ઈજતેમાનું આયોજન અલગ અલગ ઠેકાણે થાય છે. "ફૈઝાને નૂરી ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર" (તવક્કલ સોસાયટી)નું મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહીની નિગરાનીમાં કન્સ્ટ્રક્શન ચાલુ છે તેમજ હાલ ત્યાં મકતબમાં હાફેઝ મુશ્તાક સાહબ તાલીમ આપે છે.

❑ **પાલેજ** : ખાતે મુબલ્લિગ ઈમરાનભાઈ થકી પારખેત, હિંગલ્લા, વલણ, કીયા, લુવારા, અસુરીયા, કાસદ, ઉરદ, ઉતરાજ વગેરે ગામોમાં કાફલા લઈ જવામાં આવ્યા તથા ઈજતેમા થયા.

❑ **ભરૂચ** : બાવડી સીદીમિયાં મસ્જિદમાં દર રવિવારે રમઝાનમાં બાકી દર જુમ્આના ઈશા બાદ ઈજતેમા, દર શનિવારે ચાર અલગ અલગ મસ્જિદમાં ઈજતેમા હાફેઝ અબ્દુર્રહીમ સાહબ, મોઈનભાઈ, શફીભાઈ, તારીકભાઈ, મૌલાના અબ્દુર્રઉફ થકી તેમજ દર જુમ્આમાં વિવિધ મસ્જિદોમાં બયાન, જુમ્આ મસ્જિદે હાફિઝ અબ્દુર્રહીમ થકી બયાન, "ફયઝાને રઝા ઈબાદતગાહ" પર નિયમિત અસર બાદ દર્સ તથા દર જુમ્આમાં બયાન ઉપરાંત "હજ્જ તર્બિયતી કેમ્પો" ભરૂચ, જંબુસર, ભાવનગર, વડોદરા–તાંદલજા, બોડેલી, હાડગુડ, ધોરાજી....વગેરે સ્થળોએ રાખવામાં આવ્યા. અંકલેશ્વર, કોસંબા, ખોજબલ, પીપળીયા વગેરેમાં ઈજતેમાં થતા રહે છે.

❑ **ધોરાજી** : ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી" થકી નાગાણીશાહ તકીયા મસ્જિદમાં હપ્તાવારી ઈજતેમા થાય છે તથા દીની કિતાબોનું પ્રકાશન થાય છે. તેમજ "મદ્રસા બરકાતે ઈમાન હુસૈન"નું સંચાલન થાય છે જેમાં હવે મદ્રસાએ બાલિગાં ૧૫, ઓગષ્ટથી શરૂ થશે. ઈન્શાઅલ્લાહ !

❑ **વડોદરા** : ખાતે હપ્તાવારી ઈજતેમા તથા દર્સ ભેંસવાડા મસ્જિદ ખાતે મુબલ્લિગો સુલ્તાન રઝા, ઉષ્માનગની વગેરે થકી થાય છે. વડોદરા શાખા થકી બાસ્કા ખાતે મદ્રસાનું બાંધકામ કરી મકતબ શરૂ થઈ ચૂક્યું છે.

**ભરૂચ** : (અલિફ પાર્ક)થી રફીકભાઈ રાણા તરફથી **"મુહમ્મદ કેય્યાન"** (S/o. રિયાઝ રાણા)ના જન્મની ખુશીમાં "બરકાતે ખ્વાજા"ને **Rs. 786/-** મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના મહબૂબે પાક ﷺના સદક઼ામાં નવાંગતુકને તથા કુટુંબીજનોને બંનેવ જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન)–*તંત્રી :*

# હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !


**એક હિસ્સાના**

**રૂા. ૨૨૦૦/-**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**

**ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા**

**મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬**

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| તારીક઼ભાઈ શેખ-ભરૂચ | મો. ૯૪૦૮૭૩૯૯૬૫ |
| મુઈનભાઈ શેખ-ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફ઼ેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| યૂસુફ઼ભાઈ શેઠ-દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફ઼ીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો." *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*


## સુન્ની દા'વતે ઈસ્લામી ભાવનગર શાખા સંચાલિત

**દારૂલ ઉલૂમ :** ★ દારૂલ ઉલૂમ કાદરીય્યાહ–અમીપરા

**મસ્જિદો :** ★ મસ્જિદે નૂરી, સ્નેહમિલન સોસાયટી ★ મસ્જિદએ ખદીજા, કુંભારવાડા ★ મસ્જિદે અહમદ રઝા, સાંઢીયાવાડ ★ મસ્જિદે ઉષ્માનગની, નવાપરા નવાપરા વિસ્તાર ★ મસ્જિદે મૌલા અલી, મોતી તળાવ

**ઈબાદતગાહ :** ★ ગુલશને રઝા ઈબાદતગાહ, સીદસર ૨૫ વારીયા પ્લોટ, સીદસર. ★ ભંડારીયા ઈબાદતગાહ, ભંડારીયા

**મદ્રસાઓ :** ★ મદ્રસએ ખદીજા, કુંભારવાડા ★ મદ્રસએ અરબીય્યાહ વલીય્યહ, આખલોલ ★ મદ્રસએ આ'લા હઝરત, સાંઢયાવાડ ★ મદ્રસએ ઈસ્લામીયાત, વડવા કાછીયાવાડ ★ મદ્રસએ સૈયદા ફાતેમા, જમનાકુંડ ★ મદ્રસએ એહમદ રઝા, શિશુ વિહાર રોડ, સાંઢીયાવાડ ★ મદ્રસએ ગરીબ નવાઝ, ખાટકીવાડ, વરતેજ ★ મદ્રસએ ગૌષિયા/ઈબાદતગાહ, શિહોર ★ ઈસ્લામીયત ઈન્સ્ટીટયુટ, જમનાકુંડ ★ મકતબે તયબાહ, આંબાચોક

**નોધ :** ઉપરોક્ત મસ્જિદોમાં ડેઈલી દર્સ ચાલે છે તથા ઘાંચીવાડ મસ્જિદે હપ્તાવારી ઈજતેમા થાય છે તેમજ ૧૭ મકતબોમાં ૩૪ ઉસ્તાદો કુલ–૨૨૦૦ તલબાને દીની તાલીમ આપે છે.

**ઈન્તેક઼ાલ પુરમલાલ** **બ્લેકબર્ન** : ખાતે "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" તથા "બરકાતે ખ્વાજા"ના ચાહક જનાબ ઈકબાલભાઈ માંચવાળાના નાનાભાઈ અબ્દુલ્લાહભાઈ તા. ૧૨–૮–૨૦૧૫, ૨૬ શવ્વાલ હિ.સ. ૧૪૩૬ બુધવારના રોજ લગભગ ૫૨ વરસની વયે થોડાક સમય બીમાર રહ્યા બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી :*

**સૂરતમાં "સુન્ની દા'વતે ઈસ્લામી"** : થકી હપ્તાવારી ઈજતેમા દર રવિવારના રોજ ઝમઝમ મસ્જિદ, ભેસ્તાન આવાસ, ખ્વાજા નગર, ચીમની ટેકરા, કમરૂ નગર, ભાટેના, જરાવાડ ટેકરા, ખાંડા કૂવા, નન્નેમિયાં મસ્જિદ. દર અઠવાડિયે એક દિવસ કાફલો સૂરતના વિવિધ વિસ્તારોમાં જાય છે. દર મહિને ચાર કાફલા, મુબલ્લિગો માટે એક દિવસનો કાફલો મહિનામાં એકવાર, બહેનો માટે દર અઠવાડિયે અલગ અલગ જગાએ ઈજતેમા, રમઝાનમાં મર્કઝ અકબર શહીદ પર તર્બિયતી ઈજતેમા રાતે ૧૧.૩૦થી સહરી સુધી ચાલેલો તેમાં નમાઝ, રોઝા, ઝકાત, કલેમાતે કુફ્રિયા વિશે, સદકાએ ફિત્ર, ઈદુલ ફિત્ર વગેરે વિષયે તર્બિયત કરવામાં આવી. હાલ તેહરીકનું દારુલ ઉલૂમ ગુલશને નૂરી ચાલે છે, નવી જગા ખરીદી છે જેમાં દીની દુનિયવી તા'લીમની બંનેવ વ્યવસ્થા થશે. ઈન્શાઅલ્લાહ !

**–રજૂકર્તા** : *હાફિઝ અમીન સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત)*

## હજ્જ સંબંધી ત્રણ કિતાબોનો સેટ (૧-પેકેટમાં)

**મા'મૂલાતે હરમૈન : ૧. હજ્જ શા માટે કરશો ?**
**૨. હજ્જ કેવી રીતે કરશો ? ૩. આદાબે મદીના**

**હદિયો : રૂા. ૧૦૦/–**

જેમાં એક હાજીએ જાણવા જેવી સર્વ વિગતો દર્શાવેલી છે અને હજ્જના અગત્યના તથા બારીક બારીક મસાઈલ પણ દર્શાવ્યા છે તેમજ મદીના પાકના આદાબ પણ વર્ણવ્યા છે જેને વાંચવા જરૂરી છે,

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**, મુા. **દયાદરા**, તા. જિ. ભરૂચ


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લક્ઝરી બસ દ્વારા**

**સ્પે. સિમલા, કુલુ મનાલી, મસૂરી પ્રવાસ**

**પ્રવાસના સ્થળો** : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, જયપુર, ફતેપુરસિક્રી, આગ્રા, સિમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, બરેલી, દેવાશરીફ, લખનૌ, દિલ્લી, અજમેર, મીરાંદાતાર પરત ધોળકા

**:: બસ ઉપડશે ::**
**તા ૧૧/૧૧/૨૦૧૫, બુધવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૬ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ)

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**LTC પ્રવાસ** | **Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)** | **LTC પ્રવાસ**

**નોંધ** : **૧.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવી શકાશે. **૨.** રૂા. ૧૫૦/– ગાઈડ ફી તથા યાત્રીવેરો વિગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૩.** મનાલીથી રોહતાંગ અને હરિદ્વારથી મસુરી સ્વખર્ચે જવાનું રહેશે. **૪.** રોહતાંગ અને મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૫.** તા. ૨૭–૧૧–૨૦૧૫ના રોજ સવારે ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૬.** એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે રૂા. ૭૫૦/– અલગથી ભરવાના રહેશે.